સરસ્વતી વિદ્યામંડળ

સ્થાપના : ૧૯૪૪

આપણા કૌટુંબિક જીવનની માવજત કરી
આપણાં સંસ્કૃતિ અને સંસ્કારને વ્યક્તિ ઘડતર દ્વારા
સમૃદ્ધ કરવાની ઝંખના સેવતું માસિક...

છૂટક કિંમત : રૂ. ૨૦/-● વાર્ષિક લવાજમઃ રૂ. ૧૫૦/-
PUBLICATION : 2ND DATE OF MONTH

# ઘરશાળા

વર્ષ : ૪૦ | સળંગ અંક : ૪૮૮ | અંક : ૯-૧૦ | નવેમ્બર-ડિસેમ્બર ૨૦૧૭




## મુ.શ્રી જશીબેન નાયકના ૧૦૦મા વર્ષના યશસ્વી પ્રવેશવર્ષ નિમિત્તે

# જન્મ-શતાબ્દી વંદના વિશેષાંક

# મુ. શ્રી જશીબહેન નાયક શતાબ્દી વંદના ઉજવણી અહેવાલ




તા. ૧૮-૧૧-૨૦૧૭ના રોજ ઘરશાળાના તંત્રી અને સરસ્વતી વિદ્યામંડળના વડીલ મુ.શ્રી જશીબહેન નાયકનો ૯૯મો જન્મદિવસ સરસ્વતી પરિવારે આનંદ અને ઉત્સાહપૂર્વક ઉજવ્યો. મુ.શ્રી જશીબહેન જીવનના ૯૯ વર્ષ પૂરા કરી ૧૦૦ વર્ષે પ્રવેશ કરે તે ઘટના સરસ્વતી વિદ્યામંડળ અને ઘરશાળા માસિકના પરિવાર માટે પણ એક યાદગાર પ્રસંગ છે.

જશીબહેન શતાબ્દી વંદના કાર્યક્રમમાં સરસ્વતી વિદ્યામંડળના ટ્રસ્ટી મંડળ, સંચાલન મંડળના સભ્યો, પૂર્વ આચાર્યો, શિક્ષકો, સારસ્વતો અને સમગ્ર સારસ્વત પરિવાર મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત સરસ્વતી સંગીતવૃંદ દ્વારા મંગલગીતથી શરૂ કરી હતી. સરસ્વતી વિદ્યામંડળના મંત્રી શ્રી જ્યોતીન્દ્રભાઈ દવેએ સૌને આવકાર આપી પ્રાસંગિક પ્રવચન કરતા જણાવ્યું કે આજનો દિવસ સરસ્વતી પરિવાર માટે અવિસ્મરણીય છે. મુ.શ્રી જશીબહેનની ૯૯ વર્ષની જીવનયાત્રામાં બાળકો અને શિક્ષણ જ કેન્દ્ર સ્થાને રહ્યા છે. તેમ જણાવી શુભેચ્છા અને વંદન પાઠવ્યા હતા.

સરસ્વતી વિદ્યામંડળના ટ્રસ્ટીઓ અને સંચાલન સમિતિ તરફથી શ્રી ઉપેન્દ્રભાઈ પટેલે તેમની લાક્ષણિક શૈલીમાં ગીત અને કવિતાથી શુભેચ્છા અને વંદન પાઠવ્યા હતા. આચાર્યો વતી અસારવા વિદ્યાલયના આચાર્યા શ્રી તૃપ્તીબહેન ત્રિવેદીએ શુભેચ્છા પાઠવી હતી. વિદ્યામંડળના શિક્ષકો વતી જે.એન. બાલિકા વિદ્યાલયના શિક્ષકશ્રી વનીતાબહેન વાછાણીએ શાબ્દિક વંદના કરી હતી. સરસ્વતી શાળાના પૂર્વ વિદ્યાર્થીઓનું સંગઠન સરસ્વતી નાગરિક સમાજ વતી પૂર્વ વિદ્યાર્થી અને બૅન્ક ઑફ ઈન્ડિયાના રીટાયર્ડ ડે. જનરલ મેનેજરશ્રી ગણેશભાઈ ચૌહાણે પ્રસંગોચિત પ્રવચન કરી મુ.શ્રી જશીબહેનને જન્મદિનની શુભેચ્છા પાઠવી હતી. પરિવાર વતી શ્રી પ્રશાંતભાઈ નાયકે મુ.શ્રી જશીબહેનને જન્મદિનની શુભેચ્છાઓ આપી હતી.

પરિવારની શુભેચ્છાઓ અને વંદનાનો પ્રતિભાવ આપતા મુ.શ્રી જશીબહેને વિદ્યામંડળની સ્થાપનાના દિવસોને યાદ કરી જણાવ્યું કે સંસ્થાના શરૂઆતના દિવસો મુશ્કેલીઓ અને સંઘર્ષના હતા. સંસ્થાના વિકાસમાં સરસપુરના અગ્રણીય નાગરિકો શ્રી વિમળભાઈ શાહ, શ્રી અમૃતભાઈ પટેલ, શ્રી નવનીતલાલ શેઠનો સમજપૂર્વકનો સહકાર મળ્યો હતો. સંસ્થાના વિકાસ અને વિસ્તારમાં પૂર્વ આચાર્યો, શિક્ષકો અને અન્ય કાર્યકરોના યોગદાને પણ મહત્ત્વનો ફાળો આપ્યો છે.

હાલના સંચાલન મંડળના સભ્યો, મંત્રી, સહમંત્રી અને આચાર્યો, સંસ્થાના વિકાસ માટે સક્રિય છે. તે અંગે મુ.શ્રી જશીબહેનને સંતોષની લાગણી વ્યક્ત કરી હતી. સરસ્વતી વિદ્યામંડળ આવનારા અનેક વર્ષો સુધી મૂલ્યોનું જતન કરે અને વિસ્તાર પામે તેવા આશીર્વચનો આપ્યા હતા. જન્મદિન ઉજવણી અને શતાબ્દી વર્ષના કાર્યક્રમોના આયોજન માટે શ્રી જશીબહેને આભારની લાગણી વ્યક્ત કરી હતી.

કાર્યક્રમના ભાગરૂપે સરસ્વતી શાળાઓએ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યો હતો. જેમાં ૧૨૫થી વધુ બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

કાર્યક્રમના અંતે સરસ્વતી વિદ્યામંડળના સહમંત્રીશ્રી સજુભા ઝાલાએ આભારવિધિ કરતા જણાવ્યું કે વંદના કાર્યક્રમના પ્રસાદ માટે એક શુભેચ્છકે રૂા. ૫૦,૦૦૦/-નું યોગદાન આપ્યું છે તથા ઘરશાળા સંપાદક મંડળના સભ્યશ્રી અમીતાબહેન પાલખીવાલાની પ્રેરણાથી પૂર્વ વિદ્યાર્થી શ્રી શ્રીપાલ પટેલ દ્વારા ઘરશાળાના ૧૦૦ વાર્ષિક લવાજમ માટે રૂા. ૧૫૦૦૦/-ની મદદ કરી છે. તે દાનવીરો પ્રતિ આભારની લાગણી વ્યક્ત કરી હતી.

કાર્યક્રમની તૈયારી અને આયોજનમાં રાત-દિવસ જોયા વગર યોગદાન આપવા માટે પૂર્વવિદ્યાર્થીઓ શ્રી દિલિપસિંહ સોલંકી, શ્રી કલ્પેશભાઈ પટેલ અને શ્રી મનીષભાઈ પટેલનો આભાર માનવામાં આવ્યો હતો.

# ઘરશાળા

**નવેમ્બર-ડિસેમ્બર - ૨૦૧૭**

**વર્ષ : ૪૦ સળંગ અંક : ૪૮૯**



સ્થાપક તંત્રીઓ : **હરભાઈ ત્રિવેદી**
**રઘુભાઈ નાયક**

તંત્રીઓ : **જશીબહેન નાયક**
**જ્યોતીન્દ્રભાઈ દવે**
**સજુભા ઝાલા**

પરામર્શ : **મૃદુલાબહેન ત્રિવેદી**
**અમીતાબહેન પાલખીવાલા**
**અશોકભાઈ સોમપુરા**
**હેતલબહેન શાસ્ત્રી**

લે-આઉટ - ડિઝાઈન : **મનીષ પટેલ**

**આ માસિકમાં પ્રગટ થતા અભિપ્રાયો સાથે તંત્રી મંડળની સહમતિ ના પણ હોઈ શકે. લેખ, લવાજમ, અંક ન મળવાની ફરિયાદ, કેળવણી વિષયક સમાચાર વગેરે કાર્યાલયના સરનામે મોકલવા વિનંતી છે. છપાનાર સામગ્રી પાછી મેળવવા જરૂરી પોસ્ટલ ટિકિટો મોકલવી.**

**શિક્ષણ-કેળવણી, બાળઉછેર, કૌટુંબિક જીવન, શિક્ષક-શિષ્યના સંબંધો, પ્રયોગાત્મક અહેવાલ, બાળ માનસશાસ્ત્ર આધારિત લેખો આવકાર્ય છે.**

**"ઘરશાળા" માસિકના એજન્ટ થવા ઈચ્છનારે કાર્યાલય સાથે પત્ર વ્યવહાર કરવો.**

**પત્ર વ્યવહારમાં ગ્રાહક નંબર અચૂક લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તુરંત જાણ કરવી.**


| **લવાજમ :** | **ભારત** | **પરદેશ** | |
|---|---|---|---|
| **વાર્ષિક :** | **૧૫૦/-** | **૪૦ $** | **૨૫ ¤** |
| **આજીવન** (૨૦ વર્ષ) | **૨,૦૦૦/-** | **૨૦૦ $** | **૧૦૦ ¤** |


**કાર્યાલય :**
**'ઘરશાળા' શૈક્ષણિક માસિક**
**સરસ્વતી વિદ્યામંડળ**
**ડો. રઘુભાઈ નાયક શિક્ષણ સંકુલ,**
**સરસપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૮.**
**ફોન : ૨૨૯૨૦૫૩૭, ૨૨૯૨૫૫૭૦**
Email : gharashala@saraswatividyamandal.org
website : saraswatividyamandal.org


## અનુક્રમ


| | |
|---|---|
| મારી શૈક્ષણિક વિભાવનાઓ | ડૉ. મોહનભાઈ પંચાલ / ૪ |
| સંપાદકીય | જ્યોતીન્દ્રભાઈ દવે / ૫ |
| મુ. જશીબહેન : એક અગ્રગણ્ય કેળવણીકાર | ડૉ.બી. એમ. દવે / ૬ |
| જશીબહેનનો યશદા એકરાર | ઈશ્વર પરમાર / ૮ |
| વ્હાલા જશીબા | મૃણાલ ઓઝા / ૧૦ |
| પ્રેરણામૂર્તિ મારા રોલ મોડેલ પૂ. જશીબહેનને શત્ શત્ વંદન | શ્રી ઊર્મિલાબહેન શાહ / ૧૧ |
| જશીબહેન નાયકને... | હંસાબેન દેસાઈ / ૧૨ |
| પરમ આદરણીય માતૃવત્સલ જશીબહેન | હેમેન્દ્રભાઈ ભટ્ટ / ૧૩ |
| શ્રીમતી જશીબહેન નાયક : શતાબ્દી વંદના | શ્રી ગુલાબભાઈ જાની<br>શ્રીમતી ઉષાબહેન જાની / ૧૪ |
| નિષ્ઠાવાન કેળવણીકાર | ધરમશીભાઈ શાહ / ૧૫ |
| એક નયા ઈતિહાસ રચે હમ... | ઉપેન્દ્ર પટેલ / ૧૬ |
| ૧૦૦ વર્ષની મારી 'મોટી'ને વંદન સહ | ઉષા પટેલ / ૧૭ |
| કાંઠા તોડતી વહેતી જિંદગી | પાલખીવાલા અમિતા મનુભાઈ / ૨૦ |
| મારા સ્વજન | શ્રી હેતલ શાસ્ત્રી / ૨૫ |
| મુ. શ્રી જશીબહેન નાયકને ૧૦૦ સલામ સાથે | અશોક સોમપુરા / ૨૬ |
| આપનો અતૂટ વિશ્વાસ બની અમારી તાકાત | કલ્પના દૂધિયા / ૨૮ |
| ધન્ય પળ | મધુરી દેસાઈ / ૨૯ |
| પ્રાતઃ સ્મરણીય શ્રીમતી જશીબહેન નાયક | નંદુભાઈ એમ. રાવલ / ૩૫ |
| અમારાં યુવાન દાદીમા મુ.શ્રી જશીબહેન | સજુભા ઝાલા / ૪૨ |
| મુ. શ્રી જશીબહેન સાથે મારો સંપર્ક | મૃદુલા ત્રિવેદી / ૪૪ |
| અમારા જશીબહેન | જ્યોતીન્દ્રભાઈ દવે / ૪૫ |
| મુ. શ્રી જશીબા, તમે અમારા પથદર્શક | દિપ્તીબેન ક્રિશ્ચિયન / ૪૬ |
| માતૃરૂપેણ | નિખિલ બક્ષી / ૪૭ |
| **LOVE BA** | **Prashant Nayak / 49** |
| **MY UNIQUE - BA** | **Ira Nayak Ghosh / 50** |
| **MY GRANDMOTHER** | **Sujata Ghosh Reinhardt / 51** |
| માતા પિતાની છત્રછાયા | માધુભાઈ પ્રજાપતિ / ૫૨ |
| ક્રાન્તદૃષ્ટા | સ્વાતિ એન. પંડ્યા / ૫૪ |
| મોટી માસી - સંસ્મરણો | પૂર્વી શુક્લા / ૫૫ |
| સંવેદનાની સરવાણી : શ્રી જશીબહેન | વનિતાબહેન જી. વાછાણી / ૫૬ |
| પુસ્તક પરિચય | |
| સ્મૃતિ ઝરણાં | આસોડિયા સ્મિતી / ૫૭ |
| સ્મૃતિનાં અસવાર | ડબગર સાક્ષી / ૫૮ |
| સ્મરણ પુષ્પ | વાઘેલા ખુશાલી / ૫૯ |
| કાળી વાદળી ઉજળી કોર | ઠક્કર દૃષ્ટિ / ૬૧ |

# મારી શૈક્ષણિક વિભાવનાઓ

**ડૉ. મોહનભાઈ પંચાલ**

મંથન, ૪૦, જનવિશ્રામ સોસાયટી, સહજાનંદ કૉલેજ પાછળ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.

## શિક્ષણસંક્રમણ આપો-આપ થાય છે

અધ્યયન-અધ્યાપન સમગ્ર કાર્યક્રમનું આયોજન, જો શિક્ષક, શિક્ષણસંક્રમણના સિદ્ધાંત પર કરે અને અધ્યાપન પદ્ધતિઓ પણ તેના સંદર્ભમાં પસંદ કરે તો સંક્રમણ એક આપોઆપ થતી પ્રક્રિયા બની જાય, એમાં શંકા નથી.

શિક્ષક વર્ગખંડમાં કે વર્ગ બહાર વિદ્યાર્થીઓને જે કોઈ શૈક્ષણિક અનુભવો પૂરા પાડે, તે સઘળા સંક્રમણની દિશામાં જ હોય, અને તે પાછળનું ધ્યેય પણ સંક્રમણ જ હોય તો, શિક્ષણસંક્રમણનું પ્રમાણ અને ગતિ બંને વધી જાય છે. એટલું જ નહિ, વિદ્યાર્થી પક્ષે અધ્યયનની ગુણવત્તા પણ વિશેષ હોય છે.

આમ કરવાથી જે બીજું સારું પરિણામ આવે છે, તે વિદ્યાર્થીની અભિરુચિ અને ઉત્સાહ દિનપ્રતિદિન વધવા પામે છે. અભ્યાસ ઉપરનું તેનું પ્રભુત્વ પણ વધે છે. જ્યારે શિક્ષક પક્ષે અધ્યાપનમાં અધિક સુગમતા આવે છે.

અધ્યયન-અધ્યાપનનો કાર્યક્રમ ઘડવામાં માસિક આયોજન અને દૈનિક સમયપત્રક બંને સંદર્ભમાં લેવાં ઘટે. ધોરણ આઠમાના કોઈ વિષયનો અભ્યાસક્રમ ગમે તે ક્રમમાં આપેલો હોય, શિક્ષકે તેમાં જરૂરી ફેરફાર કરવો ઘટે. આ ફેરફારનો ક્રમ સરળતાથી કઠિનતા તરફ હોવો જોઈએ. આમ, દરેક વિષયનો પાઠ્યક્રમ અન્ય વિષયોના સંદર્ભમાં પુનઃ ગોઠવવો ઘટે. દા.ત. ગણિતમાં સૌ પ્રથમ વર્ગમૂળ હોય તો, તેની પાછળ ભૂમિતિમાં ક્ષેત્રફળનો મુદ્દો મૂકવો જોઈએ. તેવી જ રીતે ઈતિહાસ, ભૂગોળ, વગેરે વિષયોમાં પણ પાઠ્યક્રમના મુદ્દાઓ આગળ-પાછળ મૂકી દેવા ઘટે, જેથી એક વિષયમાં મેળવેલ જ્ઞાન, તાલીમ કે કૌશલ્યનું સંક્રમણ બીજા વિષયો શીખવા-શીખવવામાં સરળતા અને સફળતા મળે.

# સંપાદકીય

**જ્યોતીન્દ્રભાઈ દવે**



## મુ. શ્રી જશીબહેનના જન્મદિને...

ઘરશાળાના તંત્રી અને સરસ્વતી વિદ્યામંડળના પ્રમુખ મુ. શ્રી. જશીબહેન ૯૯ વર્ષ પૂરાં કરી ૧૦૦માં વર્ષમાં પ્રવેશ કરે છે. "ઘરશાળા" પરિવાર માટે આનંદનો અવસર છે.

૯૯ વર્ષની જીવનયાત્રામાં ૭૫ વર્ષ સક્રિય રીતે એક યા બીજા સ્વરૂપે "ઘરશાળા" સાથે જોડાયેલા રહ્યા છે. મુ. શ્રી હરભાઈનો શૈક્ષણિક તેમજ સાહિત્યિક વારસો મુ. શ્રી જશીબહેને જાળવી રાખ્યો છે. હરભાઈના વિચાર આંદોલનોને સક્રિય રાખવાની અને વિસ્તારવાની મથામણ તેમણે આજીવન કરી છે.

જન્મે શિક્ષક હોવાથી સંવેદનશીલ સ્વભાવને કારણે વિદ્યાર્થીના પ્રશ્નોને સમજવાની અને તેના ઉકેલની આગવી સૂઝ તેમના લખાણમાં "ઘરશાળા"ના વાચકોએ અનુભવી છે. વાલી સાથેના સંબંધોમાં માનવીય અભિગમને કારણે જશીબહેન સરળતાથી વાલી સાથે સંવાદ સ્થાપી શક્યા છે.

૯૯ વર્ષે પણ તેમનો દરેક દિવસ "નિત્ય નૂતન પર્વ" હોય છે. નવા વિચારોને સમજ્યા અને સ્વીકારવાનું ખુલ્લાપણું આજે પણ તેમના વ્યક્તિત્વમાં છે, માટે જ "ઘરશાળા" તેની આગવી ઓળખ શિક્ષણ જગતમાં કાયમ કરી શક્યું છે.

માનવીય સંબંધોની સાથે સાથે વ્યક્તિ - વ્યક્તિ વચ્ચેના સંબંધો (Inter Personal Relation) કેળવવાની આગવી સૂઝ તેમનામાં છે. નાના નાના જૂથો સાથે મિટિંગ કરવી, ચર્ચા કરવી, સૌના વિચારો જાણવા, સર્વેને નજીક લાવવા. અવાર-નવાર અનૌપચારિક વાતાવરણ સંસ્થામાં ઊભું કરવું આ એમનું સ્વભાવગત લક્ષણ છે. 'હમ સબ સાથ ખાયે સાથ બૈઠે'એ એમનો જીવનમંત્ર છે અને તેથી જ સરસ્વતી પરિવાર મજબૂત સ્નેહગાંઠથી બંધાયેલો રહ્યો છે.

આવા મુ.શ્રી જશીબહેનને "ઘરશાળા" સંપાદક મંડળ, લેખકો, વાચકો અને શુભેચ્છકો તેમના ૧૦૦માં વર્ષના પ્રવેશને ઉત્સાહભેર વધાવે છે. જન્મદિનના કોટિ કોટિ વંદન પાઠવે છે.

# મુ. જશીબહેન : એક અગ્રગણ્ય કેળવણીકાર

**ડૉ.બી. એમ. દવે**

પૂર્વ સહ નિયામક, ગુજરાત રાજ્ય શાળા, પાઠ્યપુસ્તક મંડળ

સરસ્વતી વિદ્યામંડળની અનેકવિધ પ્રવૃતિઓને લગતા કાર્યક્રમોમાં પાઠ્યપુસ્તક મંડળમાં હું કાર્યરત હતો. ત્યારે વારંવાર જવાનું થતું. તે પ્રસંગે મુ. જશીબહેનને મળવાનું થતું. તેમના મિલનસાર સ્વભાવને કારણે તેઓ હંમેશાં આમંત્રિતોને રૂબરૂ મળતાં અને શાળાની પ્રવૃતિઓ અંગે વાતચીત કરતા. આમ સરસ્વતી વિદ્યામંડળ તથા મુ. જશીબહેનનો ઔપચારિક પરિચય તો થયો હતો.

પરંતુ પાઠ્યપુસ્તક મંડળમાંથી નિવૃત થયા પછી પ્રો. આર. એસ. ત્રીવેદી સાહેબ સાથે મુ. જશીબહેનને મળવાનું થયું. ઘરમાં દાખલ થતાં જ, બહાર ઓટલા પર ઝૂલા પર મંદગતિએ ઝૂલતાં મુ. જશીબહેન અને મુ. રઘુભાઈને જોઈને અત્યંત આનંદ થયો. મુ. જશીબહેને અમને ભાવભીનો આવકાર આપ્યો અને મુ. રઘુભાઈ સાથે મારો પરિચય કરાવ્યો. અમે ઝૂલાની સામે જ ખુરશી પર બેઠા અને શિક્ષણજગતની વાતોની શરૂઆત થઈ. મુ. જશીબહેને હાલના કેટલાક શૈક્ષણિક પ્રશ્નોની ચર્ચા કરતાં કરતાં, આવા પ્રશ્નોના હલ માટે શ્રી હરભાઈએ કરેલા શૈક્ષણિક પ્રયોગો અને તે અંગેના ''ઘરશાળા''માં છપાયેલાં એમના લેખો તથા પ્રકાશનોનો ઉલ્લેખ કર્યો. ચર્ચાનું સમાપન કરતાં તેમણે આ બધાં પ્રકાશનો શાળાના શિક્ષકોને હાથવગાં થાય તો તે ઉપયોગી થાય તેવો નિર્દેશ કર્યો. આ અંગે આપણે શું કરી શકીએ તે બાબતે ફરી મળવાનું નક્કી થયું. આમ, આ પ્રથમ મુલાકાતમાં જ મુ. જશીબહેને ધાર્યું નિશાન તાકી એક નવા પ્રોજેક્ટનો પાયો નાખ્યો. આ એમની કાર્યકુશળતા.

આ પછીની મુલાકાત દરમ્યાન મુ. જશીબહેનની સાથે ચર્ચા દરમ્યાન એવો અહેસાસ થયો કે શ્રી હરભાઈના 'ઘરશાળા' માસિકમાં લખાયેલા લેખો અને તેને આવરી લેતાં વિવિધ પ્રકાશનોનો હજી શિક્ષણ જગતમાં પૂરતા પ્રમાણમાં પ્રસાર થયો નથી, તે અંગે શું કરી શકાય. આ બાબતની ચર્ચા વિચારણા કરતાં, આ પ્રકાશનોનું પુનઃમુદ્રણ કરવાનું કાર્ય ગૂર્જર પ્રકાશનને સુપરત કરવાનું મેં સૂચન કર્યું. મુ. જશીબહેન અને સરસ્વતી વિદ્યામંડળ તરફથી તેનો સ્વીકાર કરાતાં, હવે પછીની મિટિંગમાં ગૂર્જર પ્રકાશનના કર્તાહર્તા શ્રી મનુભાઈ શાહને આમંત્રણ આપવાનું નક્કી થયું. તે મિટિંગ સમયે મુ. જશીબહેને શ્રી હરભાઈનાં વિવિધ પ્રકાશનોના સેટ ગોઠવીને રાખેલાં ! તેમના આવા સુંદર આયોજનને કારણે પ્રકાશનો (પુસ્તિકાઓ) જોઈ, તે અંગે નિર્ણય કરવાનું સરળ બન્યું. મનુભાઈએ પણ શ્રી હરભાઈનાં પ્રકાશનોના બહોળા પ્રચાર પ્રસાર માટે તેનું પુનઃમુદ્રણ કરવાનું સ્વીકાર્યું. મંડળમાંથી નિવૃત્ત થયા પછી ગૂર્જરમાં મારી સંયોજક તથા સંપાદક તરીકેની કામગીરીને ધ્યાનમાં લઈ આ બધાં પ્રકાશનોના પુનઃમુદ્રણનું આયોજન કરવાની કામગીરી મને સુપરત કરવામાં આવી.

હવે પ્રકાશન અંગેની કાર્યવાહીને આખરી ઓપ આપવા મુ. જશીબહેન, શ્રી જ્યોતીન્દ્રભાઈ, સરસ્વતી મંડળના અન્ય સભ્યો હું અને શ્રી મનુભાઈ મળ્યાં ત્યારે શ્રી હરભાઈનાં, નાનાં-નાનાં પ્રકાશનો જોતાં બધાં એ નિર્ણય પર આવ્યાં કે આ પુસ્તિકાઓને અલગ અલગ છાપવા કરતાં બે વિભાગમાં સંચય કરી ગ્રંથ સ્વરૂપે છાપવાનો અને પરિણામ સ્વરૂપે ૨૦૦૪ની સાલમાં શ્રી હરભાઈનાં બે ગ્રંથ 'શિક્ષણ વિચાર' અને 'શિક્ષણ પ્રયોગ' નામથી પ્રસિદ્ધ થયા. તેને શિક્ષણ જગતમાં સારો આવકાર મળતાં ટૂંક સમયમાં જ તેની બીજી

આવૃત્તિ પ્રસિદ્ધ થઈ.દરમિયાનમાં જરૂરિયાત મુજબ શ્રી હરભાઈના અન્ય કેટલાંક પ્રકાશનો-જીવનલક્ષી શિક્ષણ, કોલમ પત્રક કોઈએ નહોતું કહ્યું પણ પ્રસિદ્ધ થયાં. આમ મુ. જશીબહેનનું 'ઘરશાળા'નાં પ્રકાશનોના પ્રચાર-પ્રસારને વેગ આપવાના અનોખા વિચારને મૂર્ત સ્વરૂપ આપી શકાયું. આ તેમની દીર્ઘદૃષ્ટિનું પરિણામ છે.

મુ. જશીબહેનને પ્રકાશનની ચર્ચા અંગે વારંવાર મળવાનું થતું. જ્યારે પણ થોડા સમય માટે પણ પરદેશથી આવે કે તરત જ ફોનની ઘંટડી રણકે, કહે : 'બચુભાઈ હવે ક્યારે મળીશું ? પ્રકાશનનું કામ કેમ ચાલે છે ? અમે બધાં એમના ઘેર, સાથે મળી કાર્યની પ્રગતિ અંગે ચર્ચા કરતાં તેઓ પ્રકાશન અંગે પોતાનાં સૂચનો પણ આપતાં. હજી કેટલાં પુસ્તકોનું પુનઃમુદ્રણ કરવાનું બાકી રહે છે તેની યાદી રજૂ કરતાં. 'પુસ્તકનું ટાઈટલ શું રાખવું તે પણ તેમણે હંમેશાં વિચારેલું હોય ! તેમના માર્ગદર્શન અને ધગશને કારણે અત્યાર સુધીમાં શ્રી હરભાઈનાં કુલ બારેક જેટલાં પ્રકાશનોનું પુનઃમુદ્રણ થયું છે.

સરસ્વતી વિદ્યામંડળનાં બે મુખ્ય કાર્યક્ષેત્ર (૧) ઘરશાળા અને એના પ્રકાશનો (૨) સરસ્વતી વિદ્યામંડળની વિવિધ સંસ્થાઓ.

શ્રી જશીબહેન અને શ્રી રઘુભાઈએ ખભેખભા મેળવીને અનેક પ્રેરક શિક્ષણ સંસ્થાઓ વિકસાવી છે. અમદાવાદના પછાત એવા પૂર્વ વિસ્તારમાં જ્ઞાનનો દીવો પ્રગટાવવાના શ્રી રઘુભાઈના સંકલ્પને સાકાર કરવા માટે મુ. જશીબહેને પોતાના સમગ્ર જીવનને સીંચી દીધું. જ્ઞાનની જ્યોત પ્રગટાવવામાં મુ. શ્રી જશીબહેનનો ફાળો નાનોસૂનો નથી.

તેઓના મનમાં માત્ર પુસ્તકીય અભ્યાસ જ મેળવીને સંતોષ પામે એવું નહીં, પણ એ સાથે બાળકોનું યોગ્ય ઘડતર થાય અને એ દેશના સમાજના ઉત્તમ નાગરિક બને એ વિચાર સતત જાગૃત રહેતો અને શાળાઓમાં વિવિધ શૈક્ષણિક પ્રયોગો અમલમાં મૂકતાં.

મુ. જશીબહેન ગુજરાતના અગ્રગણ્ય કેળવણીકાર શ્રી હરભાઈના પુત્રી અને એક અનોખા કેળવણી વ્યવસ્થાપક શ્રી રઘુભાઈ નાયકના સહધર્મચારિણી. આ બંને મહાનુભાવોના સંસ્કાર અને સદ્ગુણો મુ. જશીબહેનમાં જોવા મળે છે. તેમણે 'સ્મરણયાત્રા'માં પોતાનો પરિચય આપતાં જણાવ્યું છે કે 'હરભાઈના વિચારો અને રઘુભાઈની કાર્યકુશળતાનો સમન્વય કરવાનાં મારા પ્રયત્નો છે' સામે આવેલા સંજોગો પોતાની રીતે સમજવા પ્રયત્ન કરવો અને પછી તેનો પ્રતિભાવ આપવો એ તેમનો નોંધપાત્ર ગુણ હતો.

મુ. જશીબહેનને એક કેળવણીકાર તરીકે આપણે સૌ ઓળખીએ છીએ પણ તેઓએ સાહિત્યક્ષેત્રે પણ અનોખું પ્રદાન કર્યું છે. તેમનું પ્રથમ પુસ્તક 'કાળી વાદળી ઊજળી કોર' પ્રસિદ્ધ થયું. તેમાં તેમણે સરસપુર જેવા ગરીબ વિસ્તારમાં આવેલી સરસ્વતી વિદ્યાલય બંધ થવાના સંજોગોમાં તેનું સંચાલન સંભાળી લઈ તેનું પુનઃરુત્થાન કઈ રીતે કર્યું તેની સવિસ્તાર રજૂઆત કરી છે. તેમનો બીજો ગ્રંથ 'સ્મરણયાત્રા' એ તેમની આત્મકથા છે. આ પુસ્તિકા ખરેખર એમના જીવનની કથા નથી પણ તે સરસ્વતી વિદ્યામંડળની વિકાસગાથાનો ઈતિહાસ છે. તેમનું ત્રીજું પુસ્તક છે 'સ્મરણપુષ્પ' જેમાં તેમણે પોતાના વિદ્યાર્થી જીવનના મૂલ્યવાન અનુભવો રજૂ કર્યા છે. તેમનું ચોથું પુસ્તક 'સ્મૃતિઝરણાં' આ પુસ્તકમાં તેમણે તેમની શિક્ષણક્ષેત્રની અવિરત યાત્રા દરમિયાન થયેલા વિવિધ અનુભવો અને સૂક્ષ્મ અવલોકનોનો નિચોડ રજૂ કર્યો છે. મુ. શ્રી. જશીબહેને આ તમામ પુસ્તકોની સરળ ભાષામાં માર્મિક રજૂઆત કરી છે. તેમની શૈલી પણ રસમય હોઈ વાચકને જકડી રાખે છે, તેમનાં આ સર્જનો વાચકવર્ગને સામાજિક તથા શૈક્ષણિક બાબતોને લગતું ભાથું પૂરું પાડે છે. આમ મુ. જશીબહેન શૈક્ષણિક સાહિત્યકાર તરીકે અનોખું સ્થાન પ્રાપ્ત કર્યું છે.

મુ. શ્રી જશીબહેન આ માસમાં શતાબ્દી વર્ષમાં પ્રવેશ કરે છે ત્યારે તેઓ સર્વ રીતે સફળ, આરોગ્યમય, સુખમય દીર્ઘ આયુષ્ય ભોગવે અને શિક્ષણક્ષેત્રે તેમનો કિંમતી ફાળો વર્ષો સુધી અવિરત મળતો રહે તેવી શુભેચ્છા પાઠવું છું.

# જશીબહેનનો યશદા એકરાર

ઈશ્વર પરમાર
'મોરપીંછ', સિધ્ધનાથ સામે, દ્વારકા-૩૬૧૩૩૫. મો. ૯૪૨૭૨૮૪૭૪૨

(સ્વજનને પોતાની આપવીતી કહેવી કે વંચાવવી તે સહજ અને સરળ છે. આમ વ્યક્ત થઈને જે તે વ્યક્તિને તો હળવાશ થાય જ અને સામી વ્યક્તિ પણ તે પામીને ધન્ય આત્મીયતા અનુભવતી જ હશે ને ? આપવીતી કહેનાર ક્યારેક જીવનની કોઈ ઘટના અંગે એકરાર કરે તેવું પણ બને. એકરાર કરવો એટલે કબૂલ કરવું, સમંત થવું. આમ કરી શકવા માટે જે તે વ્યક્તિમાં સચ્ચાઈ, નિખાલસતા અને પ્રમાણિકતાનો ગુણ હોવો અનિવાર્ય છે. આ ત્રણેય ગુણ જેમનાં આચરણમાં વણાઈ ગયા હોય તે જ સજ્જન કે સન્નારી કશાય ખચકાટ વગર કોઈ બાબતે એકરાર કરી શકે. પોતાના અંગે એકરાર કરનાર પોતાની છલોછલ યશરાશિમાં તેથી થનારા ઘટાડા અંગે ચિંતા કરતા હોતા નથી, જોકે વાસ્તવમાં તો એકરાર કરવાથી યશવૃદ્ધિ જ થતી હોય છે ! ... આવી એકરાર કરી શકવાની પ્રબળ નૈતિકતા ધરાવતાં જશીબહેન રઘુભાઈ નાયક (જ. ૧૯૧૮) નો આ ગુણ નોંધપાત્ર અને પ્રેરક ગણાય)

જશીબહેન ગુજરાતના એક મહાન કેળવણીકાર હરભાઈ ત્રિવેદીનાં પુત્રી. તેઓ સંતાનોના મુક્ત ઉછેરમાં માને અને તેના વર્તન-વિવેકમાં પૂરતો વિશ્વાસ પણ રાખે. આથી જ -

કિશોરી જશીબહેન ઘરમાં પોતાના ભાગનું દૂધ મલેરિયાના દર્દીને માટે ફાળવી શક્યાં, દેશઘેલી વાનરસેનાના સરઘસમાં ગાજી-ગરજી શક્યાં. ભાઈનો લેંઘો અને બાંડિયું પહેરીને ગામમાં સાઈકલ ફેરવી શક્યાં ને ભણીને છેવટે ભાવનગર ખાતેની સંસ્થા 'ઘરશાળા'માં શિક્ષિકા થઈ શક્યાં અને આચાર્યપદે નિમાયેલ આચાર્ય રઘુભાઈ નાયક સાથે સંસાર પણ માંડી શક્યાં !

- જશીબહેનના શતાયુને આંબતા જીવનરાહમાં હરભાઈના મુક્ત ઉછેરે ક્યારેય તેમના આચાર-વિચારમાં વિકાર કે વિકૃતિને કોઈ અવકાશ રહેવા દીધો નથી !

રઘુભાઈને જીવન-નાયક તરીકે અપનાવ્યા પછી જશીબહેનના ખોળે પ્રથમ પુત્ર પ્રશાંત ઉછરવા માંડ્યો. માસુમ બાળકના માથે હાથ ફેરવતાં ફેરવતાં માતા જશીબહેન તેના ભાવિને સઘળી બાબતે સમૃદ્ધિથી સજાવવાને કેવાં કેવાં શમણા સેવતાં હશે ! એ શમણાને આકાર દેવાનો સમય પાકે તે પહેલાં -

એક સાંજે ઘરશાળા (ભાવનગર)થી ઘેર આવેલા રઘુભાઈએ ચા પીતાં પીતાં જશીબહેનને કહ્યું, " કાલે આપણે અમદાવાદ જઈએ છીએ.

પણ કેમ ? તમે તો હમણાં જ જઈ આવ્યા ને ? ફરી પાછું શા માટે જવું છે ?"

"આ વખતે બંનેએ સાથે જવાનું છે. ચાલો તો ખરા. દર વખતે કંઈ એકલા જવાય ?"

બીજે દિવસે નાનકડા પુત્ર પ્રશાંતને લઈને બંને અમદાવાદ ગયા. કાળુપુર રેલવે સ્ટેશનની પાછળનાં ભાગમાં અમદાવાદના પૂર્વ વિસ્તાર તરફ ગયા. ધખતી બપોરે એકસો વરસ જૂની મિલની કંપાઉન્ડમાં ઊભા રહ્યા. ચારે તરફ ગંદકી ફેલાયેલી હતી. જશીબહેને પુત્ર પ્રશાંતને સખત ગરમીથી બચાવવા સાડીનો છેડો ઓઢાડ્યો.

મિલ-કમ્પાઉન્ડના જૂના ગોડાઉનમાં ઓરડાઓની સામેના ભાગમાં આવેલા ઓરડા તરફ આંગળી ચીંધીને રઘુભાઈએ કહ્યું, આ શાળા બરાબર ચાલતી ન હોવાથી કેળવણી ખાતું તે બંધ કરવા વિચારી રહ્યું છે.

શાળાના મકાનની બેડોળ દીવાલો બપોરના સમયે વધુ બિકાળવી લાગતી હતી. જશીબહેન સ્તબ્ધ થઈ ગયાં હતાં. થાડીવાર પછી કહે, ''આવી શાળા બંધ કરવા સરકાર કહે તે સ્વાભાવિક છે.

આપણે આ બંધ થતી શાળાને સંભાળી લઈએ તો ? આપણે અહીંના ગરીબ બાળકોનું ભાવિ ઉજળું કરીએ તો કેવું સારું !

સ્વસ્થ રઘુભાઈને અસ્વસ્થ જશીબહેન કશો પ્રતિભાવ આપી ન શક્યાં. બીજે દિવસે અમદાવાદથી ભાવનગર તરફ જતી આગગાડીમાં પેલી વાત આગળ ચલાવી, '' આપણે જે શાળા જોઈ એ સરસપુર જેવા લત્તામાં કોઈ ભાગ્યેજ કામ કરવા આવેઃ એટલે મારા મનમાં વિચાર આવે છે કે આપણે એનું સંચાલન હાથમાં લઈએ.... આવા નિર્ણય પર આવતાં પહેલાં આ બધું જોવા માટે તમને હું સરસપુર લઈ ગયો હતો.''

જશીબહેન મનોમંથનમાં પડ્યાં : ભાવનગર-ઘરશાળામાં કામ કરવું હવે કેટલું સરળ થતું આવ્યું છે. સુખી અને સંપન્ન પરિવારનાં બાળકોને આગળ લાવવાનું સરળ પડે છે. ઘરશાળાનું આચાર્યપદ પ્રતિષ્ઠા આપનારું છે. પિયરની હૂંફ ...અમદાવાદ જઈએ તો નાનાઈને - હરભાઈને ખેદ ન થાય ? પુત્ર પ્રશાંતને નાનીમાની હૂંફ નહીં મળે ?

બોલાઈ જવાયું : ''દાદીમાની છાયા આ દીકરાને નહીં મળે ?''

મને લાગે છે કે તમને ગરીબાઈવાળા સરસપુર જેવા લત્તામાં કામ કરવું ઘણું અઘરું લાગે છે ખરું ? તમને એમ લાગે છે પ્રશાંતને દાદીમાની મીઠી છાયા નહીં મળે ? અહીં તો એક દાદી હોવા છતાં દાદીમાના પ્રેમથી કેટલાયે પ્રશાંતો વસે છે જે અકાળે કામે લાગી જાય છે. એમને આપણે આપણી છાયા ન આપી શકીએ ? તમે હિંમત કરો. કામ મુશ્કેલ જરૂર છે પણ આપણી બંનેની હિંમત સાથે હોય તો દરેક મુશ્કેલી સહેલી બની જશે.

પણ મને તો આ લત્તામાં કામ કરવું મુશ્કેલ લાગે છે.

'' તો શું તમને આ લત્તામાં કામ કરવું નહીં જ ગમે ?''

''શિક્ષણનું કામ તો મને ગમે છે. એ ક્ષેત્રમાં જ મારે કામ કરવું છે પણ ...''

''પણ આ લત્તામાં તમને શિક્ષણનું કામ નથી ગમતું એમ ને ? ...શિક્ષણ માટે લત્તો ન જોવાય. લત્તો જોઈને શિક્ષણ અપાય, મારા અંતરની ઈચ્છા તો અહીં જ કામ કરવાની છે.''

''પરંતુ આવી બંધ પડતી શાળાને રસ્તા પર લાવવાને બદલે બીજી નવી શાળા શરૂ કરીએ તો ?''

''બગડેલું હોય એને ફેંકી દેવું બહુ સહેલું છે પણ એને સાજું કરીને જીવનદાન આપવું અઘરું છે... મને તો વિદેશમાં કેળવણીની સરસ સંસ્થાઓમાં નોકરી મળતી હતી. હું ગામડાનો. સમાજના જે ઘરમાંથી હું આવ્યો છું એવા સમાજનું ઋણ અદા કરવું એ મારી ફરજ છે,''

જશીબહેનને તે સમયમાં દમની તકલીફ હતી. સરસપુરના પ્રદૂષિત વાતાવરણમાં તે તકલીફ વધે જ વધે. આથી એમણે કહ્યું,'' ડર છે કે મને ત્યાં મારો દમ વધી જશે.

''જ્યાં સેંકડો નહીં, હજારો માનવીઓ રોગ જ રોગ નોતરી રહ્યા છે તેઓની વચ્ચે પડીને તેમની સેવા કરતાં કરતાં આપણે પણ રોગના ભોગ બની જઈએ તો સમજવું કે આપણને પ્રભુનાં દર્શન થયાં છે.''

જશીબહેનના આંતરજગતમાં ફરી મંથન, અંગત જીવનને સુખી બનાવવા મથવું એ તો નર્યો સ્વાર્થ ! રઘુભાઈની લાગણી સમજતાં મને આટલી વાર કેમ લાગી ? ... આવું સમજવાની સાથે જશીબહેનનું મન સ્પષ્ટ અને હળવુંફૂલ થવા માંડ્યું. એમના અંતરે એકરાર કરવાનો

નિશ્ચય કર્યો.

આ પછી ખોળામાં સૂતેલાં પ્રશાંતને લઈને રઘુભાઈ તરફ સરકતાં જશીબહેને કહ્યું, " તમારા વિચારોને હું સમજી શકી છું. તમારી જીવનસાથી છું. આ મિશનમાં હું કાયમ તમારી સાથે જ છું, પુત્ર પ્રશાંતની સાક્ષીએ હું વચન આપું છું. સરસપુરનાં બાળકોને હું મારા બાળકો માનીશ..."

એમ કહીને જશીબહેન અને તે સાંભળીને રઘુભાઈ - બંને - હસી પડ્યાં ! બસ, ત્યારથી રઘુભાઈની જીવનભાવના અને કાર્ય જશીબહેનનાં થઈ ગયાં તેની તેમને ખબર જ ન રહી અને બંને બની રહ્યાં , મા સરસ્વતીને ચરણે મઘમઘતાં બે ફૂલ ! ... અને આ બંને ફૂલનેય ખબર ન રહી કે ક્યારથી તેમની સાથે મઘમઘતું થઈ રહ્યું ત્રીજું એક ફૂલ : નામે વિઠ્ઠલભાઈ ઓઝા ! અને પછી તો એક પછી એક સુગંધ વેરતાં ફૂલો પોતપોતાની રંગછાટ સાથે મા સરસ્વતીનાં દરબારમાં યથાસ્થાને ગોઠવાતાં રહ્યાં...

આ ફૂલો કંઈ સુંદર ફૂલદાનીમાં હસ્સાભેર શોભા-શણગાર માટે વિધિએ સર્જ્યા નહોતા, એ બધાએ તો આર્થિક આંધી અને અનેક વિવાદી વંટોળિયાઓને નાથવાની સાથે સરસ્વતી મંદિરમાં સુગંધ વહાવતા રહેવાની હતી. આ સરસ્વતી વિદ્યાસંકુલ તો એક પછી એક વિઘ્નોને વટાવતું વટાવતું કેટલાક યાદગાર ઉત્સવો માણતું આજે પણ વિકસી રહ્યું છે ...

આ વિકાસવૃક્ષનું વિચારબીજ વાવનાર અને તેને ઉછેરનાર રઘુભાઈને જે આધાર અનિવાર્ય લાગ્યો હતો તે હતો જીવનસાથી જશીબહેનનો એકરાર ! આઠ માસના પુત્ર પ્રશાંત સાથે ભાવનગરથી અમદાવાદનાં ગરીબ અને ગંદા સરસપુર વિસ્તારને જોવા આવેલાં જશીબહેન પ્રથમ નજરે બેચેન થયાં, એમણે તીવ્ર મનોમંથન પછી જે ક્ષણોમાં પુત્ર પ્રશાંતની સાક્ષીએ રઘુભાઈને સંપૂર્ણ સાથ અને સમર્પણ અંગે વચન આપ્યું તે ક્ષણોમાં આ વિદ્યાવાડીના વિકાસની કેવી સ્ફોટક સંભાવનાઓ ભરી પડી હશે !

ખરેખર, નાનાઈ હરભાઈના વિચારો અને રઘુભાઈની કાર્યકુશળતાનો સમન્વય સાધી શકેલાં શ્રદ્ધેયા જશીબહેને પેલી અમદાવાદથી ભાવનગર જતી આગગાડીમાં કરેલા એકરારને આભારી છે. આ એકરાર થકી એમનું યશોધન વિશેષ સુવાસિત થયું.

આજે પોતાનાં આયખાનાં એકસોમાં વરસેય દેવી સરસ્વતીને સમર્પિત આ માતાને આપણાં શતશત વંદન !

## વ્હાલા જશીબા

**મૃણાલ ઓઝા**

મ. શિક્ષક,
જે.એન. બાલિકા વિદ્યાલય, સરસપુર, અમદાવાદ.

*બાળકો જ જેમના જીવનનું કેન્દ્રસ્થાન*
*સરસ્વતીમાં જગાવી શિક્ષણની ધૂન.*
*મુખ પર હંમેશ સ્મિત છલકાય,*
*જોતાં જ મમતાનો સાક્ષાત્કાર થાય.*
*જેઓની વાણી, સરળ અને અમૃતમય,*
*વ્યવહાર, સૌ કોઈ માટે સમમય.*
*સાદગીપૂર્ણ જીવન સાથે વૈચારિક ઉચ્ચતા,*
*પ્રેરણાસભર વ્યક્તિત્વ કેરી મુગ્ધતા.*
*સરસ્વતી છે જેઓના માટે પ્રાણસભર,*
*વરસાવ્યો છે અઢળક સ્નેહ અમ સૌ પર.*
*શતાયુવર્ષે પણ એક નવી આશ*
*મારા બાળકો સ્પર્શશે ઉચ્ચ અવકાશ.*

# પ્રેરણામૂર્તિ મારા રોલ મોડેલ પૂ. જશીબહેનને શત્ શત્ વંદન

**શ્રી ઊર્મિલાબહેન શાહ**

૨૫, પાર્થ બંગ્લોઝ, કર્ણાવતી કલબની પાછળ, અમદાવાદ.

એક બાજુ દિવાળીનાં કામમાં હું વ્યસ્ત હતી ને એવામાં સરસ્વતી વિદ્યામંડળમાંથી લેખ માટે આમંત્રણનો પત્ર મળ્યો. અરે ! વિદ્યામંડળ પરિવારના સૌના વહાલા, માનનીય 'દાદીમા' મુ. શ્રી જશીબહેન ૧૮ મી નવેમ્બર ૨૦૧૭નાં રોજ શતાબ્દી વર્ષમાં પ્રવેશ્યા છે ! કેટલો અદ્‌ભુત આ અવસર ! જીવનની પળેપળને જેમણે Productive બનાવીને જીવન જીવ્યાં છે એવા આપણા જશીબહેને સૌને કેટકેટલું આપ્યું છે ! એ વિચારતાં જ હૃદય એમનાં પ્રત્યેનો આદરભાવ અને અહોભાવથી ભર્યું ભર્યું બની જાય છે અને મન ઘડીભર અતીતમાં સરી પડે છે.... ક્યારે ? કેવી રીતે ? કેટલા સમયથી ? આવા એક મહાનુભાવની સાથે મને એક સ્વજનની જેમ નિકટ આવવાની સુવર્ણ તક મળી !

લગભગ બે દાયકા પહેલાની એ વાત. શિક્ષણનાં પ્રશ્નો ત્યારે ય હતાં અને આજેય છે, પણ ત્યારે પૂ. બી. જે. દીવાનસાહેબની રાહબરી નીચે કેટલીક શાળાઓનાં સંચાલકોની મિટિંગ લૉ સ્કૂલમાં મા. શ્રી સુધીરભાઈ બોલાવતાં અને તેમાં મારા શારદામંદિર તરફથી હું અને મુ. દિનુભાઈ જતાં... મિટિંગ પૂરી થતાં હું લગભગ મુ. શ્રી વિઠ્ઠલભાઈ ઓઝાને માણેકબાગ ઉતારીને ઘરે કે સ્કૂલમાં જતી અને એ સમય દરમ્યાન સરસ્વતી વિદ્યામંડળથી હું ખૂબ માહિતગાર અને પરિચિત થઈ. શારદામંદિરનાં માસિક મુખપત્ર 'શારદ'નું તંત્રીપદ ૧૯૮૩થી મેં કૉ-ઓર્ડિનેટર તરીકે કામ કર્યું. ત્યારથી મેં સંભાળેલું અને એટલે હું 'શારદ' મ. વિઠ્ઠલભાઈને નિયમિત મોકલતી. મુ. વિઠ્ઠલભાઈ એમાં ઊંડો રસ લઈને વાંચે અને પ્રતિભાવ વિગતથી આપે. એમાં જ એમણે પ્રસ્તાવ મૂક્યો. 'બહેન ! અમારા ઘરશાળામાં પણ લખોને !' વાલી, વિદ્યાર્થી અને શિક્ષકોની સમસ્યાઓની ચર્ચા મારા લખાણોમાં હોય એટલે એમણે જ મારા કોલમનું નામ અપાવ્યું 'અને હું ધ્રૂજી ઊઠી.' લગભગ બે એક વર્ષ એ સરસ ચાલ્યું ને પછી એમણે કહ્યું...'હવે આપણે પોઝિટીવ લખીએ તો !' અને ત્યારથી 'અને હું પ્રસન્ન થઈ' એ નામ કોલમને આપ્યું. ત્યારે ય એનું તંત્રીપદ તો પૂ. જશીબહેન જ સંભાળતાં હશે પણ મારે તેમની સાથે પ્રત્યક્ષ પરિચય નહીં થયેલો... 'ઘરશાળા' ના માધ્યમથી અમે સંકળાયેલાં હતાં. પણ એક દિવસ મું. વિઠ્ઠલભાઈની તબિયત અસ્વસ્થ હતી અને હું એમને જોવા એમના મૈત્રી સોસાયટીવાળા એમનાં દીકરાનાં નિવાસસ્થાને ગઈ, પાછાં વળતાં નીચે ઉતરતાં તેમણે મને પૂ. જશીબહેનનો પરિચય કરાવ્યો. અને મારે માટે એ ક્ષણ જીવનની યાદગાર ક્ષણ બની ગઈ. પહેલાં જ પરિચયે એમનાં હૃદયનો પ્રેમ, ઉમળકો અને અદ્‌ભુત આતિથ્યનો મને મા સરસ્વતીને ચરણે તેમણે તેમનાં સારાએ જીવનને જાણે સમર્પિત કરી દીધું હતું. 'સ્મૃતિઝરણાં'ના અર્પણમાં એમણે કેટલું સંવેદનશીલતાથી લખ્યું છે ! બહેન ઈરાને ૬૫ વર્ષની જીવનયાત્રા પ્રસંગે પણ તેમને સરસ્વતીનો જન્મદિન સ્મરે છે ! સરસ્વતી વિદ્યામંડળ એમણે સ્થાપેલી સંસ્થા સંકુલ કે બીજું કંઈ નહીં પણ જાણે એમનું સંતાન જ હતું,

અને ત્યાં માત્ર ભણતર જ નહીં, એવા ઘરનાં બાળકો આવતાં કે તેમને ફક્ત ભણતર નહીં પણ ઘડતરની પણ એટલી જ જરૂર હતી અને એ સંસ્કારનાં ઘડતરનું કામ તો તેમણે અદ્‌ભુત કર્યું હતું. એનો એક અનુભવ અને પુરાવો. વર્ષે પહેલાં અમે ટેક્સી કરીને આબુ ગયાં, ઘણુંખરું ટેક્સીનાં ડ્રાઈવરો મશીન પર મશીન બેસાડેલા જેવા જ હોય એટલે એ ડ્રાઇવરો સાથે બહુ વાતચીત કે કશું થ થાય નહીં. પણ આ ડ્રાઈવર મને વિશિષ્ટ પ્રકારનો લાગ્યો, એની રીતભાત, બોલવામાં વિવેક અને સંસ્કારી. મને આશ્ચર્ય થયું, આમે ય શિક્ષણ એ જ મારા શ્વાસ પ્રાણમાં હતું, એટલે મારાથી સહેજે ય પૂછાઈ ગયું... 'ભાઈ ! તમે કેટલું ભણ્યાં છો ? ક્યાં ભણ્યાં છો ?' અને એમણે જે અહોભાવથી સરસ્વતી વિદ્યામંડળની વાત કરી, એ સાંભળીને મને થયું... 'મારા જેવા શારદામંદિરનાં બાળકોમાં હું સંસ્કારનું સિંચન કરતી હોઉં એ તો જાણે સારી વાત. એટલું મુશ્કેલ ન કહેવાય કારણ કે એ જે સ્તરમાંથી આવતાં હોય ત્યાં એમનાં મા-બાપ પણ ઘણું આપી શકતાં હોય, પણ પૂ. રઘુભાઈ અને પૂ. જશીબહેને તો પાતાળમાંથી પાણી કાઢવા જેવું અઘરું કામ કર્યું છે, જેમનાં માબાપને કશી જ સમજ કે સંસ્કાર જેવી કશી ખબર જ ન હોય તેમનાં સંતાનોને આવી રીતે ઘડવા એ કંઈ નાની સૂની વાત છે ! પૂ. જશીબહેન એમની 'સ્મરણયાત્રા'માં જે સંઘર્ષની વાતો આલેખી છે એ વાંચતાં વાંચતાં તો એમ જ થાય 'સંગ્રામ ખેલવાની તમજા એ જ સાચી જિજીવિષા...' અને એ જિજીવિષા પણ કેવી ? છેલ્લે લેખકોનું સંમેલન થોભ્યું અને એમાં પૂ. જશીબહેને જે પ્રવચન આપ્યું, આટલી નવાણું વર્ષ જેવી ઉંમરે ક્યાંય અવાજમાં ધ્રૂજારી નહીં... ઉચ્ચાર શુદ્ધિ, કશું જ ભૂલી ન જવાય, આત્મવિશ્વાસ, આત્મશ્રદ્ધા, સરસ્વતી વિદ્યામંડળનાં શ્વાસ અને પ્રાણ જેવાં જશીબહેન તો જાણે સાક્ષાત 'સરસ્વતીનાં જ અવતાર જેવાં છે' એવી મારા હૃદયને અનુભૂતિ થઈ.

અને આટલા સાહિત્યનું સર્જન ! એ કંઈ નાની સૂની વાત છે ! સાથીદારોનો સાથ જરૂર મળે પણ હૃદયમાંથી એ સાહિત્યની સરવાણી ફૂટવી એ કંઈ જેવી તેવી વાત છે ! ૭૫ વર્ષનાં પસંદગીની તંત્રીલેખોનું 'સંભારણા' 'ઘરશાળા', 'અમૃતપર્વ' નો અંક, 'સ્મરણયાત્રા' 'સ્મૃતિઝરણાં' 'સ્મરણપુષ્પ' શું યાદ કરું ! ને શું ભૂલું ! જૂની વાતો જૂના પ્રસંગો બધું જ સ્મૃતિપટ પર યાદ કરતાં કરતાં સાહિત્યિક કલાથી આલેખવું, અરે ! ગૃહિણી પત્ની અને માતાની ત્રેવડી ભૂમિકા સાથે આ બધાં માટે સમય ફાળવવો અને એ સંવેદનશીલતાને વ્યકત કરવી, આલેખન કરવું એ કંઈ નાની સૂની વાત છે ! પૂ. જશીબહેનને અંતરથી શત્ શત્ પ્રણામ !

ઈશ્વર તેમને તંદુરસ્તી અને દીર્ઘાયુ બક્ષે તેવી પ્રાર્થના.

## જશીબહેન નાયકને....

**હંસાબેન દેસાઈ**

**ઉજ્વળ જીવનયાત્રાની**
**શતાબ્દીના સ્વર્ણિમ અવસરે...**

**મંગલકારી ગૌરવવંતી કંડારી તેં કેડી**
**ઘરઘરને અજવાળે તારા જ્ઞાનયજ્ઞની વેદી**
**પગલે પગલે પ્રગટાવી તેં વિદ્યાની અભિલાષા**
**એકલક્ષી જીવનયાત્રામાં સાથ મળ્યો સંવાદી**
**મનવીણાના ઝંકૃત તારે મહેકી જીવનવાડી**
**અવિરત ભાવે સાકાર બની સપનાની રંગોળી**
**અમદાવાદને આંગણ આપે સરસ્વતીની જ્યોતિ.**
**ભવસાગરના ભાવન મેળે વર્ષે હેતની રેલી**
**'શતમ્ ભવ શરદ'ની કેવી રમ્ય ચાંદની ખીલી.**
**વર્ષો વીત્યે ઉરની ઊર્મિ આજે સ્પંદિત બનતી**
**ચરણોમાં અર્પિત છે મારાં મનનાં મોંઘા મોતી.**

# પરમ આદરણીય માતૃવત્સલ જશીબહેન

**હેમેન્દ્રભાઈ ભટ્ટ**

શ્રેયસ ફાઉન્ડેશન, પાલડી, અમદાવાદ.

જીવનમાં બહુ થોડાં માણસો મળે છે જેમનો સંપર્ક અવિસ્મરણીય બની રહે. જશીબહેન આવું એક માણસ. સ્મરણયાત્રાનું પ્રથમ ચરણ ૧૯૫૦ પૂર્વે વર્ષોમાં મુકાયાનું યાદ છે. અમદાવાદ, એલિસબ્રીજના મહાલક્ષ્મી સોસાયટીના વિસ્તારમાં અમારું ઘર હતું. સામેના વિશાળ પ્રાંગણમાં એક મોટું, થોડું વિશિષ્ટ રચનાવાળું મકાન, જેમાં જશીબહેન, સદ્‌ગત રઘુભાઈ અને જશીબહેનનાં નાનાં બહેનો થોડો સમય રહેવા આવેલાં. અલવત્ત એ સમયે સીધો પરિચય - સંપર્ક ઓછો. સ્મરણ યાત્રાનું બીજું ચરણ સીધું વર્ષ ૨૦૦૦ પછીના સમયમાં મુકાયું. જે સમય નૂતન બાલ શિક્ષણસંઘના અમૃત મહોત્સવની ઉજવણીનો હતો. ભાવનગર દક્ષિણામૂર્તિના ઉત્સાહી કાર્યકારોએ ગુજરાતભરમાં બાલશિક્ષણ યાત્રાનું આયોજન કર્યું હતું. આ નિમિત્તે અમદાવાદની લગભગ સમવિચારધર્મી શિક્ષણ સંસ્થાઓ, શાળાઓને એકત્ર કરવાનું બન્યું. બાલશિક્ષણ યાત્રાનો અમદાવાદનો મુકામ બેએક દિવસનો હતો. આ બે દિવસીય કાર્યક્રમ દરમ્યાન કેટલીક સંસ્થાઓ પરસપરના પરિચયમાં આવી. યાત્રાના મુકામની પ્રાથમિક વિચારણા માટે શેઠ સી. એન. વિદ્યાવિહારમાં એક બેઠક યોજાયેલી. આ બેઠકમાં જશીબહેન ઉષાબહેન સાથે સ્વયં ઉપસ્થિત હતાં.

સ્મરણ યાત્રાનાં ચરણ આ પછી આગળ વધે છે. પરંતુ તેની બધી વિગત અહીં અસ્થાને છે. આ લખાણનું કેન્દ્રબિંદુ જશીબહેન છે. જશીબહેન, હરભાઈ ત્રિવેદી, ઘરશાળા-ભાવનગર, જશીબહેન અને રઘુભાઈ, દિલ્હી - સરદાર પટેલ વિદ્યાલય, અમદાવાદ - સરસ્વતી વિદ્યામંડળ અને તેની શાળાઓ, ગત્ દશકમાં અમદાવાદમાં ચાલતી રહેલી નૂતન બાલશિક્ષણ સંઘની પ્રવૃતિઓ - આ બધું એક દોરે પરોવતાં તેમાંથી નીખરી આવતું જશીબહેનનું વ્યક્તિત્વ શબ્દચિત્રમાં ઉપસાવવું સરળ નથી. તેનું લાંબુ વર્ણન શક્ય નથી. તેમના સતત કે અવારનવારના સંપર્કમાં રહેવાનું ઓછું બન્યું છે. આમ છતાં થોડી પણ મર્મસ્પર્શી અનુભૂતિ રહી છે તે વ્યક્ત કરવાનું ઉચિત છે. એમ પણ લાગે કે, શિક્ષણનું કામ કરનારા બાલ શિક્ષકો, માતા-પિતા આ થકી કંઈક સમજતા - આચરતા થાય !

આ ઉપર જણાવ્યા ગુણ અગર થોડા પણ આપણે બાળકોનું કામ કરનારા તથા માતાપિતા સમજીએ, આચારતા થઈએ તો આપણને શાંતિનો અનુભવ રહેશે, સામેનાને સારું લાગશે, જીવનમાં આનંદ વધશે.

જશીબહેનની આ વિરાસત સમજવી, જાળવવી એ સહેલું નથી. માન, મરતબો, હોદ્દો, પ્રતિષ્ઠા સાથે આ વાતોને સંબંધ નથી. આ સીધા સાદા માનવ સહજ ગુણો છે. જે આપણે આવકારી, થોડા પણ અપનાવી શકીએ તો આપણું, વધુ તો આપણાં બાળકોનું ભવિષ્ય વધુ સલામતને ઉજ્જવળ બની રહેશે.

પરમ કૃપાળુ પરમાત્મા આદરણીય જશીબહેનને જીવનપથના આ મુકામે પરમ શાંતિ અને પરમઆનંદની અનુભૂતિ આપો.

# શ્રીમતી જશીબહેન નાયક : શતાબ્દી વંદના

**શ્રી ગુલાબભાઈ જાની - શ્રીમતી ઉષાબહેન જાની**

સંસ્થાપક, સિસ્ટર નિવેદિતા શૈક્ષણિક સંકુલ, રાજકોટ.

ગુજરાતમાં કેળવણીના ક્ષેત્રે અમૂલ્ય પ્રદાન કર્યું હોય તેવા દંપતી બહુ ઓછા છે. શ્રી રઘુભાઈ નાયક તથા શ્રીમતી જશીબહેન નાયકનું નામ એ યાદીમાં મોખરાનું સ્થાન ધરાવે છે.

શ્રીમતી જશીબહેન ગુજરાતના વિખ્યાત પ્રયોગશીલ કેળવણીકાર શ્રી હરભાઈ ત્રિવેદીના સુપુત્રી. જે સમયે એ. એસ. નીલ તથા તેની સમરહિલ સ્કૂલનું નામ ગુજરાતમાં જાણીતું ન હતું (આજે પણ ઓછું જાણીતું છે) તે સમયે નીલ જેવા પ્રયોગો શ્રી હરભાઈ ત્રિવેદીએ ભાવનગરમાં ''ઘરશાળા'' સંસ્થા દ્વારા કર્યા. એ વિચારો ક્રાંતિકારી હતા. એવા પિતાના સંતાન જશીબહેનમાં કેળવણીના સંસ્કાર સ્હેજેય હોય તે સ્વાભાવિક છે. પિતાના માર્ગદર્શન નીચે અભ્યાસ કરી કેળવણીના ક્ષેત્રે પદાર્પણ કર્યું.

શ્રી રઘુભાઈ નાયક અત્યંત તેજસ્વી યુવાન. પરદેશમાં ઉચ્ચ અભ્યાસ કરી ભારત આવ્યા. વડાપ્રધાન જવાહરલાલ નહેરુએ તેમનું હીર પારખી દિલ્હીમાં કામ કરવા નિમંત્રિત કર્યા. પણ એ આકર્ષક તકને જતી કરી તેઓ ભાવનગરમાં 'ઘરશાળા' માં જોડાયા. જશીબહેનનો પરિચય થયો. કેળવણીમાં કંઈક પ્રદાન કરવાના સંકલ્પે બંને લગ્નગ્રંથિથી જોડાયા. પરંતુ દંપતીને તો ગરીબ, પછાત, વંચિત બાળકોના વિકાસમાં રસ હતો. એથી અમદાવાદમાં મજૂર લત્તામાં પછાત વિસ્તારમાં કામ કરવાનું નક્કી કર્યું. એ કથા રમ્ય અને રોચક છે, પણ સંઘર્ષની કથા છે. જશીબહેનનો ત્યાગ, તપસ્યાને કારણે રઘુભાઈ સરસ્વતી શિશુ મંદિર દ્વારા નવા પ્રયોગો કરી શક્યા. આ દંપતીએ જે સંઘર્ષ કર્યો છે તેની કથા જશીબહેનની જ કલમે લખાયેલી છે તે કેળવણીના ક્ષેત્રે કાર્ય કરતા દરેક વ્યક્તિએ વાંચવા જેવી છે. જશીબહેન અને રઘુભાઈ અર્વાચીન યુગના ઋષિદંપતીની કક્ષાના હતા. જશીબહેને શિક્ષિકા, ગૃહમાતા, આચાર્યા, નિયામક, ટ્રસ્ટી અને કુલમાતાના વિવિધ રોલમાં જે કાર્ય કર્યું છે તેની ઈતિહાસ અવશ્ય નોંધ લેશે.

વચ્ચે થોડા વર્ષો દિલ્હીમાં પબ્લિક સ્કૂલના પ્રિન્સિપાલ તરીકે રઘુભાઈ ગયા. ત્યાં પણ દંપતીની કેળવણી પ્રત્યેની પ્રતિબદ્ધતાની નોંધ લેવાઈ. એ પછી પુનઃ અમદાવાદ આવી જીવનપર્યંત ગરીબ, પછાત, વંચિત બાળકોની સેવામાં વિતાવ્યાં.

રઘુભાઈ તથા જશીબહેનની શિક્ષણક્ષેત્રે સુદીર્ઘ સેવાઓને બિરદાવવા અમે તેઓને 'વિશિષ્ટ સન્માન' આપવાનું વિચાર્યું. અમદાવાદ જઈ તેમને આ સન્માન સ્વીકારવા વિનંતી કરી. તેઓનું સૌજન્ય, વિનમ્રતા અને પ્રેમ જોઈ મનોમન વંદન કર્યા. બંને તેમના સાથીઓને લઈ શિક્ષણક્ષેત્રે 'સિસ્ટર નિવેદિતા વિશિષ્ટ સેવા અવૉર્ડ' સ્વીકારવા ઈ.સ. ૧૯૯૯માં રાજકોટ પધાર્યા. અમારા માટે પણ એ ધન્ય ઘડી હતી. ઓલ ઈન્ડિયા રેડિયોના નિયામક વસુબહેન અધ્યક્ષ હતા અને જી.સી.ઈ.આર.ટી.ના અધ્યક્ષ શ્રી નલિનભાઈ પંડિત અતિથિવિશેષ તરીકે ઉપસ્થિત રહ્યાં હતાં. બંને મહાનુભાવોએ આવા ઓજસ્વી કેળવણીકારોનું સન્માન કરવા માટે અમને બિરદાવ્યા અને આ પ્રસંગે ઉપસ્થિત રહેવા માટે પોતે ધન્ય થયા છે તેવો પ્રતિભાવ આપ્યો.

તેઓને અનેકવાર અમદાવાદમાં તેમની સંસ્થાના કાર્યક્રમોમાં મળવાનું થતું. વય વધતી હતી, પણ ઉત્સાહ ઓછો ન હતો. તેઓના જીવનમાંથી પ્રેરણા લઈ અમે પણ યત્કિંચિત કાર્ય કરતા રહીએ છીએ.

શતાબ્દી વર્ષે મુરબ્બી શ્રી જશીબહેનને હૃદયપૂર્વકની વંદના. તેમના થકી ગુજરાત અને ભારત રળિયાત થયું છે.

# નિષ્ઠાવાન કેળવણીકાર

**ધરમશીભાઈ શાહ**

૯૩, ચિદમ્બરમ્, વિદ્યાનગર, ભાવનગર.

જશીબહેન અને મારા સંબંધો મોટીબહેન અને નાનાભાઈ જેવા સંબંધો. હું દક્ષિણામૂર્તિમાં ઈ.૧૯૩૧માં આવ્યો. મારા કૌટુંબિક સંબંધો કપરા હતા કારણ કે મારા પિતાજીનું સુખ મેં એક વર્ષનો હતો ત્યારે ગુમાવ્યું. સાત વર્ષે માતાજીને પણ ગુમાવ્યા. વધારે વિગતમાં ન જતાં એટલું જ કહીશ કે મને માતા-પિતા તરીકે દક્ષિણામૂર્તિમાંથી પૂ. મૂળશંકર ભાઈ મો. ભટ્ટ અને હંસાબહેન જેવા માતા પિતા મળ્યા અને મુ.હરભાઈ અને મુ.નાનાભાઈ ભટ્ટની છત્રછાયા મળી. મારા મોટાભાઈ રંગૂનમાં બેન્કમાં સર્વીસ કરતા હતા એટલે પૂ.નાનાભાઈ ભટ્ટ ફંડ માટે જ્યારે બર્મા ગયા ત્યારે દક્ષિણામૂર્તિની વાત સાંભળી મને દક્ષિણામૂર્તિમાં સંસ્કાર મળે એ ઉદ્દેશથી ભાવનગર મોકલ્યો.

એ જમાનામાં વેકેશનમાં જવા આવવા માટે પંદર દિવસ થાય એટલે દક્ષિણામૂર્તિમાં મારા ગુરુ, માતા-પિતા જે કહું તેમના ઘરમાં વેકેશન પસાર કરતાં. આ રીતે પૂ. હરભાઈના ઘરમાં એમના પરિવાર સાથે મારો ઉછેર થયો. જશીબહેન મારાથી બે વર્ષ ઉંમરમાં મોટા હોઈ મારા માટે જશીબહેનને મોટી બહેનનું સ્થાન મળ્યું.

દ.મૂ. એ સમયમાં પ્રયોગશીલ સંસ્થા હતી. મુ. હરભાઈ સંચાલન કરતાં. ડોલ્ટન યોજન મુજબ મને શિક્ષણ મળ્યું. એ પદ્ધતિમાં વિદ્યાર્થી સ્વયંશિક્ષણ અને મિત્રોના સહકારથી અભ્યાસ કરવાની તક મને મળી. આ રીતે સ્વયંશિસ્ત અને સહકારની ભાવના ઉત્પન્ન થતી જેને કારણે વિદ્યાર્થી જવાબદાર વ્યક્તિ તરીકે ઉભરી આવતા. આ શિક્ષણ પદ્ધતિમાં જશીબહેન પણ આગળ આવ્યા. આ કારણથી જશીબહેનમાં શિક્ષણ પ્રત્યેની ભાવના અને પિતાશ્રીનો વારસો મળ્યો. સ્વયંશિક્ષણ-સંસ્કાર અને સહકારની ભાવના એમનામાં આવી. જશીબહેનને અને મને સંગીતનો શોખ. સંગીતના શોખને કારણે અમે નજદીક આવ્યા. આ રીતે પૂ.ગુરુદેવ ટાગોરના વર્ષાગીતો અને કવિ પ્રહલાદ પારેખ વર્ષાગીતો ગાતા અને સંગીતમય વાતાવરણ ઉભું કરતા. વર્ષાગીતોને નૃત્યરૂપ આપવામાં મને અવકાશ મળ્યો. આગળ જતાં હું ભારતીય નૃત્ય પદ્ધતિનો અભ્યાસ કરી આગળ વધ્યો. આ અમારા સંબંધોનું એક પાસું છે.

જશીબહેનના લગ્ન થયા શ્રી રઘુભાઈ નાયક સાથે. પિતાનો વારસો અને શ્રી રઘુભાઈ જર્મનથી આધુનિક શિક્ષણ પદ્ધતિથી એમના જીવનની શરૂઆત થઈ.

અહીંયા જશીબહેનના જીવનનો નવો વળાંક આવ્યો જેમાં સ્વયં શિસ્ત, સ્વયંશિક્ષણ અને સહકાર આ કેળવણીના સિદ્ધાંતોનો પાસું છે. સ્વ. રઘુભાઈ જર્મનથી નવા શિક્ષણની તાલીમ લઈને આવ્યા. ત્યારે એમના શિક્ષણમાં શિસ્ત એ મુખ્ય મુદ્દો હતો એને કારણે સમાજ એ મુખ્ય અને વ્યક્તિ બીજા નંબર આવે એ રીતે શિક્ષણ અપાય.

મુ. રઘુભાઈના સંપર્કમાં આવ્યા પછી શિક્ષણના નવા આચાર-વિચાર અપનાવ્યા. મુ. હરભાઈ પાસેથી મળેલા સ્વયંશિસ્ત અને નવા વિચારો પ્રમાણે સમાજને મધ્યમાં રાખી શિસ્તનું પાલન થાય એવી ભાવનાના સમન્વયથી મુ.હરભાઈ તથા મુ. રઘુભાઈના વિચારોને તેમણે પોતાના કાર્યમાં અપનાવ્યા અને આગવું વ્યક્તિત્વ ઉભું કર્યું. આ રીતે જશીબહેન માટે મારા વિચારોનું નિચોડ છે.

# એક નયા ઈતિહાસ રચે હમ...

**ઉપેન્દ્ર પટેલ**

સરસપુર સેવા ટ્રસ્ટ, સરસપુર, અમદાવાદ.

આદરણીય,

જશીબહેનને ભાવનગરનો સંસ્કાર વારસો, ભાવનગર યુનિવર્સિટીના પ્રથમ ઉપકુલપતિ, યુનિવર્સિટીના સ્થાપનાના સક્રિય યોગદાતા, શિક્ષણ એ જીવનકાર્ય ધર્મકાર્ય ધરાવતા પિતાશ્રી હરભાઈ ત્રિવેદી રવીન્દ્રનાથ ટાગોર ના વિચારો સાથે શિક્ષણ અને સાંનિધ્ય મેળવનાર તેમના જીવનસાથી શ્રી રઘુભાઈ નાયક આમ ત્રિવેણીનો યોગ મળ્યો. જશીબહેનના જીવન-કવન નું કાર્ય રચાયું. એક ઈતિહાસ સર્જાયો.

એક આદર્શ નારી ચરિત્રથી મધમધતું મહેંકતુ ધારદાર વ્યક્તિત્વ રહ્યું છે. જીવનના એક મિશન તરીકે સ્વીકારી, સંસ્કૃતિ, સંસ્કાર, સંયમ, શિક્ષણ, સદાચાર, સ્નેહ, સમર્પણ, સમયપાલનના સંવર્ધન સાથે ચાલે છે, ચલાવે છે, ચલિત રાખે છે. જશીબહેન આજના સમાજ માટે આદર્શ ઉદાહરણરૂપ છે. ભાવનગર, અમદાવાદ, દિલ્હી સુધી શિક્ષણની ભૂખને સંતોષનાર સન્નારી છે.

શિક્ષણનું જ્યારે ઓછું મૂલ્યાંકન ગણાતું હતું. તેવાં વિસ્તાર અમદાવાદના મજૂર લત્તા-સરસપુરમાં મજૂરના બાળકોને સારું શિક્ષણ મળે, કુટુંબો સમૃદ્ધ થાય તેવી ધગશ, લગન અને ઉમંગ સાથે કાર્યના શ્રી ગણેશ થયા.

"જ્યાં યુગ ખતમ થઈ જાય છે ત્યાં ખુદા પ્રગટે છે."

ચાલીમાં રાત્રે ફાનસ લઈને વિદ્યાર્થીને ભણાવવા માટે, વાલીને સમજાવવા જવું, બાળકને કેળવણી આપવી, ૭૦ વર્ષ પહેલાના આ કામને આજે સમજવું અઘરૂં છે. તેનું પરિણામ ચક્રવૃદ્ધિ વ્યાજ સાથે આજે નજર સમક્ષ છે. ૪૫૦૦ હજાર વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ અભ્યાસ કરે છે. અમદાવાદના પૂર્વ વિસ્તારના ૮૫% ડૉક્ટરો આ સંસ્થાના છે. સારા નાગરિક બને તે રીતે ઘડતર ને માવજત થાય છે. ૨૦ માઈલના આજુબાજુના ગ્રામ્ય વિસ્તારમાંથી વિદ્યાર્થી ભણવા આવતા હતા.

દીકરીને ભણાવીને શું કામ છે ? તેને ગૃહકાર્ય જ કરવાનું છે. સહશિક્ષણમાં દીકરીને ભણાવાય નહિ. તેવા વાતાવરણમાં દીકરીઓ માટે અલગ સ્કૂલની શરૂઆત કરી. સ્ત્રી કેળવણી ની પહેલ કરી. બાળકોનો સર્વાંગી વિકાસ, શારીરિક, શૈક્ષણિક, રાષ્ટ્રીય કક્ષાએ કલા-કૌશલ્ય વિકસે તેવી એ દૃષ્ટિ તેમની આજદિન સુધી ચાલુ રહી છે. રાષ્ટ્રીય આંતરરાષ્ટ્રીય કક્ષાએ આ વિદ્યાર્થીઓ એ નામ રોશન કર્યું છે.

લોકશાહી વ્યવસ્થા, ચૂંટણી પદ્ધતિ, નેતાગીરીની તાલીમ શાળાના અભ્યાસ દરમ્યાનનાં કાર્યક્રમો દ્વારા સઘન તાલીમ આપવામાં આવે છે. બે હાથના બદલે તેમના દિશા સૂચનથી સેંકડો શિક્ષકો દ્વારા વ્યક્તિમાંથી વ્યાપક થયા. માનવમૈત્રીના મહામાનવી છે.

ન્યાયાધીશો, ડૉક્ટરો, એન્જિનિયર્સ, ઉદ્યોગમાં, વેપારી, પ્રોફેસર, સંગીતકાર, શિક્ષકો, કુશળકામદારો, રાજકીય આગેવાનો, આઈ.એ.એસ., આઈ.પી.એસ. જેવા વિદ્યાર્થીને સમાજમાં મૂકવાનું સન્માન તેના ફાળે નોંધાયેલ છે જે જમા પાસું છે.

વિદ્યાર્થીને શિક્ષા નહીં પણ પ્રેમ આપી શિક્ષિત - દીક્ષિત કરવો એ ધ્યેયને સમર્પિત બહેનના ૧૦૦ વર્ષના

(અનુસંધાન પૃષ્ઠ ૬૨ ઉપર)

# ૧૦૦ વર્ષની મારી 'મોટી'ને વંદન સહ

**ઉષા પટેલ**

(મો.:૯૮૨૫૨૦૯૭૭૮)

૧૯૭૯ના નવેમ્બરમાં પૂ. હરભાઈને શ્રદ્ધાંજલિ આપવાની હતી. ત્યારે મને લેખ લખવાનું કહ્યું, : મુંઝાઈ ગઈ શું લખું ?

જ્યારે આપણા દિલની નજીક કોઈ હોય અને જેને આપણે ખૂબ ઓળખતા હોઈએ જે આપણા મનની નજીક હોય તેને માટે લખવાનું કઠિન બની જાય છે.

આવી જ મીઠી મૂંઝવણ આજ જ્યારે શ્રી જશીબહેન હરભાઈ ત્રિવેદી બાદમા શ્રીમતિ જશીબહેન રઘુભાઈ નાયક - અમારા સૌના મોટાબહેન જેને અમે સૌ મોટીબહેન કરીને બોલાવીએ છીએ. અને હું જેને - હું સૌથી નાની હોવા છતાં - તેને 'મોટી' કહીને બોલાવું છું તેવી અમારી મોટીના - પૂ. હરભાઈના પરિવારનું સૌથી મોટું બાળક - પુત્રી - ૧૮ નવેમ્બરના રોજ ૧૦૦માં વર્ષમાં પ્રવેશ કરે છે તેનો આનંદ વ્યક્ત કરવો તે મારા માટે એક લ્હાવો છે. ત્રિવેદી પરિવારમાં કે નાયક પરિવારમાં ઉંમરમાં સોમાં વર્ષમાં પ્રવેશ કરતું હોય તેવું આ પહેલું ઉદાહરણ હશે તેવું હું માનું. આથી જ આવી લાગણીઓને કે સંવેદનાઓને અભિવ્યક્ત કરતી વખતે મનમાં - દિલમાં આનંદની છોળો ઉઠે છે.

"૧૦૦ વર્ષ જીવનના"

આ સાધારણ વાત નથી.

મોટીબેન નાની હતી ત્યારે તેને શીતળા નીકળેલા. ઘણા ભારે શીતળા. રૂના પોલમાં તેને રાખવી પડેલી. શરીરના દરેક અંગોમાં તે ફેલાય ગયેલાં. ડૉ. દાજીકાકાએ (અમારા તે વખતના family doctor) પૂ. નાનાભાઈને (પૂ. હરભાઈને અમે ભાડરડા નાનાભાઈ કહેતા) કહ્યું કે જશીની કદાચ આ રોગમાં આંખો જતી રહેશે. બા નાનાભાઈ ગભરાઈ ગયેલાં. બા નાનાભાઈએ એવી સેવા અને કાળજી કરી કે આજે અમારી આ મોટીબહેન ૧૦૦ વર્ષે પણ તંદુરસ્ત છે અને અમને બધાને તંદુરસ્ત જીવન જીવવાની પ્રેરણા આપે છે.

માનસિક રીતે પણ તે ઘણી strong છે. ૭૦ વર્ષ પછીના જીવનના વર્ષો પસાર કરવા સામાન્ય રીતે વ્યક્તિને માટે કઠિન હોય છે. માત્ર શારીરિક રીતે નહી માનસિક રીતે પણ વ્યકિત નબળી પડે છે. જીવન જીવવાનો કંટાળો અનુભવે છે. કુટુંબના સભ્યોને પણ સામાન્ય રીતે તે એસેટને બદલે લાયબિલિટી લાગવા માંડે છે. પરંતુ ઈશ્વરની અમારા કુટુંબ ઉપર મહેરબાની છે કે આજે અમારા કુટુંબની વૃદ્ધ થયેલી વ્યક્તિઓને અમારા પછીની પેઢી અને એ પેઢીનો પરિવાર પણ અમને સૌને સારી રીતે સમજે છે. સારી રીતે રાખે છે અને અમને પ્રેમ કરે છે.

"પ્રેમ" પૂ. નાનાભાઈએ અમને સૌને આપેલો "જીવનમંત્ર" છે. જગતમાં સૌને પ્રેમ કરો. દુશ્મનને પણ પ્રેમ કરો. પ્રેમથી તમને સૌનો પ્રેમ મળી રહેશે. પ્રેમ મળશે એટલે જીવન સુગંધમય અને તાજગીભર્યું રહેશે. આ વાતની અસર અમારા છએ ભાંડરડા ઉપર જબ્બર રીતે લોહીમાં વણાઈ ગઈ છે આથી જીવન જીવવાની મઝા પૂ. નાનાભાઈના પરિવારના વૃદ્ધ બાળકો માણી રહ્યા છીએ. આમાં અમારા મોટીબહેન ૧૦૦માં વર્ષમાં પ્રવેશ કરી રહ્યા છે ત્યારે તે અમારા સૌની પ્રેરણા બને છે.

મોટીબહેન આજે પણ સ્વસ્થ, સુંદર અને નિરામય જીવન જીવી રહી છે. આજે પણ તેની માનસિક સ્વસ્થતા યુવાનોને શરમાવે તેવી છે. તેની યાદદાસ્ત આજે પણ તેજ

છે. આજે પણ સરસ વિચાર કરી શકે છે અને બીજાને માર્ગદર્શન આપી શકે છે. મોટીબહેને તેમની આખી જિંદગી શિક્ષણજગતને સમર્પિત કરી છે. ગ્રેજ્યુએટ થઈને તુરત જ તેણે પોતાની કારકિર્દીની શરૂઆત નડિયાદની વિઠ્ઠલકન્યા વિદ્યાલયથી શરૂ કરી. એ વખતે તેની ઉંમર ૨૨ વર્ષની હશે તેમ માનીએ તો ૭૮ વર્ષો સુધી તેમણે શિક્ષણ-કેળવણીને પોતાનું જીવન સમર્પિત કર્યું. પૂ. નાનાભાઈએ તેમનું જીવન જેમ કેળવણીને સમર્પિત કર્યું તેનો વારસો 'મોટી' એ સંભાળ્યો. આજે પણ શિક્ષણ જગતના તથા પ્રવાહોની તે જાણકાર છે શિક્ષણ જગતમાં શું ચાલી રહ્યું છે તેનો તેને સંપૂર્ણ ખ્યાલ છે. પૂ. નાનાભાઈએ અમને સૌને જે સ્વતંત્રતા આપી અને તે સ્વતંત્રતાના ફળ કેવા મીઠા હોય છે તેનો જે અહેસાસ અમને સૌ ભાંડરડાઓને થયો તેનો અમલ અમે સૌએ કર્યો. સ્વતંત્રતા એ જીવનની પ્રગતિનું અને મહત્વનું પાસું છે તેને નજર સમક્ષ રાખી નિશાળના બાળકોને કેળવવાનો પ્રયત્ન અમે ચારેય બહેનોએ શિક્ષણકાર્ય દરમ્યાન કર્યો છે. આ વિદ્યાર્થીઓ કે જેને તમે પ્રેમ આપ્યો છે, સ્વતંત્રતા વધુ સફળ થતા દેખાયા છે પૂ. નાનાભાઈ અને મુ. મોટીબહેન અમારા ત્રણેય બહેનોને માટે પ્રેરણા રહ્યા છે.

મુ. રઘુભાઈ મોટીબહેનના જીવનસાથી બંનેએ કેળવણી ક્ષેત્રે યોગદાન આપ્યું છે. મુ. રઘુભાઈ પૂ. હરભાઈના શિષ્ય રહી ચૂક્યા હોવાથી તેઓ પણ પૂ. હરભાઈની શિક્ષણ-કેળવણીના જે ધ્યેયો પૂ. હરભાઈએ અપનાવ્યા તે તેઓએ પણ અપનાવ્યા. આથી "જશી રઘુ" ની જોડી શિક્ષણજગતમાં જાણીતી થઈ. બંનેએ એકબીજાનો હાથ પકડી એકબીજાના કેળવણી જગતના સાચા અર્થમાં સાથી જોડીદાર બની રહ્યા.

અહીં મારે મોટીબહેનની કેટલીક ચોક્કસ બાબતો તમને સૌને જણાવવી છે.

આજે ૯૯ વર્ષે પણ મોટીને સંગીતનો શોખ જબરો છે. તે પોતે એમ.એ. સાથે સંગીત છે. તેનો નાનપણનો આ શોખ આજે પણ એટલો જ તાજો છે. હું નાની હતી ત્યારે મોટીબહેન હાર્મોનિયમ લઈને ગીતો ગાતી. આથી સંગીતની આ અસર અમારા બધા ભાઈ બહેનો ઉપર થઈ છે. બધાને થોડો ઘણો શોખ વારસામાં મળ્યો. આજે પણ કુટુંબના સૌ મળીએ ત્યારે મોટીબહેનની ફરમાઈશ હોય જ કે "ચાલો આપણે સૌ ગીતો ગાઈએ" આનાથી વાતાવરણ એકદમ બદલાય જાય અને ગીતો ગાવાના શરૂ થઈ જાય. આજે પણ હું અને મોટી એકલા બેઠા હોઈએ તો તે જૂના "આશ્રમ ભજનાવલી"ના ભજનો યાદ કરીને ગાય. ઘણીવાર શબ્દો ભૂલી જાય તો બે દિવસ સુધી યાદ કરે અને ફરી મળીએ ત્યારે તે આખું ભજન ગાય. તેને યાદ કરવાની અજબની શક્તિ છે. સંગીત તો તેના જીવનનું બીજું અગત્યનું પાસું રહ્યું છે.

બીજી એક ખાસ વાત. આ વાત લખું છું ત્યારે મને મારા દાદા યાદ આવે છે. તેઓ ૯૭ વર્ષના થયા ત્યાં સુધી હંમેશા રેડિયો ઉપર નિયમિત સમાચાર સાંભળતાં. આ વારસો પૂ. નાનાભાઈને મળ્યો. તેઓ પણ નિયમિત દુનિયાની સાથે તાલ મીલાવતા, નિયમિત સમાચારો સાંભળતાં. આ વારસો મોટીબહેનને મળ્યો છે. આજે પણ ભારતનાં, દુનિયાના સમાચારો સાંભળી, તાજી રહે છે. મને યાદ છે ૨૦૧૪ની ચૂંટણી વખતે તે ઈંગ્લેન્ડ પ્રશાંતને ત્યાં હતી ત્યારે ત્યાંથી થોડા થોડા દિવસે ફોન કરીને અહીંની ચૂંટણીના તાજા પ્રવાહોથી તે તાજી અને પરિચિત રહેતી. નરેન્દ્ર મોદી તરફ તેને પક્ષપાત છે તેથી તે નબળા ન પડે તેની ચિંતા તે કરે.

ખેર ! આવી તો ઘણી વાતો અને સંસ્મરણો મારી પાસે છે. પરંતુ કેટલુંક લખવું ? જ્યારે લખવા બેઠી ત્યારે થતું કે કંઈ લખી નહીં શકું પણ કંઈક લખી શકી છું તેમ માનું છું.

મને યાદ છે કે જ્યારે પૂ. હરભાઈએ સ્થાપેલી ઘરશાળા સંસ્થામાં અને ટર્મ માટે જ્યારે એ સંસ્થાની હું પ્રમુખ થઈ ત્યારે રાજી થઈને તેણે મને કહેલું કે મારા કરતાં નાની ઉંમરમાં તું સંસ્થાનું સુકાન સંભાળવા પ્રમુખ બની. અને થોડા જ સમયમાં તે પણ સરસ્વતી વિદ્યામંડળની પ્રમુખ થઈ છું. પણ ખૂબ રાજી થઈ. બંને બહેનો વચ્ચે આવો પ્રેમ રહ્યો છે. તે મને 'નાની' કહીને બોલાવે છે. શિક્ષણક્ષેત્રે

અમને બંનેને સમાન રસ હોવાથી વધારે વાતો થતી હોય છે. ઘરશાળા સંસ્થાના સમાચાર તે મને પૂછે - હું સરસ્વતીના સમાચાર પૂછું. ૧૯૯૨માં મુ. રઘુભાઈએ મને સરસ્વતી વિદ્યામંડળમાં સભ્ય તરીકે આમંત્રણ આપ્યું અને આજે પણ આ સંસ્થાના સંચાલન સમિતિમાં છું તેનો મને આનંદ છે. જો કે એક સ્પષ્ટતા કરી દઉં. ઉંમરને લીધે હું બિલકુલ સંસ્થામાં રસ નથી લઈ શકતી. શારીરિક મર્યાદાઓ પણ છે. પરંતુ મોટીબહેનને આજે પણ આ મંડળમાં સક્રિય છે. સંસ્થા ચલાવવા નાના મોટા સૂચનો તે આજે પણ કરે છે જે સંસ્થા માટે ફાયદાકારક સાબિત થાય છે.

આજે સરસ્વતી મંડળની બધી સ્કૂલોમાં સંગીત જીવંત છે તેની પાછળ મુ. મોટીબહેનનું ઘણું મોટું યોગદાન છે. આજે પણ બધી જ મંડળની શાળાઓ સંગીતક્ષેત્રે સરસ વાતાવરણ જાળવી રાખી શકી છે. દિલ્હીની સરદાર વલ્લભભાઈ પટેલ વિદ્યાલયમાં પણ સંગીતનું સ્તર ઊંચું કરવામાં અને તેને સમાજ સુધી પહોંચાડવામાં તેનું યોગદાન રહ્યું છે. ગુજરાતી, હિન્દી અને બંગાળી બધી ભાષાના ગીતો તે સરસ રીતે ગાય શકતી. મુ. રઘુભાઈ શાંતિનિકેતનમાં ભણેલા તેથી રવીન્દ્ર સંગીતની તેમના જીવન ઉપર ઘણી મોટી અસર રહેતી. આથી જ્યારે તેઓએ ૧૯૪૦માં ઘરશાળા સંસ્થામાં પૂ. હરભાઈ સાથે કામ કરવાની પોતાની ઈચ્છા વ્યક્ત કરી અને જ્યારે પૂ. હરભાઈ ખુશી ખુશી ઘરશાળામાં આવો કહ્યું ત્યારથી તેઓ બંનેએ ઘરશાળાના વિકાસ માટે ખભેખભા મીલાવી કામ કરવાનું શરૂ કર્યું. આ પછી તો 'ઘરશાળા' સંસ્થા અનેક પ્રવૃત્તિઓથી અને પ્રયોગોથી ધમધમતી થઈ અને આવા જ સમયમાં શાંતિનિકેતનમાં જે વર્ષાઋતુને ટાગોરની જેમ વધાવવાની શરૂઆત ઘરશાળામાં થઈ. આ વખતે પણ મુ. મોટીબહેન અને મુ. રઘુભાઈ સાથે બેસીને મુ. શ્રી પ્રહલાદ પારેખ વર્ષાગીતો લખતા અને સાથે બેસી ટાગોર સંગીતને ધ્યાનમાં રાખી લયબદ્ધ કરતા. ઘરશાળાના બાળકો આ ગીતો ઉપર નૃત્ય કરતા, ગાતા અને આનંદ કરતા. આ ''વર્ષા મંગલ'' ઉત્સવ ઘણા વર્ષો ઘરશાળામાં ચાલ્યો. જ્યારે મુ. રઘુભાઈ અને જશીબહેને અમદાવાદના પછાત વિસ્તારમાં કામ કરવા વિચાર્યું ત્યારે પૂ. હરભાઈએ તે સ્વીકાર્યું. જાણીને નવાઈ લાગશે પરંતુ પૂ. હરભાઈએ રઘુભાઈ અને જશીબહેનને કહ્યું કે સરસપુરના પછાત મિલ વિસ્તારમાં પહેલું વર્ષ હું જઈને સંભાળીશ. એકથી બે વર્ષ માટે પૂ. હરભાઈ અહીં રહ્યાં. ત્યારપછી મુ. મોટીબહેન અને રઘુભાઈને અહીં આવવા દીધા. આ વાત અહીં એટલે લખું છું કે તેઓ બંનેએ સાથે મળીને જે કાર્ય ઘરશાળામાં કર્યું તેનો પ્રસાર પ્રચાર કરવા અને પછાત વિસ્તારમાં કામ કરવાની મુ. રઘુભાઈને એક પ્રબળ ઈચ્છા હતી તેને સફળ બનાવવા પૂ. હરભાઈએ પણ તેઓનો હાથ પકડી સરસ્વતીમાં આવવાની આમ સંમતિ દર્શાવી. સૌ ખુશ હતાં. ઘરશાળાની કેટલીક પ્રણાલિકાઓને અહીં પણ ચાલુ રાખી. આમાં 'વર્ષામંગલ' એક ઉત્તમ પ્રવૃત્તિ રહી. તેઓ બંને જ્યારે દિલ્હીમાં સરદાર પટેલ વિદ્યાલયમાં ગયા ત્યાં પણ સંગીતની અને 'વર્ષામંગલ'ની પ્રણાલી ચાલુ રાખી. આ વાત અહીં વિગતે એટલા માટે લખી છે કે મુ. મોટીબહેન આટલા લાંબા શિક્ષણ જગત સાથે જોડાવવાની સાથે તેમણે સંગીતને જીવંત જ નહીં પણ કેટલાયની પ્રેરણા બની રહી છે.

૧૦૦માં વર્ષમાં જ્યારે ''મોટી'' પ્રવેશ કરી રહી છે ત્યારે અમે ત્રિવેદી પરિવાર અને નાયક પરિવારમાં આનંદની છોળો ઉડે છે. ઈંગ્લેન્ડથી તે આટલી ઉંમરે આવે છે જે સૌ તેના પરિચયોના અને પરિવારમાં એક સીમાચિન્હ બની રહેશે. મોટી બહેન સ્વસ્થ અને તંદુરસ્ત જીવન જીવે તેવી ઈશ્વરને હૃદયપૂર્વકની પ્રાર્થના કરું છું. હું તો તેના કરતાં ઘણી નાની છું આથી આશીર્વાદ આપવાની મારી તાકાત નથી પરંતુ અંતઃકરણ પૂર્વક ઈશ્વરને પ્રાર્થના કરૂં છું કે મોટી ખૂબ સ્વસ્થ રહે અને અમને સૌને પરિવારમાં હૃદયપૂર્વક આશીર્વાદ અને શુભેચ્છાઓ આપે કે અમે તેમના જીવનમાંથી શીખીએ.

''મોટી''

''તુમ જીઓ હજારો સાલ, સાલ કે દિન હો પચાસ હજાર''

વડીલોના આશીર્વાદથી સ્વસ્થ અને નિરામય જીવન જીવો તેવી શુભેચ્છાઓ અને વંદન સાથે વિરમું છું.

# 'કાંઠા તોડતી વહેતી જિંદગી'

**પાલખીવાલા અમિતા મનુભાઈ**

ભૂતપૂર્વ મ. શિ., અસારવા વિદ્યાલય

મુ. શ્રી જશીબહેન
જાણે કે વહેલી સવારનો સૂર્યોદય,
ગ્રીષ્મ પછી શીતળતાની છાય.
સમાધાન, સંયમ અને ધૈર્યનો સૂર,
કાર્યમાં પરિણમેલું પ્રેમનું સ્વરૂપ.
વહન પર કદી વિષાદ નહીં,
આહભર્યા નિશ્વાસો નહીં.
તમે છો પરમના અરણ્યનું એક પાન,
સરસ્વતીને મળ્યું છે તમારું વરદાન,
તમે છો અંધકારમાં ચમકતું એક નામ,
તમારું આગમન બન્યું છે ઉપવન.
તમારી સુવાસ છે ચોગરદમ,
તમારી લાગણીઓ રેલાય હરદમ
જશીબહેન... સદેહે માતૃપ્રેમનું જીવંત પ્રતીક,
બીજ રેખા જેવું પ્રેમનું સ્મિત.
તમે જ છો વસંતનો ટહુકો અને પ્રકાશનો પુંજ,
બાળકો માટે પ્રગટે છે ચતુષ્પુંજ
તમારામાં,
પુષ્પની કુમાશ સાથે તિખારાનો સ્પર્શ છે,
પદ્ય, પ્રાસ (કે) છંદની ગહેરાઈનો અંશ છે.
તમે જ રાહ છો, રાહદારી છો,
વ્યાખ્યાન છો, આખ્યાન છો, ગીત છો અને ગદ્ય પણ છો.
સરસ્વતી વિદ્યામંડળના માલિકાના એક મોતી,
તમે છો સંયમ સિદ્ધ અને સંયમ સ્ફૂર્તિ.
છીએ અર્થ, અનર્થ કે વ્યર્થ અમે,
જો તમે પાસે તો સમર્થ અમ.

'દાદીમા' ના હુલામણા નામથી જાણીતા 'જશી'બહેન માત્ર બે અક્ષરનો શબ્દ, શબ્દ નથી શબ્દતીર્થ છે. તેમાં સમગ્ર ત્રિભુવન સમાયું છે. મારા માટે જશીબહેન એક એવું નામ છે જેને મેં મુગ્ધભાવે વાંચ્યા છે, મળી છું અને મળ્યા પછી અપાર સ્નેહ અને આદર મારા મનમાં વધતાં જ ગયા છે.

એરિસ્ટોફેન્સે કહ્યું છે, ''શબ્દો વડે ચિત્તને પાંખો ફૂટે છે. ''મુરબ્બી શ્રી જશીબહેન વિષે લખવા બેસીએ ત્યારે ચિત્તની આ જ સ્થિતિ હોય છે. એમનું જીવન અનેક ઘટનાઓથી ભરેલું છે. એને શબ્દોમાં ઉતારવાનું કામ ખૂબ મુશ્કેલ છે. પણ એમના માટે કંઈક કહેવું એટલે કહેવા કરતાં લખવાનું ઘણું ખરું સહેલું લાગશે. કારણ કે લખું છું ત્યારે સામે 'સ્મૃતિ' નામના પુસ્તકના પાના ફરફર ઉડે છે. આથી જ મારા હૃદયની અગણિત ભાવનાઓને મેં અહીં પાનાઓમાં વેરવાનો પ્રયત્ન કર્યો છે.

જશીબહેનને પ્રથમવાર મળો એટલે એમના પ્રભાવ હેઠળ આવ્યા વિના રહી જ ના શકાય. શ્રેષ્ઠ વક્તા અને લેખિકા. સૌમ્ય પ્રકૃતિ, મૃદુશૈલી, વિચારોમાં આધુનિકતા, સાહિત્યના અદ્યતન પ્રવાહો સાથે તાલ મિલાવતા, ભીતરથી ઋજુ અને કોમળ, બાળકની જીવન ઈમારતના સાચા 'આર્કિટેક્ટ'. સદાય વ્યસ્ત પણ ક્યારેય અસ્તવ્યસ્ત નહીં, સહજતાથી મુસ્કુરાતા, મુક્તમને ખડખડ હસતા, પ્રકૃતિદત્ત સૂઝ ધરાવતા, સદાય વિકસતા જતા, ગૌરવવંતા,

કલ્પનાતીત. સૌના હૃદયસ્થ પ્રેમાળ શ્રી જશીબહેન. તેમની વાણીમાં આત્મવિશ્વાસ અને ખુમારીનો સ્પષ્ટ રણકો આપણને સંભળાય. એમનો સાદગીયુક્ત સ્નેહભર્યો વ્યવહાર અને મુલાયમ હૃદયનો સ્પર્શ, એમની નીકટ રહેનાર સૌ કોઈના અનુભવનો વિષય છે. દંભ કે આડંબરનો વાયરસ ક્યારેય એમને સ્પર્શી શક્યો નથી. તેમના ચહેરા ઉપર ઊંડા આત્મચિંતનની શાંતિ છવાયેલી જોવા મળે પણ એ શાંતિની પાછળ કેવો સંઘર્ષ છુપાયેલો છે એનો કોઈ દસ્તાવેજ આપણને ના મળે. અંગ્રેજી અક્ષરો દ્વારા જો 'JASHI' (bahen) ના નામનું અર્થઘટન કરવામાં આવે તો પણ આ બધાની પ્રતીતિ થયા વિના આપણને રહે નહીં.

કહેવાય છે કે શિક્ષણની શરૂઆત હોય છે, પણ તેનો અંત હોતો નથી. જેમ જેમ તમે વધારે જાણતા જાઓ તેમ તેમ તમને થાય ખે તમે કશું જ જાણતા નથી, તમે જ્યારે કોઈ ઉમદા પ્રવૃત્તિ સાથે જોડાઓ છો ત્યારે પણ એમ જ બને છે. કર્મ કરતાં કરતાં તમે કર્મશીલ બની જાઓ છો અને છેવટે યાત્રા કર્મયોગી સુધી લંબાય છે. મુ. શ્રી જશીબહેને પણ સો વર્ષ જૂની મિલના કંમ્પાઉન્ડમાં બંધ થવાના વાંકે ચાલતી એક શાળાને સંભાળી લેવાનું બીડું ઝડપ્યું. જીવનપર્યંત સરસ્વતી ઉપવનના પ્રથમ માળી બની રહેનાર અને સુવિખ્યાત કેળવણીકાર હરભાઈ ત્રિવેદીના આ દીકરીએ શૂન્ય પર પગ મૂકીને ચાલવાની શરૂઆત કરી હતી. માળીથી માંડીને મજૂર વર્ગના બાળકો સુધી તમામની ચિંતા તેઓએ કરી છે. સંજોગોના અનેક ઉતારચઢાવ અને માર્ગમાં ફૂંકાતી આંધીઓ વચ્ચે સરસ્વતી વિદ્યામંડળના વિકાસને ગળે લગાવતાં લગાવતાં, મનની માતબર મક્કમતા સાથે શિક્ષણના સામ્રાજ્યને એમણે ખડું કરી દીધું છે. પોતાના લક્ષ્ય તરફ આગળ વધતાં માર્ગમાં અનેક અડચણો આવી, પણ તેને નિયતિ સમજીને, ગતિ, સ્થિતિ અને નિયતિ વચ્ચેથી સરસ્વતીની નૌકાને હેમખેમ પાર પાડી છે. અસીમ આત્મશક્તિ અને અદમ્ય ઉત્સાહથી તેમણે ઉન્નતિના શિખરો સર કર્યા છે. જશીબહેન, ખરેખર સાચા અર્થમાં કર્મશીલ. 'સદાય કર્મ કરતાં રહો. બીજું બધું જ ભૂલી જાવ.' એ મંત્રને એમણે પોતાના જીવનમાં ઉતાર્યો છે. શિક્ષણક્ષેત્રે નૂતન પ્રયોગશીલતાને આચરનાર પદ્મશ્રી ડૉ. રઘુભાઈ નાયકના આ સહધર્મચારીણીએ જે ઘરના આંગણે થપ્પા રમતા'તા, એ ઘરની દીવાલે કંકુના 'થાપા' મારી વિદાય લીધી ત્યારથી આજે ૧૦૦ વર્ષની ઉંમરે પણ શ્રી હરભાઈના વિચારો અને રઘુભાઈની કાર્યકુશળતાને આચરણમાં મૂકીને હજારો માટે પ્રેરણારૂપ અને પારદર્શક બની ગયા છે; સુખદ સંસ્મરણ બની ગયા છે. સમર્પણની મિશાલ બની ગાય છે. પૂર્વ ક્ષિતિજે નૂતન સૂર્યનો ઉદય થતાં વિક્રમનું એક અભિનવ વર્ષ તેમની જિંદગીમાં પ્રવેશ કરશે. પણ મુ. શ્રી જશીબહેન માટે આ જિંદગી કંઈ બે કાંઠે બંધાયેલી ન રહી. એ તો વિષમ પરિસ્થિતિમાં પણ કાંઠા તોડતી વહેતી રહી.

મુ. શ્રી જશીબહેન... ભિક્ષુ અખંડાનંદની જેમ એમની એક જ આકાંક્ષા કે જ્ઞાનનો પ્રવાહ રૂંધાઈ ના જાય અને શિવના મસ્કતેથી ઢળતી જ્ઞાનગંગાને સામાન્ય જનસમાજમાં લઈ જતાં ભગીરથોની સંખ્યા આ જગતમાં વધતી રહે, અને એના માટે તેમણે વિશ્રામ અને વિરામને તિલાંજલી આપી છે. શિક્ષણમાં આરામને ક્યાંય સ્થાન નથી, એ સિદ્ધાંતે જીવન આખું સરસ્વતી વિદ્યામંડળની જ્યોત ઝળહળતી રાખવામાં પસાર કરી. સંસ્થાઓ માટે કેટકેટલાં સ્વપ્નોના વાવેતર કર્યા અને એ સ્વપ્નોને સાકાર કરવા માટે કેટકેટલી મથામણો તેમણે કરી છે ! શાળાઓના ઘંટારવના નાદ સાથે એમણે જીવન જોડ્યું. એમના વિચારોમાં સાહિત્ય, સેવા, સંગીત, સંસ્કાર અને કલાના સુંદર મિશ્રણને કારણે જિંદગીના અનેક રંગો તેમણે જોયા અને કલાના અધિકૃત પ્રતિનિધિ બનીને એ વિવિધ રંગો એમણે શિક્ષકો અને વિદ્યાર્થીઓને બતાવ્યા પણ ખરા !

કારણ કે IMAE ArtEZ યુનિવર્સિટીના મુખ્ય પદે રહેલા જહોન જહોનસ્ટનની જેમ જ તેઓ પણ એવી શ્રદ્ધા ધરાવે છે કે, 'If art is to change the world, then artist must become agents of change'. (The International Masters Artist Educator IMAE)

જશીબહેનને તો સરસ્વતી વિદ્યામંડળની શાળાઓના શિક્ષકો, વિદ્યાર્થીઓ, સેવકગણ એ જ એમનો પરિવાર અને તેઓ પોતે શાળાના પરિવાર. એટલે તો દીકરી ઈરાબહેન પણ ક્યારેક હસતાં હસતાં કહેતાં કે, સરસ્વતી તો એમનું પહેલા ખોળાનું સંતાન છે. સરસ્વતીના ઈતિહાસના એ એક એવા યોદ્ધા છે જેમણે એમ.એચ. મિલ કંમ્પાઉન્ડમાંના કોલસાના બગીચા તથા પતરા અને બારી વિનાના ઓરડા પણ જોયા અને ઈંટ સિમેન્ટના પાકા મકાનો પણ જોયા. જેમણે સરસપુર અને અસારવા વિસ્તારની મિલોના ભૂંગળાની ગર્જનાઓ પણ સાંભળી અને બંસીના છીદ્રોમાં સમયની ફૂંકોથી ઉત્પન્ન થતી સરગમ પણ સાંભળી. કન્યા શિક્ષણ, બાળ શિક્ષણના તેઓ માત્ર નજીકના નહીં પણ સક્રિય અને અંદરના સાક્ષી રહ્યાં છે. એમની અંદર એક શિક્ષક આજે પણ ધબકે છે. આજે પણ જો વાત બાળક અને શિક્ષણને થતાં અન્યાયની હોય તો તેના પ્રતિકાર માટે અવાજ ઉઠાવવામાં પ્રથમ જ હોય.

અનેક માન, સન્માન, પારિતોષિકોથી વિભૂષિત શ્રી જશીબહેન.... શંકરાચાર્યના અદ્વૈત તત્વજ્ઞાનના સાકારરૂપ. આથી જ તો એક દીપમાંથી પ્રગટેલા અગણિત દીપમાલિકાની અનંત હારમાળા તેઓએ સર્જીને સર્વત્ર એક જ પ્રકાશ... જ્ઞાનનો પ્રકાશ તેમણે ફેલાવ્યો છે અને શિક્ષણ થકી અનેક પેઢીઓને રક્ષણ આપ્યું છે. એમના પ્રભાવ અને પ્રકૃતિના સ્વભાવ જેવા હૂંફાળા સ્વભાવને કારણે આપણે સૌ રક્ષિત; એવી અનુભૂતિ થયા વગર રહે નહીં. આમેય 'જશી'બહેન નામનો અર્થ જ છે – 'Protector' એટલે કે રક્ષક થાય છે. અને બીજું કારતક-માગશર મહિનામાં ગુલાબી ઠંડીના સમયમાં આવતો એમને જન્મદિવસ 'હેમન્તના સવારના શેડકઢા (તાજું દોહેલું દૂધ જેમાં હૂંફાળાપણું હોય) તડકાનો એટલે કે હૂંફાળાપણાનો મહિમા કરાવે છે.

વર્ષગાંઠ

તુષાર શુક્લ કહે છે –

"બે શબ્દો મળીને બને છે આ એક શબ્દ
વર્ષ અને ગાંઠ, વર્ષની ગાંઠ, ગાંઠનો દિવસ
જે વર્ષમાં આવે એકવાર.
વર્ષ બદલાયાનું સૂચન કરતી ગાંઠ
વર્ષ વીત્યાની યાદ અપાવતી ગાંઠ"
નવું વર્ષ શરૂ થયાની જાણ કરતી ગાંઠ.

પણ ૧૦૦મી વર્ષગાંઠ ! ૧૦૦મો જન્મદિવસ ! એ એક આશ્ચર્યકારક સીમાચિન્હરૂપ છે. પરંતુ જશીબહેનનાં આશ્ચર્યકારક વ્યક્તિત્વ જેટલું તો નહીં જ.

૧૦૦ નંબર.... ૯૯ પછી અને ૧૦૧ પહેલાં સહજ રીતે આવતો નંબર છે, જે ગૈણિતિક ભાષામાં પૂર્ણનું લક્ષણ છે, વિજ્ઞાનની ભાષામાં ૧૦૦ ડિગ્રી, એ સમુદ્ર સપાટીએ શુદ્ધ પાણીનું ઉકળતું તાપમાન છે. ધાર્મિક રીતે કહીએ તો યહૂદી લોકોની માન્યતા પ્રમાણે તેમને રોજના ૧૦૦ આશીર્વાદ મળવાની અપેક્ષા હોય છે. રમતની દુનિયામાં ખાસ કરીને ક્રિકેટમાં બેટ્સમેન ૧૦૦ નો સ્કોર કરે તો તે નોંધપાત્ર સીમાચિન્હરૂપ ગણાય છે અને જો જીવનમાં કોઈ વ્યક્તિ ૧૦૦ ના અંકને સ્પર્શે તો તે સો વર્ષની વયની વ્યક્તિ ગણાય છે. જ્યારે ૧૦૦ emoji દર્શાવવા માટે ૧૦૦ મા નંબરનું મહત્વ દર્શાવવા તેની નીચે બે વાર આડીલીટી દર્શાવવામાં આવે છે. અને શાળાની પરીક્ષામાં કે પેપર ઉપર સો માંથી સો (100 out of 100) એ તો સંપૂર્ણ સ્કોર દર્શાવે છે. આમ, ૧૦૦ મો આંકડો સંપૂર્ણ છે, સીમાચિન્હરૂપ છે, મહત્ત્વપૂર્ણ છે, પવિત્ર છે.

નંબર ૧૦૦; એ એક (૧) અને શૂન્ય (૦) ના કંપનોથી બનેલો છે જેમાં શૂન્ય નંબર બે વાર આવે છે, જે તેનો પ્રભાવ વધારે છે. એટલું જ નહીં પણ એક (૧) નંબરની લાક્ષણિકતા છે કે તે નવી શરૂઆત, સક્રિયતા, દઢતા, સ્વાવલંબન, પ્રેરણા, આગળ વધવા માટે તનતોડ મહેનત, પ્રગતિ, મહેચ્છા, દઢ નિશ્ચય જેવા અનેક ગુણો લાવે છે. શૂન્ય (૦) નંબર એ શક્તિશાળી કંપન છે જે સમસ્ત બ્રહ્માંડની શક્તિઓનો પડઘો પાડે છે. અને અનંતકાળ સુધી અનંતતાની શક્તિઓને પ્રતિબિંબિત કરે છે. ગંગોત્રીથી ગંગા સાગર સુધીની શ્રી જશીબહેનની યાત્રા આનું પ્રતિબિંબ નથી શું ?

૧૮ નવેમ્બર મુ. શ્રી જશીબહેનનો જન્મદિવસ ! પણ કોઈ તિથિ નહીં, કેલેન્ડરની તારીખનું પાનું નથ પણ આ તો પૃથ્વી પર પ્રગટ્યાનો પ્રથમ દિવસ. જન્મના પ્રથમ રૂદનથી શરૂ થયેલી એમની જીવનયાત્રા આજે ૧૦૦માં વર્ષમાં પ્રવેશી ચૂકી છે. શૈશવ, યુવાનીને વૃદ્ધાવસ્થા તો છે જીવનક્રમ. પ્રકૃતિના આ નિયમને જાણીને તેમણે પાનખરને પણ વસંતની જેમ માણી છે.

શ્રી રમણલાલ સોનીના શબ્દોમાં કહીએ તો જિંદગીમાં વર્ષો ઉમેરાવા એ તો તદ્દન સાહજિક પ્રક્રિયા છે. વર્ષોમાં જિંદગી ઉમેરાય એ મહત્ત્વનું છે. ૧૦૦ માં વર્ષમાં પ્રવેશ કરનાર જશીબહેન નાયકે વર્ષોમાં જિંદગી ઉમેરવાનું કાર્ય જીવનપર્યંત કર્યું છે. તેમની હાથવગી ઓળખ આમ તો કેળવણીકાર તરીકેની, જે એમના વ્યક્તિત્વનું એક માત્ર એવું પાસું છે કે જે વધારે જાણીતું થઈ ગયું. બાકી મનોજ ખંડેરિયાના શબ્દો જેવું એમનું જીવન છે.

'ઉખેળો તો કાયમ ઉખેળાયા કરતો,

ન પૂરો થતો કેમેય તાકાનો માણસ.'

સરસ્વતી વિદ્યામંડળની તમામ શાળાઓ એ એમને માટે માત્ર શાળાઓ નથી પણ એમની દશક દશકની સાધના છે, શિક્ષણની આરાધના છે. સામે બેઠેલું બાળક બૂઠું ના થઈ જાય, એની સંવેદનાઓ મરી ના જાય એ જોવાનું કાર્ય શિક્ષકનું છે એમ તેઓ માને છે. શિક્ષણ મિશનને બદલે મશીન ના બની જવું જોઈએ. કોઈપણ બાળકને જ્યારે કંઈપણ શીખવવામાં આવે છે ત્યારે આપણે તેમના જીવનને હંમેશ માટે સ્પર્શ કરીએ છીએ, એ આપણે ભૂલવું ન જોઈએ. તેમને શિસ્તનો આગ્રહ ખરો પણ દુરાગ્રહ ક્યારેય નહીં.

દર મહિનાના લગભગ પ્રથમ અઠવાડિયામાં ઘરશાળા સંપાદક મંડળની આજે પણ મિટિંગ થાય છે. ઘરશાળાના તંત્રી તરીકે તેઓના વિદેશગમન હોવા સિવાય ક્યારેય તેમની ગેરહાજરી નહીં. ઘરશાળાના માવજત અને સ્વરૂપને જાળવી રાખવામાં તેઓશ્રીનું યોગદાન અનન્ય રહ્યું છે. આથી પણ વિશેષ 'ઘરશાળા' ના માધ્યમથી ભાવિ પેઢીના ઘડતરનું ભગીરથ કાર્ય તેમણે કર્યું છે. ઘરશાળા માસિકના દરજ્જાને અનુરૂપ અને વિદ્યાર્થી - શિક્ષક અને સમાજને અનુરૂપ જો કોઈ લેખ અર્થપૂર્ણ ના લાગે તો ક્યાંય બાંધછોડ નહીં. તેમના મનમાં આવેલા 'ન'કારની તેમને ક્યારેય બીક નહીં અને પોતાનો 'હ'કાર કહેતા ક્યારેય અચકાતાં નહીં. પણ તેમનું હૃદય તો હંમેશાં બીજાના હૃદયને સાંભળતું અટકતું નથી.

મુ. શ્રી જશીબહેન હંમેશાં માનતાં રહ્યાં છે કે બાળકના શારીરિક વિકાસ માટે વ્યાયામ, રમત-ગમત વગેરે જરૂરી છે. તેવી જ રીતે તેના આત્માના ઘડતર માટે સંગીત અને અન્ય કળાઓનું શિક્ષણ પણ આવશ્યક છે. સંગીત દ્વારા પડેલ સંસ્કારો ભાવાત્મક એકતા અને શુદ્ધ ભાવો ઉત્પન્ન કરે છે. વિદ્યાર્થીઓમાં મધુરતા વિકસાવવાના ઉદ્દેશથી અન્ય લલિતકળા સાથે જશીબહેને સંગીતને પણ ખૂબ જ પ્રાધાન્ય આપ્યું. સંગીત તેમનું સારસર્વસ્વ; તેમના જીવનનું અગત્યનું અંગ સંગીત સાથે તો તેમણે પ્રેમનો એકરાર કર્યો છે. આથી જ તો જો એમના ઘર પાસેથી પસાર થઈએ તો

ભક્તિ સંગીત બિરાદરીના ગીતોની સૂરાવલિઓ આપણને સાંભળવા મળે ખરી !

રાષ્ટ્રીય કાર્યક્રમો, શૌર્યગીતો, ઋતુગીતો, વિનીત વિદાય, સરદાર ગાથા, વાર્ષિકોત્સવ જેવા અનેક કાર્યક્રમોમાં તેઓને મેં નખશીખ પરોવાઈ જતાં જોયા છે. ત્યારે આવા કાર્યક્રમોના સંચાલનમાં ખાસ કરીને મને તેમનું મળેલું માર્ગદર્શન અજોડ છે. તેઓ હંમેશાં કહેતાં, સંચાલનમાં શબ્દોની માત્ર માયાજાળ બિછાવવા કરતાં શબ્દોનો સહેતુક પ્રયોગ થાય તે માટેની સજ્જતા, સજાગતા અને સતર્કતા અનિવાર્ય છે. જે સમજને મેં જણસની જેમ આજે પણ સાચવી રાખી છે.

શ્રી જશીબહેનનું સાંનિધ્ય કેળવવું એટલે હાજરી પત્રકમાં હસ્તાક્ષર નહીં. પણ સૂર્ય અને સૂરજમુખીના ફૂલની સુગંધની જેમ ફૂલ અને સવારના ઝાકળના સંબંધની જેમ, નદીની મીઠાશ અને સાગરની ખારાશની એકરૂપતાની જેમ, હાર્મોનિયમની કાળી અને સફેદ પટ્ટીઓના સંપની જેમ આપણે એમનું સાંનિધ્ય અનુભવી શકીએ. સ્નેહની સુવાસ અને વાત્સલ્યનો દસ્વોજ તેમણે હંમેશા ખુલ્લો રાખ્યો છે.

જશીબહેન એટલે એક સતત જીવનધારા, એક શક્તિનો સ્રોત, એક ઠોસ લાગણીનો આધાર, સર્જન શક્તિની પ્રેરણા. કોઈપણ વસ્તુ પ્રત્યે જોવાનો તેમનો એક સ્વતંત્ર દૃષ્ટિકોણ છે. બાળકનું સ્મિત, માતાનો પ્રેમ, પિતાનો આનંદ, કુટુંબની એકતાનો સમન્વય એ એમની સુંદરતા છે, તેમનો સમગ્ર વ્યવહાર માનવતાથી ભર્યો ભર્યો છે. નીતિ અને સદાચાર તેમની આધારશિલા છે. આજે ભલે વર્ષોએ તેમના શરીર ઉપર સળ પાડ્યા હોય પણ તેમના નિશ્ચયમાં, તેમની શૈક્ષણિક અને શાળાકીય પ્રવૃત્તિઓમાં તેમની ઉંમર ક્યારેય તેમને નડતરરૂપ બની શકી નથી. આજે ૧૦૦માં વર્ષે પણ એણની કલમનો, એમના વિચારોનો, એમના ઝનૂનનો ઝંડો લઈને જગત સાથે લડવા તૈયાર, એવો તેમનો જુસ્સો છે. ઘણાં સ્વપ્નો હજુ આ ઉંમરે પણ સાકાર કરવાની તેમની તમન્ના છે. આટલા લાંબા વર્ષોમાં એમના હૃદયમાં કોઈના પણ પ્રત્યે ધિક્કારને મુદ્દલ સ્થાન નહીં.

મુ. શ્રી જશીબહેનનો સો મા વર્ષમાં પ્રવેશ એ 'પ્રવેશ મહોત્સવ' છે. કારણ કે આ વર્ષોમાં જીવનકથાના અનેક પાનાં છે. સો વર્ષના થવું એ કેવળ શ્વાસની આવન જાવન નથી. અનેક ઉતાર-ચડાવ છે. પડકાર છે, પરીક્ષા છે, પ્રતિભાનો નિખાર છે. આશા નિરાશા છે, શ્વાસ અને નિશ્વાસ છે. વ્હાલ અને વેદના છે. સફળતા-નિષ્ફળતા છે. સ્વાદ અને રસનો સરવાળો છે. અનેક કષ્ટ ઉઠાવીને તેઓ પરાકાષ્ઠાએ પહોંચ્યા છે. હું તેમની જીવનયાત્રાનો એક નાનો પણ હિસ્સો બની શકી છું તેનો મને ગર્વ છે. પણ સાથે જ શતાબ્દી વર્ષના ઘરશાળાના વિશેષાંકમાં સામેલ થવું એ પણ મારી જિંદગીના દિવસોનો એક તેજસ્વી ભાગ બની રહેશે.

મુ. શ્રી જશીબહેન

આપનો 'સો' મો જન્મદિવસ આપને માટે સ્વાસ્થ્યપ્રદ, મધુર, સૌભાગ્યપૂર્ણ, તેજસ્વી ખુશીઓથી સમૃદ્ધ અને સર્વશ્રેષ્ઠ બની રહો તેવી શુભેચ્છા. આપ 'centenarian' કે તેથી પણ વધુ બનો, પણ અમારા માટે તો આજે પણ આપ દસ દાયકાઓ યુવાન છો.

આથી જ કવિ રોબર્ટ ફ્રોસ્ટ કહે છે તેમ ચાલો, આપણે મુરબ્બી શ્રી જશીબહેનની વર્ષગાંઠને જ યાદ રાખીએ તેમની ઉંમરને નહીં.

સ્વસ્તત્સુ તે કુશલમસ્તુ ચિરાયુરસ્તુ
વિદ્યા વિવેક કૃતિકૌશલ સિદ્ધિરસ્તુ ।
ઐશ્વર્યમસ્તુ બલમસ્તુ રાષ્ટ્રભક્તિઃ સદાસ્તુ
વંશઃ સદૈવ ભવતા હિ સુદીપ્તોડસ્તુ ।
જીવેત શરદઃ શતમ્....

# મારા સ્વજન

**શ્રી હેતલ શાસ્ત્રી**
આચાર્યા, જે. એન. બાલિકા વિદ્યાલય.

જીવનરૂપી યાત્રામાં અનેક યાત્રાળુઓ સાથે મુલાકાત દરમ્યાન કેટલાંક યાત્રાળુઓ આપણી યાત્રામાં એક અનેરી સુગંધ અને સુખરૂપી છાપ પાડતાં હોય છે. તેમનો સહવાસ, હાજરી અનેક માટે પ્રેરણાદાયી બનતી હોય છે. જીવનના આયુષ્યમાં ૧૦૦માં વર્ષમાં પ્રવેશતાં, આનંદિત, જીવંતતાથી ભરપૂર, હકારાત્મક વ્યક્તિત્વ સાથે મારો પરિચય થયો હોય તેવી વ્યક્તિ ફક્ત એક જ છે, શ્રી જશીબહેન નાયક.

તેમને મળવાના પ્રસંગો અવારનવાર સંપન્ન થાય છે. જેમાંથી દરેક પ્રસંગમાંથી તેમની પાસેથી કંઈક નવું જાણવાનું અને વિચારવાનું મને મળતું રહે છે. શાળાના બધા જ પ્રસંગો જેવાં કે રાષ્ટ્રીય પર્વની તૈયારી, ઉજવણી, સાંસ્કૃતિક કાર્યક્રમો, શિક્ષકોની શૈક્ષણિક તાલીમ શિબિર, વિદ્યાર્થીઓ સાથેનો સંવાદ, ભક્તિ સંગીત.... દરેક કાર્યક્રમમાં તેમની હાજરી રહે છે.

તેમનું કાર્યક્ષેત્ર શિક્ષણજગત સાથે સંકળાયેલું છે. હંમેશાં તેમના વિચારોમાં, વ્યવહારોમાં, વાણીમાં 'વિદ્યાર્થીનો સર્વાંગી વિકાસ' – અગ્રેસર રહે છે. શિક્ષક કેવી રીતે વિદ્યાર્થીને શાશ્વત મૂલ્યોના બીજ સાથે જોડી શકે છે, જે એક ભાવિ ફળદાયી વૃક્ષમાં રૂપાંતરિત થઈ શકે છે, તે તેમની વાતચીતનો મુખ્ય હાર્દ બની રહ્યો છે.

માનસશાસ્ત્રના અભ્યાસુ શ્રી જશીબહેને હંમેશાં વિદ્યાર્થીઓને ઓળખવાની તથા હૂંફ આપવાની વાત કરી છે. વાત કરીને તેઓ અટકી જતાં નથી... આટલી લાંબી શિક્ષણયાત્રાના અભ્યાસુ તરીકે તેમણે અનુભવેલાં, પ્રયોગ કરેલા પ્રસંગોને તેમણે કાળી વાદળી ઉજળી કોટ, 'સ્મૃતિના અસવાર, સ્મૃતિ ઝરણાં, સ્મરણ પુષ્પ નામક પુસ્તકોમાં અક્ષરદેહે જીવંત બનાવી શિક્ષણપ્રેમીઓને અર્પણ કરીને શિક્ષણસાહિત્યની સેવા કરેલ છે.

તેમના વ્યક્તિત્વનું ચુંબકીય પાસું પારકાને પોતાનું બનાવે છે. તેઓ સાચી વ્યક્તિને હસીને આવકાર આપે છે અને સ્નેહથી વાતો કરે છે. આ હાસ્ય-ફિલસૂફીને તેઓ તેમની તંદુરસ્તીનું ટોનિક કહે છે. નાના-મોટા દરેકને માન આપીને બોલાવવાની તેમની રીત-ભાત તેમના સંપર્કમાં આવનાર દરેકનું દિલ જીતનાર બની રહે છે. માણસના હૃદયને પ્રેમથી જીતી શકાય છે તેવી તેમની દૃઢ માન્યતા છે. ગળથૂથીમાં મળેલા ઉચ્ચત્તમ માનવીય મૂલ્યોને તેમણે તેમના જીવનમાં આત્મસાત્ કર્યા છે. તેની અનુભૂતિ તેમના સંપર્કમાં આવનારને થયા વિના રહેતી નથી.

જેના ચહેરા પર સદાય રહેતું 'સ્મિત'
જેની વાણીમાં છે 'અમી'
જેના હૃદયે રાજ કરે 'બાળક'
જેનું ભાવ-જગત બન્યું 'કેળવણી'
જેનાં આંગણે મળતો 'મીઠો-ટહુકો'

આપણા સૌના સ્નેહી, સ્વજન શ્રી જશીબહેનને તેમની ૧૦૦મી વર્ષગાંઠની ખૂબ શુભકામનાઓ.

# મુ. શ્રી જશીબહેન નાયકને ૧૦૦ સલામ સાથે

**અશોક સોમપુરા**

કાર્યકર, ઘરશાળા માસિક, સરસ્વતી વિદ્યામંડળ.

*વિદ્યા કે વાચસ્પતિ તુમ*
*તુમ મેં હૈ સરસ્વતી સરસ્વતી*
*હરભાઈ કે વિચારોં સે જુડકર*
*દિખાઈ શિક્ષણ મેં ક્રાંતિ ક્રાંતિ*
*લગાઈ ધૂન લેખન યજ્ઞ કી*
*જગાઈ માનવતા કી જ્યોતિ જ્યોતિ*
*પાયા રઘુભાઈ કા સાથ આપકો*
*અમૃત બન ગઈ શિક્ષણ પ્રકૃતિ પ્રકૃતિ*
*શતમ્ શિવમ્ શરદમ્ કો સાર્થક કિયા*
*મુસ્કુરા ઉઠી ૨૧મી સદી સદી*
*પ્રેમ ઔર વાત્સલ્ય કે પર્યાય બને*
*સબ કે મનમેં બસી ખુશી ખુશી*
*આનંદ સે અશોક હુઆ ઉપકૃત*
*હૃદય કી વાચા જાગી જાગી*
*જુગ જુગ જીઓ જશીબહેન*
*દિલ કી દુનિયા ગાતી ગાતી*
*શુભ હુઆ ઔર હોતા હી રહેગા*
*જબ તક હૈ રઘુકુલ કી સંગતિ સંગતિ*

સમય પરિવર્તનશીલ છે. જે આજે નવું છે તે કાલે જૂનું થવાનું છે. ફરી કંઈક નવું આવે છે તો વળી જૂનું નવા વાઘા સજી નવું બનીને આવે છે. કેટલાક સમય એક આગવી સચ્ચાઈ લઈને આવે છે. એ સચ્ચાઈ માણસને સદાય તરોતાજાં રાખે છે.

સમય ક્યાંક પોંખાય છે તો વળી ક્યાંક ટોકાય છે. કેટલાક ઉત્તમ સમયના ગર્ભમાં ઉત્તમ સર્જન થતાં હોય છે. ઉત્તમ માનવીના અવતરણ પણ થતાં હોય છે. આવા ઉત્તમ માનવીઓ સદીને રૂપાળી બનાવે છે. પોતાની કાર્યની રીતિ નીતિ દ્વારા એ આ સદીને સદાય અજવાળું આપતા હોય છે.

વીસમી અને એકવીસમી સદીને ગૌરવ આપતી એક ઉત્તમ સન્નારીની ભેટ ભારતને મળી.

સદીને જીતી જનાર અને ૧૦૦ વર્ષને ઉત્તમ રીતે પસાર કરનાર આ સન્નારી છે.

ગુજરાતના આર્ષદૃષ્ટા પ્રખ્યાત શિક્ષણવિદ્ અને મહાન કેળવણીકાર શ્રી હરભાઈ ત્રિવેદીના પુત્રી શ્રી જશીબહેન નાયક.

મુ. શ્રી. જશીબહેન બાળકો, યુવાનો અને સમાજ માટે સહદાય હકારાત્મક રહ્યા. તેમની આ હકારાત્મક દૃષ્ટિ માણસને જીવન જીવવાની ચોક્કસ દિશા આપતી રહી. તેમની આ સાપેક્ષ વિચારસરણી માણસને સત્ય તરફ અને જીવનલક્ષી વિચારધારાને સ્વીકારવા માટે આગ્રહ કરતી રહી.

તેમની આ ઉત્તમ વિચારધારા આપણને તેમના લેખનમાંથી મળી આવે છે. જશીબહેને તેમના લેખોમાં અને વાર્તાઓમાં માનવતાને ઉજાગર કરી બતાવી. તેમનો વાર્તા પ્રવાહ માણસને મનથી રાજી કરી નાંખે તેવો રહ્યો છે. બહેનની કલમ વાર્તાના એવા ભાગમાં લઈ જાય છે કે માણસને વાંચતા વાંચતા તેમણે નિરૂપેલી ઘટનાઓ પ્રત્યે અહોભાવ જાગ્યા વિના રહેતો નથી.

આ એક એવી ઉત્તમ સન્નારી છે કે એણે પોતાનું સમગ્ર

વ્યક્તિત્વ ગમા-અણગમા અને જીવનનો રાજીપોને પોતાના પતિ રઘુભાઈના જીવન સાથે સાંકળી લીધો.

માનવલક્ષી અને કેળવણી ક્ષેત્રે મોભાદાર જીવનના સ્વામી મુ. શ્રી જશીબહેન નાયકના જીવનમાં એક ડોકિયું કરવાનો આ લેખમાં એક સાદો અને નમ્ર પ્રયાસ છે અને જીવનમાં પ્રેરણા મળે તેવા એક નાના પ્રસંગની વાત આજે કરવી છે. આજનો માણસ બાલ્યાવસ્થાથી માંડી યુવાન થાય ત્યાં સુધીના વર્ષો શાળા-કૉલેજમાં ભણવામાં પસાર કરે છે. અને જેવો તે સમાજમાં પ્રવેશ કરે છે ત્યારે અનેક મૂંઝવણો તેને ઘેરી વળે છે અને જીવન જીવવામાં ભૂલો પડી જતો હોય એવા અનેક દાખલાઓ આપણને જોવા મળે છે. મુ. શ્રી જશીબહેનનું જીવન આવા માણસો યુવાનો માટે દર્પણ સમાન છે. તેમના જીવનમાંથી ઘણો બોધપાઠ મેળવી શકે છે.

અને વાત ભણીગણીને ઠરીઠામ થયા પછી પણ પોતાની ફરજ સાથે આંખ આડા કાન કરનારાઓનો આપણા સમાજમાં તોટો નથી. આ સાથેનો એક નાનકડો પ્રસંગ આપણા જીવનને અને ફરજને સાંકળી આપણી કાર્યની રીતિ નીતિને કેવો ઝંકૃત કરી કેવો સંતોષ આપે છે તે બહુ ખૂબી પૂર્વક સમજાવી જાય છે.

મારા રોજના નિત્યક્રમ મુજબ હું મુ. શ્રી જશીબહેનના નિવાસ સ્થાને લેખનકાર્ય માટે નિયમિત જતો. આવી જ રીતે એક દિવસે હું જઈ રહ્યો હતો. ત્યારે મને રસ્તામાં મારા એક મિત્ર મળ્યા. તેમને જોઈને મને થોડી નવાઈ લાગી. મેં સ્વાભાવિક રીતે તેમને પૂછ્યું, ''કેમ મિત્ર, આજે આ બાજુ ક્યાં જવા નીકળ્યા ?'' અત્યારે તો તમારે ઑફિસ જવાનો સમય છે ? એ ભાઈ થોડા ડઘાઈ ગયા. તેઓ હસ્યા અને બોલ્યા, ''અરે, ભાઈ અમારે તો સરકારી નોકરી વહેલા-મોડા જઈએ કામ વધારે ઓછું કરીએ બધું જ અમારે ચાલે. પણ ! તમે ક્યાં જવા નીકળ્યા છો ?'' મેં જવાબ આપ્યો, અરે ભાઈ હું મુ. શ્રી જશીબહેનના ઘેર લેખનકાર્ય માટે જાઉ છું. મુ. શ્રી. જશીબહેનનું નામ આ રીતે સાંભળી તે ભાઈને તેમના ઘેર આવવાની ઈચ્છા થઈ. તેમણે થોડા સંકોચ સાથે મને પૂછ્યું, હું જશીબહેનના ઘેર આવી શકું ?''

''મેં નિઃસંકોચ પ્રમાણે જવાબ આપ્યો કે જરૂર. તમે મારી સાથે મુ. શ્રી. જશીબહેનના ઘેર આવી શકો છો ?''

આટલી વાત થયા પછી અમે બન્ને મુ. શ્રી જશીબહેનના ઘેર જવા ઉપડ્યા. થોડીવાર પછી બહેનનું ઘર આવી ગયું. મેં ડોરબેલ વગાડ્યો. પણ મારા ભારે આશ્ચર્ય વચ્ચે મને ''આવો, અશોકભાઈ, એવો આવકાર મળ્યો નહિ.

મેં ધીરે રહી દરવાજો ખોલ્યો. અમે બન્ને ભાઈઓએ મુ. શ્રી જશીબહેનના ઘરમાં પ્રવેશ કર્યો. હું મુ. શ્રી જશીબહેન પાસે ગયો ત્યારે તેઓને સખત તાવ હતો. તેઓ બોલી પણ શકતા ન હતા. આવી સ્થિતિમાં મને લાગ્યું કે આજે બહેન મને લેખનકાર્ય કરાવી શકશે નહિ.

થોડીવાર સુધી અમે તેમની પાસે મૌન બેસી રહ્યા. મેં મનોમન વિચાર કર્યો કે આજે બહેનની તબિયત સારી નથી. વળી તેમને આરામની ખાસ જરૂર છે. આથી આજે લેખનકાર્ય બંધ રાખું અને તેમને આરામ કરવા દઉં. હું આવું વિચારતો હતો ત્યાં જ બહેને મારું મૌન તોડ્યું. અશોકભાઈ થોડીવાર પછી આપણે લેખનકાર્ય શરૂ કરીએ. બરાબર ને ? અને હા, આ ભાઈ તમારી સાથે આવ્યા છે તે કોણ છે ? મેં તેમનો ટૂંકમાં પરિચય આપ્યો અને વિશેષમાં કહ્યું કે આ ભાઈ આપણી શાળાના જૂના વિદ્યાર્થી છે. સરકારી ઑફિસમાં ફરજ બજાવે છે. તેઓ મને રસ્તામાં જ મળી ગયા. તેમણે તમને મળવાની ઈચ્છા વ્યક્ત કરી અને હું તેમને અહીં લઈ આવ્યો છું.''

ખૂબ સારું કર્યું. થોડી વાતચીત થઈ ચા-પાણી પૂરા થયા અને બહેને ખૂબ જ ધીમા અને બીમાર અવાજે મને ફરીથી કહ્યું કે અશોકભાઈ ચાલો આપણે લખવાનું કામ શરૂ કરીએ. મેં તેમને વિનંતિપૂર્વક ''ના'' પાડી કે બહેન, આજે તમારી તબિયત સારી નથી આપણે આજે કામ બંધ

(અનુસંધાન પૃષ્ઠ ૬૨ ઉપર)

# 'આપનો અતૂટ વિશ્વાસ બની અમારી તાકાત '

**કલ્પના દૂધિયા**

(પૂર્વ આચાર્યાશ્રી, જે.એન. બાલિકા વિદ્યાલય)

પરમપૂજ્ય શ્રદ્ધેય જશીબહેન,
આપને મારા નતમસ્તક વંદન

શતં જીવ શરદમ્ - આપે ચરિતાર્થ કરી બતાવ્યું.

માનવીનું આયુષ્ય કુદરતે ૧૦૦ વર્ષ નક્કી કરેલું છે પણ ભાગ્યે જ કોઈ આપની જેમ ૧૦૦ વર્ષ પૂર્ણ કરી શકે છે. જન્મ અને મૃત્યુ વચ્ચેનો સમય જીવન છે.

માનવીનો ઉદ્દેશ પોતાનું જીવન સારી રીતે સંઘર્ષ વિના, સુખમય રીતે પસાર થાય તેવું બધા ઈચ્છે છે. આપના સેવાભાવી અને શૈક્ષણિક કાર્યો સાથે હું પચાસ વર્ષથી સંકળાયેલી છું. આપને આંતર્બાહ્ય રીતે મેં અનુભવ્યા છે, આપના કાર્યોને જોયા છે. આપના વિચારોની મારા મન-મસ્તિષ્ક ઉપર આજે પણ જીવંત અસર છે.

આપની આંતરિક ચેતના વડે અમારા કાર્યો સદૈવ પ્રફુલ્લિત રહ્યાં છે.

શ્રદ્ધેય બહેનશ્રી ! આપે તો જીવન જીવી જાણ્યું છે. આપના બંને હાથોએ જીવનભર સુકાર્યો કરીને હજારો વિદ્યાર્થીઓને પ્રેરણા આપી છે.

આપના ગુલાબ જેવા સુવાસિત દિલમાંથી સતત પ્રેમના પ્રવાહનો અમે અનુભવ કર્યો છે. આપના હકારાત્મક, પ્રેરણાદાયી વિચારબળે અમારા જેવા શિક્ષકોને જીવન જીવવાની કળા શીખવી છે.

ઓશોએ કહ્યું છે કે, ''જીવન જીવવાનો અર્થ અને આનંદ, જીવનનો અભિપ્રાય અને જીવનનું સત્ય ફક્ત તેમને જ ઉપલબ્ધ થઈ શકે છે, જે સ્વયંને જોવામાં સમર્થ થઈ જાય છે.''

આપે પોતાની જાતને સતત જાગૃત રાખી છે. આપે આપના હૃદયરસ વડે રઘુભાઈને સાચા માનવી બનાવ્યા છે. આપે અમારામાં વિશ્વાસ મૂકીને સોંપેલ જવાબદારીઓને પૂર્ણ કરવાની પ્રેરણા આપી છે.

આપે માત્ર સો વર્ષ પસાર કર્યા એવું નથી, પણ આપના સો વર્ષમાં થયેલા કાર્યોનું સરવૈયું કરવામાં આવે તો આપના જેવાં પ્રામાણિક, નિષ્ઠાવાન, પરગજુ ને નિઃસ્વાર્થભાવે જીવનારી વ્યક્તિઓ મળવી મુશ્કેલ છે.

આપનું જીવન ધન્ય બન્યું છે.

આપના કાર્યો હજારો વિદ્યાર્થીઓ અને શિક્ષકોના જીવનરસને પ્રવાહિત કરી રહ્યાં છે. આપે કેટલી બધી સંસ્થાઓમાં પ્રાણ પૂર્યા છે, ચેતના પ્રગટાવી છે, જીવંત બનાવી છે.

આપને મારા નતમસ્તક લાખ લાખ અભિનંદન છે.

ને પરમકૃપાળુ પરમાત્માને મારી પ્રાર્થના છે. આપનું શેષ જીવન તંદુરસ્તીભર્યું બની રહો, કલ્યાણમય બની રહો.

ને અમારા માનવંતા શ્રદ્ધેય બહેનશ્રી, આપની અભૂતપૂર્વ સ્મરણ શક્તિની હું હરહંમેશા પ્રશંસક રહી છું.

હવે આપણા આંગણે ઊષાનું આગમન થઈ રહ્યું છે. આજની ઊષાનું સ્વાગત કરો !

તે જ જીવન છે, જીવનનો સાર છે.

માનવ અસ્તિત્વની બધી વિવિધતાઓ,

(અનુસંધાન પૃષ્ઠ ૬૨ ઉપર)

# ધન્ય પળ

મધુરી દેસાઈ

પ્રેરણામૂર્તિ માનવીય પૂજ્ય જશીબહેન.

શત શત વંદન. શુભ કામનાની સાથે...

શતાબ્દીને આરે પહોંચતા સમયે પરદેશની ધરતી (લંડન)ની આ છબી તેમની પૂરી વ્યક્તિત્વની ઓળખ કરાવી જાય છે. શિક્ષાવિદ્ પૂજ્ય જશીબહેનની પરિવાર, શિક્ષણ, શાળા અને સમાજમાં જે છબી સૌના મન અને હૃદય પર છાઈ રહી છે તે વાક્ય થઈ છે.

**છબી**

ફોટોગ્રાફ લંડનમાં અચાનક મેળાપ પરિવારની વચમાં તેનાં પુત્ર ડૉ. પ્રશાન્ત, પત્ની ડૉ. ગીતા અને દીકરી ઈરાની હાજરીમાં અચાનક મેળાપમાં એક વિદ્યાર્થી જેને પંચાવન વર્ષ પહેલાં શાળામાં દાખલ કરી શાળા અને શિક્ષકની કડી મેળવતાં જશીબહેનની "નિર્ણય શક્તિ"નું ઉદાહરણ રૂપે પ્રસંગનું આરોપણ.

મારા શિક્ષક જીવનમાં આવેલા મા. જશીબહેન સાથેનો પ્રસંગ.

"મારી મૂંઝવણ અને મા. જશીબહેનની આંખ"

મા. જશીબહેનની આંખ પારદક્ષતા તેમજ નિર્ણય શક્તિ એ ત્રણે એક સાથે અનુભવેલી ઘટના સૌ સમક્ષ.

વડોદરા યુનિવર્સિટીની શાળામાં દસ વર્ષના અનુભવ સાથે દિલ્હીની સરદાર પટેલ શાળામાં જોડાઈ હતી, દિકરાના જન્મ પછી ચાલુ રાખવા અંગે તેમનો આગ્રહ અને સાથ બંને હતાં. મારે જરૂર પણ હતી, પરંતુ મારે માટે કોઈ કોઈ વખત વિચારણીય સંજોગો ઉપસ્થિત થતા હતા, એક વખત એવો જ કટોકટીનો પ્રસંગ બન્યો. જેમાં દીકરાને મુંઝાયેલો જોયો અને મારી મૂંઝવણ વધી. તે દિવસે શાળામાં શિક્ષકોની મિટિંગ હતી. રોકાવાનું જરૂરી હતું. બધા શિક્ષકો મિટિંગમાં ગોઠવાયા. મા. જશીબહેન, રઘુભાઈ આવ્યાં. મિટિંગ શરૂ થઈ. પરંતુ મારું મન સવારના બનેલા જોયેલા પ્રસંગમાં ઉલજેલું છૂપાવવા પ્રયત્ન કરતી પરંતુ મા. જશીબહેનની આંખથી છાનું ન રહ્યું. નજર ગઈ અને એમણે ચહેરાને વાંચી લીધો હતો.

મિટિંગ પૂરી થતાં સીધા પાસે આવ્યાં અને કહ્યું, જરા રોકાઈ જજો. બધા શિક્ષકો ગયા, બીજા ઓરડામાં લઈ જઈને વાતચીત કરી કે શું થયું છે આજે ! મુંઝાયેલા લાગો છો ! તેમની સહાનુભૂતિ સાથે આત્મીય બની પૂછ્યું એટલે ખુલ્લા મનથી જણાવ્યું કે જશીબહેન દીકરાને હું અન્યાય કરી રહી છું. બાળકના મન ઉપર નાના મોટા સારા નરસા પ્રસંગોની કેવી અસર થાય તે જાણવા છતાં આજે આ પરિસ્થિતિ નજરે નિહાળી, મેં તમારા સાથ અને પૂરા સહકાર સાથે ચાલુ રાખ્યું. પરંતુ આ પ્રસંગ નજરે જોયો ત્યારે તકલીફ થઈ કે -

ભૂલ કરી શું ?

જ્યારે તેમણે તરત જ નિર્ણય લઈ જણાવ્યું કે ઓહો, આપણે તેને નર્સરીમાં રીતસરનું નામ દાખલ કરાવી દીએ. બધા બાળકો સાથે રહેશે, બે ચાર મહિના નાનો છે તેમાં કંઈ નહિ... તમે કાલે ઑફિસમાંથી ફોર્મ લઈ ભરી દો. થોડી વાતો કરી હું સ્વચ્છ થઈ અને દીકરા સાથે ઘેર આવી.

પારદર્શક દૃષ્ટિ અને સમયસૂચક નિર્ણય શક્તિનો પરિચય આપતાં જશીબહેન કેમ વિસરાય ગમે તેટલાં દૂર

હોઈએ પરંતુ જે હંમેશ માટે સ્થાન બનાવી ચૂક્યાં હોય દીકરાને તેમની સાથે જોતાં મસ્તક નમ્યું.

ગુજરાતને મા. જશીબહેનનો પરિચય કરાવવાની આવશ્યકતા નથી. પરંતુ નવી પેઢીના શિક્ષણના વ્યવસાયમાં કાર્યરતને તેમનો ટૂંકમાં પરિચય કરાવવાનું યોગ્ય બને છે.

સમાજને લગભગ સાત-આઠ દાયકાથી પ્રેરણા, પ્રોત્સાહન અને માર્ગદર્શન કરાવતા મા. જશીબહેન અગ્રગણ્ય શિક્ષાવિદ્ સ્વ. હરભાઈ ત્રિવેદીના જ્યેષ્ઠ પુત્રી તેમજ દિલ્હી સરદાર પટેલ વિદ્યાલયના સ્થાપક પ્રિન્સિપાલ અને વડીલ ડૉ. રઘુભાઈ નાયકના પત્ની, બાળપણ અને શિક્ષણ ભાવનગર દક્ષિણામૂર્તિ અને ઘરશાળામાં, કાર્યસ્થળ ભાવનગર, અમદાવાદ અને દિલ્હી.

માનનીય જશીબહેનનું વ્યક્તિત્વ સૌમ્યતા સભર, સંવેદનશીલ, પારદર્શક દીર્ઘદૃષ્ટિ, સમય સૂચક નિર્ણય શક્તિનો પરિચય આપતી ખાણ. નવી પેઢીને કાયદાઓ અને મહત્વાકાંક્ષા કરતાં મૂલ્ય અને નિષ્ઠાને પ્રાથમિકતા ગણાવતા અને મહત્ત્વ આપતા કેમ ભૂલાય જે હંમેશ માટે સ્થાન બનાવી ચૂક્યા હોય. વ્યક્તિની ક્ષમતાઓ અને સંજોગને સમજી, ધ્યાનમાં રાખી પ્રોત્સાહિત કરી લક્ષ પ્રાપ્ત કરવામાં નિપુણ સરદાર પટેલ વિદ્યાલયમાં તેમનો અમૂલ્ય ફાળો રહ્યો છે. સૌના આપ્તજન બન્યા છે. શતાયુ અને દિલ્હી ગુજરાતી સમાજ, સરદાર પટેલ વિદ્યાલયના શિક્ષણગણ તેમજ વિદ્યાર્થીઓ તરફથી તેમના સ્વસ્થ સ્વાસ્થ્યની કામનાઓ સાથે જૂગ જૂગ જીવો પૂજ્ય જશીબહેન. સમસ્ત પરિવારને અભિનંદન. શુભેચ્છા.

દેસાઈ પરિવાર : મધુરી, રમેન્દ્ર, નિરવ, શુભદ્રા, નંદિત.

---

**કાન્તદૃષ્ટા**

ખૂબ મન દઈને હૃદયથી રસપૂર્વક કરેલું કાર્ય આપણને આપણી નજીક લઈ જાય છે. મુ. શ્રી જશીબહેન તેમના જીવનની દરેક દરેક પળને એ રીતે જીવે છે અને માણે છે અને દરેક કાર્યમાં સંપૂર્ણયોગદાન આપે છે. બીજામાં રહેલી સુંદરતાને પીંછાણી શકે છે, આપણામાં રહેલા 'સ્વ'ને જગાડી શકે છે. પોતાની જાતને નવા નવા પડકારોમાંથી રસ્તો કરી, સફળતા પ્રાપ્ત કરી, આનંદમય જીવન જીવી શકે છે. ખરેખર, એ વ્યક્તિ જ ઊંચાઈને આંબી શકે છે. "ડૉ. રઘુભાઈ નાયક શિક્ષણસંકુલના" સ્વપ્નદૃષ્ટા - પૂ. જશીબહેન અને પૂ. રઘુદાદા, તેઓની સર્જનાત્મકશક્તિનો દૃષ્ટિકોણ, વિશાળ વિચારધારાના કારણે જ પૂર્ણ વ્યક્તિત્વ બનાવી શક્યા. આપણસૌને પણ એ જ રાહ મુ. શ્રી. જશીબહેને બતાવ્યો છે.

મુ. શ્રી જશીબહેને ચીંધેલ રાહને આપણે સૌ સમર્થન આપીએ એ જ એમના શતાબ્દી વર્ષ પ્રવેશ સમસ્યાના જન્મદિવસની સાચી શુભેચ્છા બની રહેશે.

---

स्वस्त्यस्तु ते कुशलम अस्तु चिरायरस्तु,<br>
गोत्राभिवृद्धि धन-धान्य समृद्धिरस्तु।<br>
ऐश्वर्यमस्तु बलमस्तु रिपुक्ष्योस्तु,<br>
वंशे सदैव भवताम हरि-भक्तिरस्तु ॥<br>
जीवेत शरदः शतम्

**ઈન્ટરનેટ પરથી અત્રે રજૂ કરેલ કવિતા લીધેલ છે.**
**મુ. શ્રી જશીબહેનના જન્મદિવસની શુભેચ્છા માટે.**

**The Sunstill shines on you.**

***Happy birthday !***

*your petals are slightly wilted,*<br>
*But the sun still shines on you,*<br>
*your stem has withered somewhat,*<br>
*still your starture comes right through.*<br>
*Although your roots are showing,*<br>
*you yourself aren't six feet under,*<br>
*And even if you're ripening,*<br>
*your sweet fruit is like no other.*

# મુ. શ્રી જશીબહેન નાયક શતાબ્દી વંદના









૧૮ નવેમ્બર ૨૦૧૭


મુ. શ્રી જશીબેન નાયક
શતાબ્દી વંદના

# પ્રાતઃ સ્મરણીય શ્રીમતી જશીબહેન નાયક

**નંદુભાઈ એમ. રાવલ**

નિવૃત્ત આચાર્ય, શેઠ અ. હ. સરસ્વતી વિદ્યાલય, સરસપુર, અમદાવાદ.

મારા ગામ રળોલની શાળામાં એક જ મોટો ઓરડો. આ ઓરડાની બહાર લાંબી લોબી અને સૌથી આગળ નાનકડો ચોક. પહેલા ધોરણના છોકરાઓ ચોકમાં, બીજા અને ત્રીજાના લોબીમાં બે છેડા પર. અને ઓરડાના ચાર ખૂણે ચાર વર્ગો. આખો દિવસ આંક ગોખાવે. મોપાઢ બોલાવે. ક્યારેક ઉભા કરી કોઈ પાઠ વંચાવે આને ભણાવ્યું કહેવાય. આચાર્ય સહિત ૩ થી ૪ શિક્ષકો વચ્ચે બધા ધોરણના થઈ ૭૦-૮૦ બાળકો. ન ઘંટ, ન પિરિયડ બદલાય. ન ટાઈમ ટેબલ. નીચે બેસીને ભણવાનું. શાળાને બધા છોકરાઓએ વાળવાની. પંખાની તો કલ્પના ન હોય. એક શિક્ષક પાસે બે ધોરણ. આ સિવાય કોઈ જ પ્રવૃત્તિ નહીં. હા, બહેનના છોકરાઓને રમાડવાના. સાહેબના ઘરે જઈ કાંઈ ઘરકામ હોય તો તેમાં મદદ કરવાની. શાળા છૂટે ત્યારે કિકિયારી કરતા દોડતા ઘરે જતા રહેવાનું.

ગામમાં આગળ અભ્યાસની વ્યવસ્થા ન હોવાથી હું મારા બેનના ત્યાં રહી અમદાવાદ ભણવા આવ્યો. ૧૯૫૯ ના જૂન માસમાં સરસ્વતી વિદ્યામંડળ સંચાલિત અસારવા વિદ્યાલયમાં હું આઠમા ધોરણમાં દાખલ થયો. શ્રી છોટુભાઈ પટેલ અમારા આચાર્ય. રળોલ અને લીંબડીની પ્રાથમિક શાળામાંથી હું અમદાવાદ ભણવા આવેલો. આ શાળામાં મને બધું નવું નવું લાગે. સવારે મેદાનમાં સૌ વિદ્યાર્થીઓ - શિક્ષકો શિસ્તસ્તબદ્ધ ઉભા રહી પ્રાર્થના કરે. સંગીત સાથેની પ્રાર્થના-તબલા, હાર્મોનિયમ, મંજીરા, ખંજરી સાથે સુંદર રાગમાં રોજ જુદી જુદી પ્રાર્થના. જેમાં પ્રકૃતિગીત, રાષ્ટ્રભક્તિના ગીત, ભક્તિ ગીત વગેરે હોય. પછી શિક્ષક અથવા આચાર્ય થોડું બૌધિક આપે. અગાઉ નક્કી કર્યો હોય તે કોઈ એક વિદ્યાર્થી દેશવિદેશના સમાચાર વાંચી સંભળાવે. પછી શાંતિમંત્ર બોલી લાઈનસર સૌ પોતપોતાના વર્ગમાં જાય. અગાઉની શાળામાં મેં ન તો પ્રાર્થના સાંભળી ન શિસ્તબદ્ધ વર્ગમાં ગયા. બેલ પડે, સાહેબ આવે અને ભણાવવા મંડે.

સમય જતા મને ખબર પડી કે આ શાળાના પહેલા આચાર્યાબહેન શ્રીમતી જશીબહેન નાયક હતા. તેમણે અને તેમના પતિ ડૉ. રઘુભાઈ નાયકે આ ઈત્તરપ્રવૃત્તિઓને પ્રાધાન્ય આપતી શાળા ઊભી કરી છે. જ્યાં બાળકોનો સર્વાંગી વિકાસ થાય તે મુખ્ય હેતુ હતો. મુખપાઠ હરિફાઈ, વક્તૃત્વ સ્પર્ધા, શ્લોકગાન સ્પર્ધા, દર શુક્રવારે છેલ્લા બે તાસ ઈત્તરપ્રવૃત્તિના જેમાં કેટલીકવાર બહારથી આવેલા મહેમાનો કોઈને કોઈ વિષય પર ઉદ્‌બોધન કરે. વર્ષમાં દસેક દિવસ નાટકો ભજવાય. દરેક વર્ગનું એક નાટક, આનું નામ રંગ માધુકરી. દિવસ દરમ્યાન પોતાના વર્ગમાં ટેલેન્ટ પ્રમાણે વિદ્યાર્થીઓએ બનાવેલી વિવિધ કૃતિઓ, લેખો, વિવિધતાસભર અંક, કવિતાઓ, વર્ગનું પરિણામ ડિટેઈલ સાથે બોર્ડ પર મૂકેલું હોય. પ્રયોગપોથી, નિબંધની નોટો, ચિત્રો વગેરેને ખુલ્લા કરી મૂકેલા હોય. અને રાત્રે તે જ વર્ગનું નાટક. દર મહિને ઘડતર બહાર પડે. જેમાં શાળાના વિવિધ સમાચારો હોય. વર્ષમાં બે પર્યટન થાય. બે સત્રમાં બે પર્યટન. જ્યાં શિક્ષક પોતાના વર્ગના વિદ્યાર્થીઓને લઈને કુદરતને ખોળે જાય. ઘરેથી નાનકડું ટિફિન લઈ જવાનું. સમૂહમાં જમવાનું અને રમતગમત મોજમસ્તી કરી સાંજે ઘરે પરત થવાનું. ડૉક્ટરને બોલાવી

બાળકોની શારીરિક તપાસ થાય. વળી વાલીદિન થાય. આ દિવસે વાલીને લઈ શાળાએ જવાનું. આપણું પરિણામ વાલીને અપાય. ક્યાં કચાશ છે તે સમજાવાય. બાળકના શારીરિક રિપોર્ટ-શારીરિક કચાશ અંગે ડૉક્ટરના સૂચનો જણાવાય અને તેનો ઈલાજ કરવા કહેવાય.

દરેક વિદ્યાર્થીને શાળાના આખા વર્ષના કાર્યક્રમો, પરીક્ષા, રજાઓ, વેકેશન, વાલીદિન, વિવિધ પ્રવૃત્તિ, પર્યટન, પરિણામ આવી અનેક બાબતો સાથેનું સ્મરણિકા-કેલેન્ડર અપાય. આ ઉપરાંત અભ્યાસપત્રક કે જેમાં ઘણીબધી બાળકને લગતી માહિતી હોય જેમ કે રોજેરોજ શું લેસન અપાયું. ક્યારે રજા પર રહ્યો, કેમ રહ્યો, પરિણામ, વાલી નોંધ, શિક્ષકની નોંધ અનેક બાબતો અભ્યાસપત્રકમાં સમાયેલી હોય. મહિનામાં એકવાર અસારવાના જુદાજુદા વિસ્તારમાં રાત્રે એકાદ કલાક શિક્ષકવાલી સભા થાય. તેમાં શાળાની પ્રવૃત્તિઓ. બાળક પ્રત્યે વાલીએ કેવું ધ્યાન રાખવું વગેરેની ચર્ચા થાય.

મેં જાણ્યું કે ગરીબ વિસ્તાર સરસપુર-અસારવામાં સુંદર શાળાઓ સ્થાપનાર તથા નવા-નવા વિચારો શિક્ષણમાં લાવનાર, મને આ બધું નવું-નવું જશીબહેનને શ્રી એચ.એમ. પટેલ સાહેબ સરદાર પટેલ વિદ્યાલય-દિલ્હીમાં આચાર્ય તરીકે લઈ ગયા છે અને તેઓના માર્ગદર્શન નીચે અત્યારે આ શાળાઓ ચાલે છે. ત્યારે મને તેઓ પ્રત્યે બહુ અહોભાવ થયો. આ સંસ્થા જેવી એકપણ સંસ્થા ગુજરાતમાં ન હતી. આ કોઈ સામાન્ય માણસનું કામ નહિ. અસાધારણ વ્યક્તિ જ આવું ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું કરી શકે.

બોલો રળોલની પ્રાથમિક શાળા અને અસારવા વિદ્યાલય બે વચ્ચેનો તફાવત જોઈને મને નવું નવું ન લાગે તો શું લાગે ?

શાળા જીવન પૂરું કરી કૉલેજમાં જોડાયો. તો પાછું નવું પ્રોફેસરનો પિરિયડ ભરો કે ન ભરો, બે-ચાર દિવસ કૉલેજ જાવ કે ન જાવ કોઈ ન પૂછે. ચાલુ તાસે લોબીમાં રખડતા હોવ તો પણ બોલનાર કોઈ નહીં. નહીં પ્રાર્થના, નહીં અન્ય પ્રવૃત્તિ.

**મુ. શ્રી જશીબહેનનો પ્રત્યક્ષ પરિચય**

એમ.એસ.સી. બી.એડ કરી પાછો વિજ્ઞાન શિક્ષક તરીકે જોડાયો. સરસ્વતી વિદ્યામંડળ સંચાલિત શેઠ અ. હ. સરસ્વતી વિદ્યાલયમાં. ખોવાયેલું જૂનું પાછું આવ્યું.

શિક્ષક થયા પછી હું આ નાયક દંપતીના સંપર્કમાં આવ્યો. ડૉ. રઘુભાઈ જરાક કડક સ્વભાવના પણ ગેરશિસ્ત, થાય તો જ. બાકી માયાળુ અને શ્રીમતી જશીબહેન તો વાત્સલ્યમૂર્તિ જ હતા.

જશીબહેનને તો પછી અવારનવાર મળવાનું થયું, મેં જોયું કે બહેનને શિક્ષણ ઉપરાંત નાટક, ગીત, સંગીત, નૃત્ય વગેરેમાં પણ ખૂબ જ રુચિ છે. ૧૫ ઑગષ્ટ કે ૨૬ જાન્યુઆરી બંને દિવસે માત્ર ધ્વજવંદન જ ન થાય. સાથે એક નૃત્યનાટિકા હોય જ. વાલીઓને આમંત્રણપત્ર મોકલવામાં આવે. વાલી અને બાળકો આ કાર્યક્રમમાં આવે. શાળાના પચાસ-સાંઈઠ બાળકો ભાગ લઈ શકે તેવી નાટિકા તૈયાર કરી પોતે આખો દિવસ શાળામાં રોકાય અને એક્ટિંગ શીખવાડે. આ બધા વિદ્યાર્થીઓ માટે ભાડે ડ્રેસ લાવવાનો ખર્ચ શાળા ઉપાડતી-વાલીઓ નહિ. જ્યારે બીજે તો વેપારની હાટડીઓમાં તો, વિદ્યાર્થી પાસે વિદ્યાર્થીના ખર્ચે આ બધું મંગાવવામાં આવે.

ત્રણ પ્રાથમિક શાળા અને ત્રણ ઉચ્ચતર માધ્યમિક શાળાઓ. પણ આ બધી શાળામાં શ્રીમતી જશીબહેન અઠવાડિયામાં ઓછામાં ઓછું બે વાર તો જાય જ. શિક્ષકોને મળે, શું કરો છો અને શું હજુ વધુ કરી શકાય તે સમજાવે. દર શનિવારે શાળા છૂટ્યા પછી બધી શાળાઓના આચાર્યો, આ સંસ્થાના ડિવેટેડ વિદ્યાર્થી કમ આચાર્ય કમ મંત્રી શ્રી વિઠ્ઠલભાઈ ઓઝા પણ આ સભામાં હોય જ. બેન અને સાહેબ જ્યારે દિલ્હી હતા ત્યારે સમગ્ર શાળાના ભાર શ્રી વિઠ્ઠલભાઈ ઓઝા સંભાળતા હતા અને એમની જ તર્જ પર શાળાને તેમણે આગળ ધપાવી. વાલીઓ અને

વિદ્યાર્થીઓ વચ્ચેનો સંબંધ કઈ રીતે વધુ ગાઢ થાય તે રીતે તેમણે ઘણા પ્રયાસો કર્યા અને સુંદર સફળતા મેળવી.

સંસ્થાની રજતજયંતિ અને સુવર્ણજયંતિ વખતે ખૂબ સુંદર કાર્યક્રમો કર્યા. ગાંધીનગર પાસે અમિયાપુર નામનું એક પછાત ગામ દત્તક લીધું અને દર અઠવાડિયે શનિ-રવિ બે દિવસ એક શિક્ષક પોતાના વર્ગને લઈને અમિયાપુર તળાવને ખોદીને ઊંડું બનાવે. ત્રણ ચાર ઓરડા. સ્ટેજ વગેરે બનાવાયું. ગામના છોકરા અહીં વોલીબોલ રમે, ઘોડિયાઘર બનાવ્યું. મજૂરીએ જતી બહેનો પોતાના બાળકને આ કેન્દ્રમાં મૂકી જાય. સાંજે લઈ જાય. છાશ કેન્દ્ર બનાવાયું. ગામના અન્ય પ્રશ્નોને પણ સુલઝાવ્યા. કોઈપણ કામ હાથમાં લે તે પુરું ન કરે - સંપૂર્ણ ન કરે તો જશીબહેન શાના ? આવા દુરંદેશી જશીબહેન છે.

સુવર્ણજયંતિ વખતે એક નાટક કરવું અને તે પણ ટાઉનહોલમાં આવું નક્કી થયું. સંપૂર્ણ જવાબદારી જશીબહેને લીધી. નાટકની તૈયારીઓ થવા માંડી. પણ કલાકારો જલ્દી એક્ટિંગ સમજતા ન હતા. પૂરતો રિસ્પોન્સ મળતો ન હતો. જશીબહેને મને કહ્યું કે તમે વિઠ્ઠલભાઈની જેમ વિદ્યાર્થીસંપર્ક બહુ જ ધરાવો છો. આપણો કોઈ એવો કલાકાર વિદ્યાર્થી નથી ? તમે ગમે ત્યાંથી શોધી કાઢો.

પ્રવીણ પટેલ નામનો એક વિદ્યાર્થી ભૂતકાળમાં મારા વર્ગમાં ભણતો હતો. તે ટીવી કલાકાર હતો. હું તેને મળ્યો. આખો કાર્યક્રમ સમજાવ્યો. કહ્યું તારે બે એક માસ સેવા આપવાની છે. અને તેણે પોતાની વ્યસ્તતામાંથી સમય કાઢી આખાયે નાટકનું દિગ્દર્શન જશીબહેન સાથે મળીને કર્યું. વડલો નાટક ખૂબ જ સફળ રહ્યું. આ ઉપરાંત મશાલ સરઘસ પણ કાઢ્યું જે સરસપુરથી અસારવા સુધીનું હતું.

આ દિવસોમાં એક રેલી કાઢી જેમાં રઘુભાઈ જશીબહેન ખુલ્લી જીપમાં હતા. ચાર રસ્તા આગળ ગામલોકોએ રઘુભાઈને ખભે ઊચકી લીધા અને થોડાક સમય તેમને ઊંચકીને ચાલ્યા. હૃદયની કેટકેટલી લાગણીઓ તેમની સાથે જોડાયેલી હશે ! અસારવા રેલી પહોંચી. અસારવા વાસીઓએ રઘુભાઈ-જશીબહેનને ગુલાલ ગુલાલ કરી નાંખ્યા. જાણે ગુલાલથી તેમને નવડાવ્યા ના હોય !

છ શાળાઓ ઉપરાંત જશીબહેનના પ્રયત્નથી સંગીતશાળા પણ શરૂ થઈ. જેમાં શાળાના કે અન્ય વિદ્યાર્થીઓને તબલાવાદન, હારમોનિયમ, બંસરી, સિતાર આદિ શીખવાતું.

શાળામાં વિદ્યાર્થી સ્વયં શિસ્ત શીખે તે હેતુથી ચૂંટણી થતી. જેમાં દરેક વર્ગમાં છ પ્રતિનિધિ ચુંટાતા. તેઓને વિવિધ કામો સોંપાતા અને બાળકો તે કામો ખૂબ જ આનંદપૂર્વક - જવાબદારીપૂર્વક ઉપાડતા. શાળાના પ્રશ્નોની પ્રતિનિધિ સભામાં ચર્ચા થતી. તેના ઉકેલનો વિચાર થતો અને સર્વાનુમતે પ્રશ્નો ઉકેલાતા. આ ઉપરાંત શિક્ષકોને ચેકથી પગાર, નિમણૂક વખતે કોઈ કર્મચારી પાસેથી એક પૈસોય નહીં લેવાનો, નાના-મોટા પ્રશ્નોની ચર્ચા માટે દર મહિને બૃહદ સભા રાખવી, ઉનાળાના વેકેશનમાં બે-ત્રણ દિવસ બહારગામ જઈ આયોજનસભા થતી જેનો ભોજન સહિત ભાડા ભથ્થાનો ખર્ચ સંસ્થા ઉપાડતી.

લંડન અને અમેરિકામાં તેમનો દીકરો અને દીકરી-જમાઈ રહેતા. તેઓ પણ આ શાળામાં ભણેલા. તેમણે ત્યાં અહીં ભણી ગયેલા વિદ્યાર્થીઓનું એક મંડળ બનાવ્યું છે. અવારનવાર તેઓ મળે છે. અને શાળાજીવનને યાદ કરે છે. રઘુભાઈ-જશીબહેન ઘણી વખત પરદેશ જાય છે અને પરિવાર સાથે રહે છે.

શાળાના માજી આચાર્ય સ્વ. જ. કા. પટેલ સાહેબ ને ૯૧-૯૨માં નિવૃત્ત થવાનું હતું, મને પટેલ સાહેબે કહ્યું કે રઘુભાઈ-જશીબહેને તમને બોલાવ્યા છે. આપણે તેમના ઘરે જવાનું છે. મેં પૂછ્યું કેમ ? સાહેબે કહ્યું કે કેમ મારા પછી તમારે આચાર્ય નથી બનવું ? મે કહ્યું કે સાહેબ મને શિક્ષક જ રહેવા દો. મારે આચાર્ય બની શિક્ષક મિત્રોમાંથી કેટલાક મિત્રો સાથે મનદુ:ખ ઊભું કરવું નથી. બધાને

જોખીને કામ સોંપી ન શકાય. થોડું વધુ ઓછું તો થાય જ. મોડા આવે કે સમયસર વર્ગમાં ન જાય અને કહેવું પડે તો તરત ખોટું લગાડી દે. એટલે જે છું તે રહેવા દો.

જ. કા. સાહેબ પછી આચાર્ય તરીકે આવેલા જોગાણી સાહેબે મને સુપરવાઈઝર બનવા કહ્યું. મેં લખીને આપી દીધું કે મારે સુપરવાઈઝર નથી થવું શિક્ષક જ રહેવું છે.

શ્રી જોગાણી સાહેબ લૉ સોસાયટીમાં ગયા અને આચાર્યની જગ્યા ખાલી પડી. શ્રી વિઠ્ઠલભાઈએ બોલાવ્યો કે મંડળ ઈચ્છે છે કે તમે આચાર્ય બનો. ક્યાં સુધી જવાબદારીથી ભાગતા રહેશો ? મંડળ તમારી સાથે છે. ખોટું થાય તો વિઠ્ઠલભાઈએ કર્યું અને સારું થાય તો નંદુભાઈએ કર્યું. ચિંતા ન કરો. અરજી કરી દો અને મેં અરજી કરી. ગુણોની ગણતરી મુજબ મારું નામ પહેલું જ આવતું હતું. પીછેહઠ ન જ કરાય. જશીબહેને મારામાં આચાર્ય તરીકેના કેટલાક ગુણો જોયા હશે તો જ મને અરજી કરવા કહ્યું હશે. નવું નવું જોઈ ચકાચૌંધ થયેલો વિદ્યાર્થી છેવટે તે જ સંસ્થાનો આચાર્ય બની ગયો.

આચાર્ય બન્યા પછી મારે ઘણીવાર જશીબહેનને બંગલે જવાનું થતું. મળવાનું થતું. તેમની આતિથ્યભાવના જબ્બર હતી. ના પાડો તો પણ ચા-નાસ્તો તો કરવો જ પડે. ઘણીવાર બેઠા હોય ત્યારે તેમના પરિવારની, ભાવનગરની, ભાવનગરના રાજવી, દીવાન પ્રભાકર પટણી વગેરેની વાતો કરે.

**તેમણે કહેલી કેટલીક અંતરંગ વાતો**

''મારા બાપુજી હરભાઈ-હરિશંકર ત્રિવેદી બી. એ. થયા. નોકરીની શોધ માટે મુંબઈ ગયા. આર્થિક સંકડામણને કારણે સામાન્ય નોકરી કરવા પણ તૈયાર થતા. એકવાર એક પ્લમ્બરની દુકાનવાળાએ હરભાઈને ઈન્ટરવ્યૂમાં બોલાવ્યા. તેમના પહેલા એક ભાઈ ઈન્ટરવ્યૂ આપીને બહાર આવ્યા. શૂટેડ-બૂટેડ થઈને આવેલા એ ભાઈએ કહ્યું કે મને સાંઈઠ રૂપિયાની ઓફર કરી છે. શ્રી હરભાઈને હવે ઈન્ટરવ્યૂમાં બોલાવ્યા. વાતચીતને અંતે શેઠે કહ્યું કે પેલા ભાઈને સાંઈઠ અને મને પિસ્તાલીસ કેમ ? શેઠે કહ્યું તે શૂટેડ-બૂટેડ છે અને તમે ધોતિયું પહેર્યું છે. એટલે તમારા કરતા તેને વધારે પગાર આપવો પડે. હરભાઈને ખોટું લાગ્યું અને કહ્યું કે તો આ નોકરી શૂટેડ-બૂટેડને જ આપી દો.''

''અમે છ ભાઈ બહેન. ચાર બહેનો અને બે ભાઈ. બાનું નામ સંતોકબહેન. એક અક્ષરેય ભણેલા નહિ પણ કોઠાસૂઝ ખૂબ. કુટુંબના પરિવારજનો માટે પૂછ્યા ઠેકાણું હતા. દિવસ આખો કામ-કામ અને કામ. મારા પિતાજી કહેતા કે તમે થાકી જાવ એટલું કામ ન કરો. હું તમને મદદ કરાવું અને બાપુ બા ને ઘરના ઘણા કામોમાં મદદ કરાવતા. બા રૂઢિચુસ્ત બ્રાહ્મણ હતા. જ્યારે મારા બાપુજી થોડા આસ્તિક પણ સમાજની દૃષ્ટિએ વધારે નાસ્તિક. બે વાર તો એમને નાત બહાર મૂકેલા પણ ગભરાયા નહિ.''

''જશીબહેન એ હરભાઈના સૌથી મોટા પુત્રી. હજુપણ તેઓના ભાઈબ્હેન તેમને ''મોટી'' કહીને બોલાવે છે. તેમનું સાચું નામ યશોધરા પણ લાડકું નામ જશીબહેન. તેમણે પૂર્વ પ્રાથમિક શિક્ષણ ''મૂછાળી મા'' તરીકે ઓળખાતા ગીજુભાઈ બધેકા પાસે લીધું. પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ દક્ષિણામૂર્તિ ભાવનગરમાંથી મેળવ્યું. જશીબહેને સ્વાધ્યાય અને સહકારની ભાવના, સ્વતંત્ર મિજાજ, શિસ્ત, સ્ફૂર્તિ વગેરે ગુણો આ સંસ્થામાંથી મેળવ્યા.

''રઘુભાઈ જર્મનીથી પી.એચ.ડી. કરીને ભાવનગર આવ્યા. મારા બાપુજીને મળ્યા. તેમણે શિક્ષક તરીકે રહેવા તૈયારી બતાવી. બાપુજીએ રઘુભાઈને સીધા આચાર્ય જ બનાવી દીધા અને પોતે સંસ્થાના વહીવટકર્તા - પ્રમુખ બની રહ્યા. રઘુભાઈએ સંસ્થાનો સમગ્ર ભાર પોતાના પર ઉપાડી લીધો.''

અમદાવાદની એસ.એલ.યુ. મહિલા કૉલેજ અને મુંબઈની કર્વે યુનિ.માંથી તેઓ ગ્રેજ્યુએટ થયા. નડિયાદની વિઠ્ઠલ કન્યા વિદ્યાલયમાં શિક્ષિકા બન્યા. પણ અહીં તેમને બધું નવું નવું લાગવા માંડ્યું. ક્યાં દક્ષિણામૂર્તિ અને ક્યાં

આ કન્યા વિદ્યાલય અહીં કડક શિસ્ત, રૂઢિચુસ્ત માનસવાળા આચાર્ય-શિક્ષકો. શિક્ષણ પદ્ધતિ અલગ, શિસ્ત અને વ્યક્તિત્વ વિકાસના ખ્યાલોનો અભાવ. વાલી અને શાળા હંમેશાં છોકરીઓને શંકાની નજરે જૂએ. સાપનો ભારો સમજે. આવા વાતાવરણમાં તેઓ સેટ ન થઈ શક્યા અને ભાવનગર ઘરશાળામાં શિક્ષિકા તરીકે જોડાયા.

"ઘરશાળાના વિદ્યાર્થીઓ મેટ્રીકની પરીક્ષા આપવા મુંબઈ યુનિ. સાથે જોડાયેલા હોવા જોઈએ. તેથી રઘુભાઈએ આચાર્ય તરીકે મુંબઈ યુનિ. ને આ જોડાણ માટે અરજી કરી. ત્યાંથી, શાળાની તપાસ માટે એક પંચ ત્રણ દિવસ માટે આવ્યું. પણ અહીંની વિવિધ પ્રવૃત્તિઓ, એસાઈન્મેન્ટ પદ્ધતિ, ગ્રેડેશનથી મૂલ્યાંકન, કોઈને નાપાસ નહીં કરવાના વગેરે જાણી તપાસપંચ નેગેટિવ રિપોર્ટ આપી મુંબઈ ભેગા થઈ ગયા અને ઘરશાળાને માન્યતા ન મળી. રઘુભાઈ નિરાશ ન થયા. જાતે મુંબઈ જઈ સિન્ડીકેટના સભ્યોને મળ્યા. સભ્યો તથા રજિસ્ટ્રારને સમજાવ્યા કે અમારી પદ્ધતિ ઘણી રીતે અલગ હશે. પણ નવી પદ્ધતિ છે. બાળકોના સર્વાંગી વિકાસ માટે ભવિષ્યમાં આ જ પદ્ધતિ કામ આવશે. છેવટે સિન્ડીકેટે એક શરતે માન્યતા આપવાની તૈયારી બતાવી. જો રઘુભાઈ સિન્ડીકેટને રૂ. ૧૦,૦૦૦/- ડિપોઝીટ આપે અને તેમના પરીક્ષામાં બેસેલા વિદ્યાર્થીમાંથી ૪૦% પાસ થાય તો સંસ્થાને માન્યતા મળશે અને ડિપોઝીટ પાછી મળશે. પરીક્ષા લેવાઈ અને સૌરાષ્ટ્રની અન્ય શાળાઓ કરતા ઘરશાળાનું પરિણામ સૌથી ઊંચું હતું. એટલું જ નહિ પણ એક વિદ્યાર્થી પ્રથમ પણ આવ્યો."

જૂન ૧૯૪૧માં જશીબહેને રઘુભાઈ સાથે લગ્ન કરી લીધા. બાપુજીને લગ્નની વાતનો વાંધો ન હતો. બા રૂઢિચુસ્ત હોવા છતાં તેમણે પણ મંજૂરી આપી. અમે કુલ ચાર જણ આ લગ્ન માટે સંમત હતા. પણ સમાજ વિરોધમાં હતો. પણ સમાજને અવગણ્યો. પછી સમાજે પણ સ્વીકારી લીધા. તેમના લગ્ન તદ્દન સાદાઈથી થયેલા. ફક્ત બાર આના ખર્ચ. આમ જશીબહેનની સાદગી, સમાજ સામે લડવાની શક્તિ, લગ્ન માટે માતાપિતાને સમજાવ્યા અને તેમની મંજૂરી બાદ લગ્ન કર્યા. આના પરથી તેઓ નમ્ર અને આજ્ઞાંકિત છે તેનો ખ્યાલ આવે.

"ડૉ. રઘુભાઈનો સ્વભાવ બહુ કડક. શિસ્ત અને સમયના જબરા આગ્રહી. એક સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાવનગરના એક મંત્રીને મહેમાન તરીકે આમંત્રાયા. તે મોડા આવ્યા. રઘુભાઈએ એકપણ મિનિટ બગાડ્યા વગર અપમાનની ટીકા કરી પણ રઘુભાઈએ તેને ન ગણકારી."

"ભાવનગરના એક સદ્‌ગૃહસ્થનો દીકરો નાપાસ થાય તેમ હતો. આ સદ્‌ગૃહસ્થને આફ્રિકામાં મોટો વેપાર, રઘુભાઈએ તેમને પત્ર લખી જણાવ્યું કે આપના દીકરાના અભ્યાસ બાબતે આપ આચાર્યને મળી જાવ. તે ન આવ્યા પણ તેમના એક કર્મચારીને મોકલ્યો. રઘુભાઈએ તેની સાથે ચર્ચા ન કરી. આથી શેઠે તેમના મુનીમને મોકલ્યા. રઘુભાઈએ સદ્‌ગૃહસ્થને જણાવ્યું કે તમારા બાળકના અભ્યાસ બાબતે વિચારવાનો પણ તમને સમય નથી. તમે મને રૂબરૂ મળશો તો આનંદ થશે. છેવટે કચવાતા મને તેઓ આવ્યા. કદાચ એમ માનતા હશે કે માસ્તરને મારે મળવાનું હોતું હશે ! સ્ટેટસનો સવાલ હતો. રઘુભાઈએ તેમને બાળક પર અંગત ધ્યાન આપવાની જરૂરિયાત સમજાવી. ઘરે પણ તેના અભ્યાસમાં અંગત ધ્યાન આપવાની જરૂરિયાત સમજાવી. ઘરે પણ તેના અભ્યાસમાં ધ્યાન આપો. આજે એ છોકરો મેટ્રીક પાસ થઈ લંડનમાં સફળ વેપારી છે." આવા રઘુભાઈને સ્વભાવથી હરભાઈ સાથે ઓછું બનવા લાગ્યું. અને તેમણે ૧૯૪૪માં નાના દીકરાને લઈ ભાવનગર છોડી અમદાવાદના સરસપુરમાં સરસ્વતી વિદ્યાલય શરૂ કર્યું.

સરસપુરની એક બંધ મિલના કમ્પાઉન્ડમાં ચાલતી શાળા ખરીદી. કચરા, કોલસીના ઢગલા અને પતરાનો શેડ. આ શેડને સાફ કરી રસોડું બનાવ્યું. વીજળીને બદલે ફાનસ. ખાવામાં જવના રોટલા અને રીંગણનું શાક. દીકરાને આમાં શરીરે મચ્છર કરડ્યા. ફોલ્લી ફોલ્લી થયું

ડૉક્ટર પાસે લઈ ગયા કે ઓરી-અછબડા તો નથી ને. ડૉક્ટરે કહ્યું કે "આ તો મચ્છરોની લીલા છે." આવા વાતાવરણમાં કમાવા નહીં પણ ગરીબ બાળકોને શિક્ષણ આપવા સ્કૂલ ખોલી. રાતદિવસ મહેનત કરી. શાળાના ઓરડા, રસોડા વગેરેને જાતે ચૂનો કરી સામાન્ય શાળા જેવું લાગે તેવું મકાન હવે બન્યું. શાળા વિકસતી ગઈ. અસારવા, સરસપુરમાં સંપર્ક વધતા ગયા. રઘુભાઈની સાથે ખભેખભો મિલાવી સહેજપણ અણગમો કે દુઃખ મોં પર આવવા દીધા વગર શિક્ષણસેવા કાર્યમાં લાગી ગયા.

૧૯૫૨-૫૩માં રઘુભાઈ એક વર્ષ માટે અમેરિકા ગયા. જશીબહેને સંસ્થાની સંપૂર્ણ જવાબદારી પોતાના શીરે લીધી. આ દરમ્યાન અસારવાના વાલીઓએ જશીબહેનને અસારવામાં એક શાળા શરૂ કરવા જણાવ્યું. જશીબહેને રઘુભાઈને વાત કરી - સમજાવ્યા અને અસારવામાં અસારવા વિદ્યાલય શરૂ કર્યું. તેના પહેલા આચાર્યા શ્રીમતી જશીબહેન નાયક હતા. ચાર વર્ષ આચાર્ય રહ્યા અને એક નૂતન દૃષ્ટિ અને અભિગમ ધરાવતી એક શાળા તેમણે ઊભી કરી.

જશીબહેને કહ્યું, "હું સાઇકલ લઈ સ્કૂલે જતી, સરસપુર, અસારવા વચ્ચેના નેળીયામાંથી પસાર થતા બીક લાગે. લોકોને નવાઈ લાગે કે આ સ્ત્રી સાઇકલ ચલાવે છે? કોઈ અહોભાવથી તો કોઈ વિચિત્રભાવથી જૂએ. કોમેન્ટ કરે. પણ હું ડર બતાવું નહીં. રઘુભાઈને કહું તો કહે આ વિસ્તાર હજુ બૌધિક, આર્થિક અને સામાજિક બધી રીતે પછાત છે. આપણે એમને સુધારવાના છે. અકળાઈને કામ છોડી દઈશું તો કેમ ચાલશે. અને બીજે દિવસે હું સાઈકલ સવાર થઈ નિશાળે જવા નીકળી પડતી."

"આ દરમ્યાન દિલ્હીમાં સરદાર પટેલ વિદ્યાલયમાં એક સારા શાળા સંચાલક કમ આચાર્યની જરૂર હતી. નાણામંત્રીશ્રી એચ. એમ. પટેલ સાહેબે તેમના સેક્રેટરી શ્રી મૂળશંકરભાઈ ભટ્ટને ગુજરાતમાંથી કોઈ સારા આચાર્ય શોધી લાવવા કહ્યું. તેઓ હરભાઈને મળ્યા. અને હરભાઈએ અમને બંનેને દિલ્હી મોકલ્યા." ત્યાં પ્રાથમિક વિભાગ બહેન સંભાળતા અને હાઈ સ્કૂલ વિભાગ રઘુભાઈ. બંનેયે ટૂંક જ સમયમાં આ શાળાને ભારતની એ ગ્રેડ સ્કૂલમાં નામના અપાવી.

એકવાર જશીબહેને મને કહ્યું, "નંદુભાઈ ત્યાં શ્રી મોરારજી દેસાઈના નજીકના સંબંધી સરદાર પટેલ વિદ્યાલય-દિલ્હીમાં નોકરી કરતા હતા - શિક્ષિકા હતા. કોઈ વધુ પડતી ગેરશિસ્ત આચરતા અમે તેમને સસ્પેન્ડ કરી દીધા. એ બહેન ગયા મોરારજીભાઈ પાસે. શ્રી મોરારજીભાઈનો અમારા પર ફોન આવ્યો કે આ બેનને કયા કારણસર સસ્પેન્ડ કરવામાં આવ્યા છે? અમે જણાવ્યું કે વધુ પડતી ગેરશિસ્ત આચરી છે અને તેઓ જણાવે છે કે હું મોરારજીભાઈની સગી છું. મને કોઈ કાંઈ ન કરી શકે. આ ગેરશિસ્ત અને અહ્મને કારણે એ બહેનને સસ્પેન્ડ કર્યા છે. જો તેમને પાછા લઈ લેવા માટે આપે ફોન કર્યો હોય તો અમે અમારા રાજીનામા મોકલી આપીએ છીએ. મોરારજીભાઈએ કહ્યું કે મારી જેમ તમે પણ આટલા બધા શિસ્તના આગ્રહી છો તેનો મને આનંદ થયો છે. કોઈપણ ક્ષેત્રમાં ગેરશિસ્ત તો ન જ ચાલે. હું એ બહેનને પાછા લઈ લેવાનું કહેતો નથી. અને અમે એ બહેનને પાછા ન લીધા." દેશના નાણાંપ્રધાન અને એક સમયે નાયબ વડાપ્રધાન અને વડાપ્રધાન રહી ચૂકેલા વ્યક્તિને પણ જો આવા જવાબો આપી શકતા હોય તો બહેનમાં અને સાહેબમાં કેટલું ડેરિંગ હશે. કેટલી પ્રામાણિકતા, કેટલી શિસ્તના આગ્રહી! બીજું કોઈ હોય તો મોરારજીભાઈ પર આ કામ એક અહેસાન કર્યા જેવું. ઉપર હાથ રાખવા જેવું હતું પણ શિક્ષણને ભોગે કોઈ સંબંધ તેઓને સ્વીકાર્ય ન હતો. આવા વિરલા ભાગ્યે જ કોઈ હોઈ શકે.

**શ્રીમતી જશીબહેન દ્વારા મને મળેલ આચાર્ય તરીકેનું માર્ગદર્શન**

તેઓ કેટલોક સમય પરદેશમાં રહેતા તો કેટલોક અમદાવાદમાં. જ્યાં પણ હોય મને આચાર્યનું માર્ગદર્શન આપતા. નિયમિત પત્રો જરૂર લખે. હું પણ શાળામાં થયેલી પ્રવૃત્તિઓ, પરિણામ, નબળા વિદ્યાર્થીઓ સારું પરિણામ

અને હોંશિયાર વિદ્યાર્થીઓ વધારે સારું પરિણામ લાવી શકે તે માટે હું શું કરું છું અને શાળાની અન્ય બાબતો જણાવતો રહેતો. તેમાં તેઓ થોડા સુધારાવધારા સૂચવતા. અને તે પ્રમાણે હું સુધારા કરતો.

મેં સ્કૂલમાં ''ખોયાપાયા'' એક વિભાગ શરૂ કર્યો. તેમાં જશીબહેનનું માર્ગદર્શન તો હોય જ. કોઈપણ વસ્તુ જડે તો તેને સુપરવાઈઝર શ્રી રમણભાઈ શાહ કે શ્રી નવીનભાઈ બ્રહ્મભટ્ટ પાસે જમા કરાવી દે. બીજે દિવસે જેની વસ્તુ ખોવાઈ હોય તેની ફરિયાદ આવી હોય તેને તે વસ્તુ બધાના દેખતા જે વિદ્યાર્થીને જડી હોય તે વિદ્યાર્થી જ તેને પાછી આપે. સૌ તાળીઓથી તેને વધાવે. ચોરીઓ થવાનો તો સવાલ જ ન રહ્યો.

પ્રાર્થનાના અંતે મેં સૌ વિદ્યાર્થીઓ પાસે વંદે માતરમ્ ગીત ગવડાવવાનું શરૂ કર્યું. શરૂઆતમાં મુસ્લિમ વિદ્યાર્થીઓએ વિરોધ કર્યો પરંતુ મેં ગણકાર્યો નહિ. તેમની સામે મેં વંદે માતરમ્ પર એક બૌધિક આપ્યું. કહ્યું કે આ નારાએ જ આપણને આઝાદી અપાવી છે. આ પછી તેમનો વિરોધ શાંત થઈ ગયો. શહીદો, મહાન નેતાઓ, પ્રાસંગિક પ્રસંગો, સાંપ્રત સમાજના પ્રશ્નો વિશે પ્રાર્થનામાં બાળકોને રોજ નવી માહિતી આપવી શરૂ કરી. દર શુક્રવારે ઈત્તરપ્રવૃત્તિના બે તાસમાં મહેમાનને બોલાવી તેમનું ઉદ્‌બોધન બાળકો સામે થતું. બાળકોની ડૉક્ટરી તપાસ, સ્કૂલમાં પ્રતિનિધિઓની ચૂંટણી, સ્મરણિકા, પંદર ઑગષ્ટ, છવ્વીસ જાન્યુઆરી, ધ્વજવંદન, નૃત્યનાટિકા. ટૂંકમાં ભૂતકાળમાં જે જે કાર્યક્રમો-પ્રવૃત્તિઓ થતી તે બધી જ પ્રવૃત્તિ જશીબહેનના માર્ગદર્શન નીચે ચાલુ રાખેલી. દર ગુરુવારે એક વર્ષ (૨૦૦૧-૦૨) સુધી રામાયણના ક્રમબદ્ધ પ્રસંગો, બીજા વર્ષે (૨૦૦૨-૦૩) મહાભારતના પ્રસંગો અને ૨૦૦૩ના ઑક્ટોબર સુધી શ્રીમદ્ ભાગવત ગીતાના અઢાર અધ્યાય ક્રમશઃ બાળકો આગળ શ્રી અનિલભાઈ ભટ્ટે રજૂ કર્યા. આમ આ નવીનતાને પણ બહેને સ્વીકારી મને પ્રોત્સાહિત કર્યો. પહેલી નવેમ્બર ૨૦૦૩ માં હું રિટાયર્ડ થયો. આમ મારા કાર્યકાળના છેલ્લા અઢી વર્ષ સુધી બાળકોને આપણા પ્રાચીન ગ્રંથો વિશે માહિતી આપવા મેં વિનમ્ર પ્રયત્નો કર્યા.

આજે મારામાં લખવા-બોલવાની શક્તિ આવી હોય. કોઈપણ અજાણ્યા સાથે પણ વાત કરવા લાગી જવું - અતડા ન રહેવું. મિક્સિંગ નેચર, વિદ્યાર્થીઓને સ્નેહ આપવો અને વિદ્યાર્થીઓનો અપાર સ્નેહ પ્રાપ્ત કરવો વગેરે જે કંઈ આજે મારામાં હોય તો તેનો સંપૂર્ણ યશ હું ડૉ. રઘુભાઈ, શ્રીમતી જશીબહેન અને મારા પર જેના ચાર હાથ હતા એવા શ્રી વિઠ્ઠલભાઈને આપુ છું.

ટૂંકમાં શ્રીમતી જશીબહેન ખૂબ જ માયાળુ, આતિથ્ય ભાવનાવાળા, વિદ્યાર્થીઓ પ્રત્યે પોતાના બાળક જેટલો પ્રેમ રાખનાર, ડૉ. રઘુભાઈ કોઈ બાળક કે શિક્ષક પર ગરમ થયા હોય તો તેમના આ પૂર્વાધનો ઉત્તરાર્ધ જશીબહેન ખૂબ સારી રીતે કરતા. ''એમનો સ્વભાવ તેજ છે એ તમે ક્યાં નથી જાણતા ? ઘડીક પછી એમના મનમાં કશું નહિ હોય - ખોટું ન લગાડશો. ચાલ્યા કરે.'' આમ આવી રીતે જશીબહેનને વાતને વાળી લેતા સારું આવડતું. તેઓ શિક્ષણમાં નીતનવા પ્રયોગો કરતા. તેનું ફોલોઅપ અને સતત મૂલ્યાંકન કરતા, કોઈપણ કાર્ય કે કાર્યક્રમ સુપેરે-સુંદર રીતે થાય તેનો આગ્રહ રાખતા અને એમ થતું જ. ડૉ. રઘુભાઈને ભારત સરકારનો શ્રેષ્ઠ શિક્ષકનો અવૉર્ડ મળ્યો હોય કે પદ્મશ્રીનો ખિતાબ મળ્યો હોય તો તેમાં જશીબહેનનો ફાળો નાનોસૂનો નથી. તેઓ હંમેશાં રઘુભાઈ સાથે એક પડછાયાની જેમ જ રહ્યા છે.

આવા નમ્ર, શિક્ષણપ્રેમી, નિતિમત્તાવાળા, પ્રામાણિક, નિઃસ્વાર્થ ભાવનાવાળા, સેવાભાવી, ઊંડી કોઠા સૂઝ ધરાવનાર. નૂતન શિક્ષણના પાયાના કાર્યકર્તા. શિક્ષણમાં સતત પ્રયોગશીલ રહેનાર. નવાનવા સુધારાને આવકારનાર અને સ્વીકારનાર. શિક્ષણમાં નવીનવી કેડીઓ કંડારનાર.... કેટકેટલું લખવું !!!!

આદરણીય શ્રીમતી જશીબહેનને નંદુભાઈ રાવલના શત્ શત્ નમસ્કાર.

# અમારાં યુવાન દાદીમા મુ. શ્રી જશીબહેન

સજુભા ઝાલા

સહમંત્રી, સરસ્વતી વિદ્યામંડળ, સરસપુર, અમદાવાદ.

દિન ૧૮ નવેમ્બર ૨૦૧૭

સરસ્વતી પરિવાર આનંદની હેલીએ ચઢ્યો છે.

સરસ્વતી સ્થાપનાના એક સહભાગી,

શિક્ષણના દીક્ષાર્થી,

અમારા પથદર્શક,

મુ.શ્રી જશીબહેન

જીવનપથના પગથિયે પગ માંડતા માંડતા આજે ૧૦૦મા પગથિએ તેમને પડાવ નાખ્યો છે.

અને હા,

આ પડાવે પહોંચેલ વ્યક્તિ માટે ઘણું કરીને આપણે કાંઈક આવા ખ્યાલો ધરાવતા હોઈએ છીએ.

આ પડાવે પહોંચેલ વ્યક્તિ માટે ઘણું કરીને આપણે કાંઈક આવો ખ્યાલો ધરાવતા હોઈએ છીએ.

તે પથારીવશ હોય, પોતાની રોજિંદી ક્રિયાઓ માટે અન્ય વ્યક્તિ ઉપર આધારિત હોય, લગભગ શ્રવણશક્તિ લુપ્ત થઈ ગઈ હોય, વાણી અસ્પષ્ટ હોય, આંખે ઝાંખપ આવી ગઈ હોય, હાથ-પગ કહેવામાં ન હોય, હતાશા-નિરાશાએ શરીર અને મનને ઘેરી લીધુ હોય, જીવનથી છૂટકારો ઈચ્છતા હોય, હવે મારું કોઈ નથી એવો નકારાત્મક ખ્યાલ બંધાઈ ગયો હોય. જીવનમાં કોઈ સાર નથી એવી આધ્યાત્મિક ભૂમિકા ઉપર પહોંચી ગયા હોય.

હવે, આવો આપણે મુ.શ્રી જશીબહેનને મળીએ.

તેઓ પથારીવશ નથી, પોતાની જરૂરી રોજિંદી ક્રિયાઓ જાતે કરી શકવાની ક્ષમતા ધરાવે છે. હજુ તો ૫ નવેમ્બરે લગભગ ૧૦થી ૧૨ કલાક ઈંગ્લેન્ડથી ઉડીને સ્વસ્થતાપૂર્વક ઉતરાણ કર્યું છે. (નવાઈ પામ્યા ને ?) આંખે ઝાંખપ છે છતાં પોતાના નિવાસ સ્થાનમાં કોઈની સહાય વિના હરી-ફરી શકે છે. (હા, જરૂર પડે તો લાકડી તેમને સહાય કરે છે ખરી !) તેમની શ્રવણશક્તિ, દષ્ટિશક્તિની ખોટ પૂરી પાડે છે. હા, તેમના દાંતે વિદાય લીધી છે છતાં જરૂરિયાત પ્રમાણે ખોરાક લઈ શકે છે. પાંચનશક્તિ સારો સહકાર આપે છે. બે સ્ટેન્ટે હૃદયનો કબજો લઈ લીધો છે. હૃદયની સંવેદના અકબંધ છે. હીંચકોએ બહેનનો મોટો સહારો છે. તેમનો મોટા ભાગનો સમય હીંચકા ઉપર વ્યતીત થાય છે.

આ વયે તેમની પસંદગીની અન્ય પ્રવૃત્તિઓ વિશે જાણીએ.

**લેખક :** બહેન સરસ્વતી વિદ્યામંડળ દ્વારા પ્રકાશિત શૈક્ષણિક માસિક 'ઘરશાળા'ના તંત્રી છે. તંત્રીના નાતે જે તે સમયના પ્રસ્ન-સમસ્યા ઉપર લખ્યું છે (હવે લખાવે છે) તેમણે મોટા ભાગે શિક્ષણ ઉપર લખ્યું છે. તેઓ માને છે લખાણ સામાન્ય વાચક પણ સહેલાઈથી વાંચી શકે, સમજી શકે તેવું હોવું જોઈએ. ટૂંકા સરળ, સાદા વાક્યો એ તેમના લખાણની વિશિષ્ટતા રહી છે. ક્યાંય અઘરા શબ્દો નહીં. તટસ્થતાપૂર્વકનું વાચકને સ્પર્શી જાય તેવું સાદું લખાણું હોય છે.

**વક્તા :** મુખમાં દાંત ન હોવા છતાં બહેન જ્યારે

બોલતા હોય ત્યારે સાંભળનારને એમ ન લાગે કે જીવનપથના ૧૦૦ પગથિયા ઉપર બેસીને બોલે છે. શુદ્ધ ઉચ્ચાર, ટૂંકા સરળ વાક્યો, અધરો કોઈ શબ્દ નહિ, શબ્દ શોધવા ક્યાંય અટકવું નથી પડતું. વિચારોનું ક્યાંય પુનરાવર્તન નહીં. ખોટું લખાણ નહિ, જે કહેવું છે તે તટસ્થતાથી સમયના બંધનમાં રહીને કહી શકે છે. અને તેમના સમગ્ર વક્તવ્યમાં સંભળાય છે તેમની તળપદી ભાવનગરી બોલીનો મીઠો રણકાર અને શ્રોતા બોલી ઉઠે છે અદ્ભુત અદ્ભુત.

**સંગીત :** 'સંગીત વિનાની કોઈ શાળા હોઈ શકે જ નહીં' - આ છે બહેનનો સંગીતપ્રેમ અને આદર્શ શાળાનો ખ્યાલ. સરસ્વતીની શાળાઓમાં આજે પણ કલા શિક્ષકોની વ્યવસ્થા સ્વખર્ચે કરવામાં આવે છે. (સરકાર વ્યવસ્થા કરતી નથી). અમારા તમામ સાંસ્કૃતિક કાર્યક્રમોમાં સંગીતની રજૂઆત અમારા સંગીત શિક્ષકો અને તેમણે પસંદ કરેલા વિદ્યાર્થીઓ દ્વારા જ કરવામાં આવે તેવો બહેનનો આગ્રહ રહ્યો છે. (ઓડિયો-વિડિયો સીડી કે વ્યવસાયિક કલાકારોનો ઉપયોગ કરતા નથી)

વર્ષમાં એકાદ-બે વાર મૈત્રીમાં સંગીતનો કાર્યક્રમ અચૂક રાખવામાં આવે છે. આ કાર્યક્રમ અમારા સંગીત શિક્ષકો દ્વારા રજૂ કરવામાં આવે છે. આ કાર્યક્રમમાં અમારા ખાસ પસંદ કરેલા ગીતો રજૂ કરવામાં આવે છે. આ સમગ્ર કાર્યક્રમ લગભગ એકથી દોઢ કલાક ચાલે છે. સમગ્ર કાર્યક્રમમાં બહેનની સતત હાજરી હોય છે.

આ રજૂઆતમાં ક્યાંય સૂર-બેસૂર થઈ જાય, ઉચ્ચાર દોષ જણાય, કાંઈક રહી જાય તો બહેન અચૂક રોકે અને જરૂરી માર્ગદર્શન આપે.

**વિશિષ્ઠ શક્તિ-યાદશક્તિ :** યાદશક્તિ બહેનને કુદરતની મોટી ભેટ છે. આ વય ધરાવતી વ્યક્તિ આટલી તીવ્ર યાદશક્તિ ધરાવે તે એક ચમત્કાર જ ગણાય. પણ છે આ હકીકત. ભુલવાનું તો નામ નહીં. કેટલીય ઘટનાઓના સ્થળ અને સમય યાદ છે. કવિતાઓ યાદ, તેમના કવિઓ યાદ, ગીતોના રાગના પ્રકાર યાદ, તેમના ઢાળ યાદ, તેમના સંપર્કમાં રહેતી તમામ વ્યક્તિઓને નામથી બોલાવે છે. (દષ્ટિ નથી છતાં) માત્ર તેમના અવાજથી. આશ્ચર્ય તો એ વાતનું થાય - તેમના રોજિંદા ઉપયોગી ટેલીફોન-મોબાઈલ નંબરો સુદ્ધાં યાદ છે.

અને જાતે જોડી પણ લે છે. આ વયે લખાવવું, બોલવું, ગાવું કે અન્ય કાર્ય સફળતાપૂર્વક પાર પાડવા તે આ યાદશક્તિને આભારી છે.

અને અંતે,

તેમની એક બાબત મને સ્પર્શી ગઈ છે. (ન સ્પર્શે તેવાં હૃદય કેવાં ?) તે છે તેમનું મુખમાં દાંત વિનાનું દંભરહિત નિખાલસ હાસ્ય, તેમના હાસ્યમાં કરકસર નથી. તેમનું હાસ્ય તો છે નિર્મળ ખડખડ વહેતાં ઝરણાં જેવું.

અને તેમાંય જો તેમના પરિવારનો મેળો જામ્યો હોય ત્યારે તો જાણા શાહબુદ્દીનભાઈનો હાસ્ય દરબાર. આ રાખે તો તેનું હાસ્ય ઝરણાં જેવું નહિ. પણ ઘૂઘવતા સાગરના મોજા જેવું હોય છે. હા, આ માણવા તમારે મૈત્રી સાથે મૈત્રી કેળવવી પડે.

અંતમાં,

પ્રારંભમાં કહ્યું તેમ 'બહેનનો પડાવ ૧૦૦મા પગથિયે છે' પણ આ પડાવ અંતિમ પડાવ નથી. આગળનો પડાવ નજીકમાં જ છે. ૨૦૧૯ના નવેમ્બર માસમાં. આવાં છે અમારાં યુવાન દાદીમા મુ.શ્રી જશીબહેન.

આજના શુભદિને
શત્ શત્ વંદન.

# મુ. શ્રી જશીબહેન સાથે મારો સંપર્ક

મૃદુલા ત્રિવેદી

મુ. શ્રી જશીબહેન સાથે મારો સંપર્ક લગભગ ૭૫ વર્ષ પહેલાં ૧૯૪૨માં થયેલો. અમારૂં કુટુંબ કરાંચી (સીંધ)માં સ્થાયી થયેલ હતું અને હું ત્યાં શ્રી શારદામંદિર શાળામાં ત્રીજા ધોરણમાં ભણતી હતી. એ વખતે સમાચાર પત્રોમાં બીજા વિશ્વયુદ્ધ વિષે ખબર આવ્યા કે જાપાનની એક સબમરીન બર્મા પાસેના દરિયામાં જોવામાં આવી છે. કરાંચી પર હુમલો થવાની શક્યતા વધારે હતી કારણ કે એ જમાનામાં કરાંચી ભારતનું મહત્ત્વનું બંદર તથા હવાઈમથક હતું. સમાચાર સાંભળી કરાંચીમાં વસેલા કચ્છ, સૌરાષ્ટ્ર તથા ગુજરાતના લોકો પોત પોતાના મૂળ વતનમાં જવા લાગ્યા. ભાવનગર એ વખતે શિક્ષણ ક્ષેત્રે જાણીતું હતું. તેથી અમે ભાવનગર જવાનું નક્કી કર્યું. મને ઘરશાળામાં ત્રીજા ધોરણમાં એડમીશન મળી ગયું. અને મુ. શ્રી રઘુભાઈ તથા મુ. શ્રી જશીબહેન સાથે એક શિક્ષક વિદ્યાર્થિની તરીકેનો સંપર્ક શરૂ થયો. મુ. શ્રી રઘુભાઈ અમારૂં અંગ્રેજી લેતા હતા અને શ્રી જશીબહેન અમારૂં સંગીત લેતા હતા. એમની પાસે શીખેલા ગીતની લીટી ''વીંધી વન વન ચાલો'' હજી પણ મને યાદ છે.

ભણવાની ખૂબ જ મજા આવતી હતી પરંતુ ઉનાળામાં ભારે મેલેરિયાના રોગચાળામાં અમે સપડાયા. એક આંતરો તાવ આવવા લાગ્યો, તેથી શાળાએ જઈ શકાય નહીં તેવી પરિસ્થિતિ ઉભી થઈ. એકાદ બે મહિના માંડ શાળાએ ગઈ હોઈશ પણ મેલેરિયાથી કંટાળીને મારા માતાપિતાએ કરાંચી પાછા જતા રહેવાનું નક્કી કર્યું. બધુ મળીને પાંચેક મહિના ભાવનગરમાં રહ્યા હઈશું. પરંતુ મને મારા શિક્ષિકાબહેન ખૂબ જ યાદ રહી ગયા.

મુ. શ્રી જશીબહેનને તેમના જન્મદિવસની ખૂબ ખૂબ શુભેચ્છાઓ સાથે.

# અમારા જશીબહેન

જ્યોતીન્દ્રભાઈ દવે
૧૪, બ્રહ્મક્ષત્રિયનગર સોસાયટી, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭ ● મો. ૯૮૯૮૦૧૪૦૮૨

આજથી ૬૦ વર્ષ પહેલાનું એક સ્મરણ મારા સ્મૃતિપટ ઉપર તાજું થાય છે. અમે તે સમયે સરસપુરના છેવાડે ને રેલવે સ્ટેશન પાસે આવેલા મ્યુનિ. કૉર્પોરેશનના મેટરનિટી હોમમાં રહેતા. તે સમયે આ દવાખાનું માધુભાઈના દવાખાના તરીકે ઓળખાતું અને બાજુમાં માધુભાઈ મિલ કમ્પાઉન્ડનું વિશાળ મેદાન અને સરસ્વતી વિદ્યાલય હતું.

અમારા સંયુક્ત કુટુંબમાંથી મારા કાકા અને અમે સૌ સરસ્વતી વિદ્યાલયમાં અભ્યાસ કરતાં મુ. શ્રી. રઘુભાઈ અને જશીબહેન પણ મિલ કમ્પાઉન્ડમાં જ એક નાના મકાનમાં રહેતા. પરિણામે કૌટુંબિક સંબંધ પણ ખરો જ. કમ્પાઉન્ડની દીવાલમાં એક જાળી સાથેનું બારણું હતું જેમાંથી અમે મેદાનમાં અને શાળામાં જતા. અમારા માટે સમયનું બંધન ન હતું.

મુ. શ્રી. જશીબહેનનું ચિત્ર મારા માનસપટ ઉપર આજે પણ છે. ગોળ ચહેરો, પાણીદાર છતાં પ્રેમાળ આંખ. કસીને બાંધેલા વાળ. કામ કરતી વખતે સાડીનો છેડો એકબાજુ ભરાવેલો હોય. અસારવા વિદ્યાલયથી સાઇકલ ઉપર આવ્યા હોય. પણ ચહેરા ઉપર થાક કે અકળામણ નહિ. રઘુભાઈ સાથે શાળાની વાતો ઘરમાં પણ ચાલતી જ હોય. લક્ષ્મણ રસોઈ કરતો હોય. ઘર નાનું છતાં પણ ઘરનું રાચ રચીલું વ્યવસ્થિત અને સુંદર.

શાળા સમય પછી અમારી સંગીત મંડળી હારમોનિયમ, તબલા, સિતાર અને દિલરૂબાની જમાવટ થતી હોય. ક્યારેક વિદ્યાર્થી સંઘની મિટિંગ હોય તો ક્યારેક રંગ માધુકરીના નાટકની તૈયારી હોય. અમારો મુકામ શાળામાં જ હોય. ક્યારેક મોડું થયું હોય તો રાત્રિ ભોજનમાં ભાગીદાર પણ ખરા. આ બધામાં જશીબહેન અમારી સાથે જ હોય. શિક્ષક કરતાં અમને તો ''મા'' જ લાગતા. મુ. શ્રી. રઘુભાઈ નો કડક સ્વભાવ. પરિણામે તેમની સાથે વાત કરતા પહેલા વિચારવું પડે. વાક્યો ગોઠવવા પડે. મુ. રઘુભાઈ સમક્ષ કરવાની રજૂઆત અને વિદ્યાર્થી સંઘવાળા સૌ પ્રથમ જશીબહેન સમક્ષ પ્રસ્તાવ મૂકતા. પરિણામે અમારું કામ સરળ બનતું.

આશરે ૧૯૫૮-૫૯ માં મુ. શ્રી રઘુભાઈ અને જશીબહેન અમદાવાદ છોડી દિલ્હી જવાના છે, તે જાણ્યું, ત્યારે મને તે ગમ્યું ન હતું. મારી અણગમાં વિદ્યાર્થી સંઘની કારોબારીમાં મારી રીતે વ્યક્ત કર્યો હતો. તેમના વિદાય સમારોહમાં પણ મારી લાગણી પ્રગટ કરી હતી. દિલ્હી જવાના કારણો મને અંગત રીતે વાજબી લાગ્યા ન હતા. કદાચ મારી કિશોરાવસ્થા તે માટે કારણભૂત હોય. પ્રસંગોચિત ક્યારેક અમદાવાદ આવતા. પરંતુ ૧૯૬૦-૬૧માં વર્ષામંગલ કાર્યક્રમ દરમિયાન ત્રણ મહિના તેમની સાથે રહેવાનું થયું. જશીબહેન પ્રેક્ટિસ કરાવે. નાની ભૂલ પણ જ્યાં સુધી સુધરે નહિ ત્યાં સુધી પ્રેક્ટિસ ચાલુ રહે. વર્ષામંગલના સંગીતવૃન્દમાં એસએસસીના વર્ષમાં હું હોવા છતાં મને ખૂબ મઝા પડી. બધા જ ગીતો આજે ૭૦ વર્ષે પણ મને શબ્દશઃ યાદ છે અને તેની સ્કૅવર રચના પણ મૂળ સ્વરૂપે ગાઈ શકું છું. વિદ્યાર્થીકાળની મારી આ સ્મૃતિ ભૂલાઈ તેમ નથી.

શાળાજીવન પછી વ્યક્તિસંગીત બિરાદરીની

જવાબદારી મને સોંપવામાં આવી. હું, ભગવતભાઈ, સજુભા અને સંગીત શિક્ષકો આ પ્રવૃત્તિમાં સક્રિય હતા. મુ. શ્રી જશીબહેનના નિવાસ સ્થાને મિટિંગ થાય, ગીતોની પસંદગી થાય, કોમેન્ટ્રી લખાય, સ્વરાંકન થાય, આ બધામાં મુ. શ્રી જશીબહેનનું માર્ગદર્શન મળે. સરસ્વતીના સંગીતની આગવી ઓળખ એટલે જશીબહેન, તેમ કહેવું યોગ્ય છે.

૧૯૯૧માં સંચાલન મંડળમાં જોડાયો. નાના મોટા પ્રશ્નો અંગે મળવાનું થાય. સારું કામ થયું હોય તો તેનો યશ અમને આપે. ભૂલ થઈ હોય તો હવે હયાત રાખવાની ટકોર કરે. શિક્ષણ અને સાહિત્યમાં મને રસ ખરો પણ મારો કોઈ અનુભવ નહિ. ઘરશાળાની જવાબદારી મને સોંપી. સંપાદકીય લખતા કર્યો. મુ. શ્રી. જશીબહેનને મારામાં અતૂટ વિશ્વાસ. પરિણામે મારો આત્મવિશ્વાસ વધ્યો, મારામાં જે આંતરિક શક્તિઓ હતી. તે ૬૦ વર્ષે બહાર આવી એમાં મુ. શ્રી. જશીબહેનની શિક્ષક તરીકેની ભૂમિકા જ કારણભૂત છે તેમ મારું માનવું છે.

આજે મુ. શ્રી. જશીબહેન ૧૦૦માં વર્ષમાં પ્રવેશે છે ત્યારે મારા શત્ શત્ વંદન...

# મુ. શ્રી જશીબા, તમે અમારા પથદર્શક

**દિપ્તીબેન ક્રિશ્ચિયન**

સરસ્વતી કુમારશાળા નં.૧, સરસપુર, અમદાવાદ.

*વ્હાલનો દરિયો, પ્રેમનો સાગર,*
*સ્નેહની સરિતા અને પ્રીતની પ્યાલી છો તમે...*
*જીવન સંધ્યાના સોનેરી રંગોની લાલિમા છો તમે*
*ને સર્જનહારની સુંદર પ્રતિકૃતિ છો તમે...*
*જીવન સંઘર્ષમાં ઝંપલાવી સફળતાની નૈયા પાર કરી છે તમે...*
*જીવનનૈયાને મઝધારમાં ઝુકાવી એકલા વિજેતા છો તમે...*
*દીન વસાહતો મધ્યે સ્થાપી આ સ્કૂલને,*
*હજારો બાળના સપનાં સાકાર કર્યા તમે...*
*હિંમત અને વિશ્વાસથી અડગ ઊભાં છો તમે,*
*ને આત્મબળ થકી જીવનદોર લંબાવી છે તમે...*
*ખોળો ભરીને આજે વ્હાલ મોકલીએ છીએ,*
*આનંદના આ અવસરે લાખો શુભેચ્છા પાઠવીએ છીએ...*
*શતાબ્દીના આ પ્રસંગે વધુ તો શું આપી શકીએ,*
*શીશ ઝુકાવીને શત શત વંદન કરીએ તમને...*

# માતૃરૂપેણ

**નિખિલ બક્ષી**

બોપલ, અમદાવાદ.

'વજ્રાદપિ કઠોરાણી, મૃદુનિ કુસુમાદપિ' - રઘુભાઈનું પણ કંઈક એવું જ. હૃદયથી કોમળ પણ ચહેરા પર કડકાઈ જણાય. વ્યક્તિત્વ પ્રભાવશાળી પણ ગંભીર. અવાજ પણ સત્તાધારી. જશીબહેન સાવ જુદાં. લગભગ સદા હસતાં, એમની આંખોમાં અમી વરતાય. શિક્ષકો, વિદ્યાર્થીઓ, કર્મચારીગણ કે વાલીઓ - બધાંને એ મિત્ર જેવાં લાગે. એમની સાથે મન મૂકીને વાત કરી શકાય. કોઈ સમસ્યા હોય - વ્યાવસાયિક કે અંગત - તો તેમની પાસેથી સમાધાન મળી રહે.

મારા પિતા લશ્કરમાં અધિકારી હોવાથી તેમની બદલીઓ થયા કરે. પત્ની-બાળકો સંયુક્ત કુટુંબમાં રાજકોટમાં રહેતાં. ૧૯૫૬માં પિતા સાથે પૂના રહેવા ગયાં ત્યાં પણ ગુજરાતી માધ્યમની શાળામાં ભણ્યાં. ૧૯૬૦માં દિલ્હી જવાનું થયું. અમને ભાઈ-બહેનોને અંગ્રેજી તો શું, હિંદી પણ બરાબર ન આવડે. અમારા જેવાં બાળકો માટે દિલ્હીની 'ગુજરાત એજ્યુકેશન સોસાયટી'એ શ્રી એચ.એમ. પટેલની રાહબરી હેઠળ દિલ્હીમાં 'સરદાર પટેલ વિદ્યાલય'ની સ્થાપના કરેલી. જેનું સુકાન શ્રી પટેલે તેમનાં વિશ્વાસુ શિક્ષણવિદ બેલડી રઘુભાઈ અને જશીબહેનને સોંપ્યું.

રઘુભાઈ અને જશીબહેને ૧૯૪૫માં અમદાવાદના ગરીબ અને દલિત વિસ્તારનાં શિક્ષણ અને સંસ્કારથી વંચિત બાળકો માટે નાના પાયા પર અને પ્રાયોગિક ધોરણે એક શાળા શરૂ કરી - 'સરસ્વતી વિદ્યાલય'. આગળ જતાં એ વિદ્યાલય બહુ વિકાસ પામ્યું, તેનો અલગ ઈતિહાસ લખી શકાય તેમ છે, પરંતુ મુદ્દાની વાત એ કે 'સરસ્વતી'માં શિક્ષણ અને સંસ્કારિતાનાં ક્ષેત્રે સફળતાપૂર્વક જે પ્રયોગો થયા તેનો દિલ્હીનાં સરદાર પટેલ વિદ્યાલયમાં પણ અમલ શરૂ થયો. મેં સ્વયમ્ છ વર્ષો સુધી એ પ્રયોગો જોયાં અને અનુભવ્યા છે. મારાં ચારિત્ર્યઘડતરમાં સરદાર પટેલ વિદ્યાલયનાં એ છ વર્ષ મહામૂલાં અને અવિસ્મરણીય છે.

શૈક્ષણિક ક્ષેત્રે વિદ્યાલય ધીરે ધીરે કાઠું કાઢી રહ્યું હતું, પણ સાંસ્કૃતિક કાર્યક્રમો એક પછી એક એવા થવા લાગ્યા કે શિક્ષકો અને વિદ્યાર્થીઓ તેમાં ઉત્સાહપૂર્વક રસ લઈ ભાગ લેવા લાગ્યા. વાર્ષિક ઉત્સવોનો પ્રેરણાસ્રોત ગુરુદેવનું શાંતિનિકેતન કહી શકાય. રઘુભાઈએ પોતે ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોરનાં નિકટ સાંનિધ્ય હેઠળ શાંતિનિકેતનમાં અભ્યાસ કરેલો. શાળાના વાર્ષિક કાર્યક્રમો 'વર્ષામંગલ', 'વસંત દર્શન', 'તાશોં કા દેશ', 'એકલવ્ય', વગેરેમાં રવિબાબુની કળાની છાંટ સ્પષ્ટ દેખાય. આ કાર્યક્રમો શ્રેષ્ઠ રીતે ભજવાય તે હેતુથી રાષ્ટ્રીય નાટ્ય વિદ્યાલય (નેશનલ સ્કૂલ ઓફ ડ્રામા)ના તત્કાલીન મહારથીઓએ શ્રી શાંતા ગાંધી અને શ્રી બી.વી. કારંથનું માર્ગદર્શન મેળવ્યું. શ્રી કારંથ તો પછી શાળામાં હિંદી અને નાટ્યકળાના શિક્ષક તરીકે જોડાયા અને આગળ જતાં રાષ્ટ્રીય કક્ષાએ જબરી નામના મેળવી. 'દૂરદર્શન'ના એક ઈન્ટરવ્યૂમાં તેમણે આપણાં નાટક દંપતિનો ઘણો

આભાર માનેલો. જેમણે તેમને પ્રારંભિક વર્ષોમાં ઘણી સહાય કરી હતી.

રઘુભાઈ તથા જશીબહેનને સંગીતનો ભારે શોખ. જશીબહેનનો તો કંઠ પણ સુમધુર અને સૂરીલો. ગીતોનો બંગાળી-ગુજરાતીમાંથી હિંદીમાં અનુવાદ કરે અમારા હિંદી શિક્ષક અને કવિ શ્રી કમલ શર્મા 'સત્યાર્થી', અને વિવિધ શાસ્ત્રીય રાગો પર આધારિત સંગીતમાં ઢાળે સંગીત શિક્ષકો શ્રી ઉમાશંકર ચંદેલા અને સુશ્રી સુદેશ મહેરા, પણ જશીબહેન એમાં પૂરો રસ લે અને તેમને યોગ્ય લાગે ત્યાં સુધારા-વધારાનાં સૂચનો પણ કરે. હજુ પણ સંગીતના, ખાસ કરીને ભજનોના, કાર્યક્રમો જશીબહેનને ઘેર છાશવારે યોજાય. મારાં પત્ની વિભૂતિ અને મારું ગાયેલું નરસિંહનું પદ "મહીડાં મથવાને ઊઠ્યાં યશોદારાણી.." તેમને બહુ પ્રિય અને પ્રસંગોપાત અમને એ ગાવાનું કહે. તેમનાં પુત્રી ઈરા અને હું પણ 'વિદ્યાલય'માં વિદ્યાર્થીકાળમાં ગાયેલાં ગીતો ક્યારેક એમનાં આગ્રહને વશ થઈને ગાઈએ.

જશીબહેનને સાહિત્યનો પણ શોખ. વિદ્યાલયની ભીંતો પર ગુજરાતી અને અન્ય ભાષાઓના ખ્યાતનામ સાહિત્યકારોનાં ફોટા લગાડેલાં. સ્કૂલનું પુસ્તકાલય પણ સમૃદ્ધ. દિલ્હીમાં આયોજિત ગુજરાતી સાહિત્ય પરિષદનાં અધિવેશન માટે સરદાર પટેલ વિદ્યાલય જ યોગ્ય સ્થળ ગણાયું. જશીબહેને તેમની જીવનયાત્રાનાં સંસ્મરણો તથા શિક્ષણ અને અન્ય વિષયો પર લખેલાં પુસ્તકો તેમની સાહિત્યિક અભિરુચિનાં પરિચાયક છે.

જેમ સમાજમાં લોકોના તેમ શાળામાં વિદ્યાર્થીઓના અનેક પ્રકાર હોવાના. જુદા જુદા આર્થિક, સામજિક અને સાંસ્કૃતિક પરિપ્રેક્ષ્યમાંથી આવતા વિદ્યાર્થીઓને કેવી રીતે એકરૂપ કરવા તે જશીબહેન બરાબર જાણે. વિશેષ કરીને તોફાની વિદ્યાર્થીઓને તે પોતાના સ્નેહાળ અને લાગણીશીલ સ્વભાવથી વશ કરી સુમાર્ગે પ્રેરતાં. શિક્ષણમાં અનુસ્નાતક સુધીનો તેમનો અભ્યાસ કેવળ પુસ્તકિયો નહોતો, પણ શિક્ષણના સિદ્ધાંતોને પરિસ્થિતિ અનુસાર પ્રત્યક્ષ અને શ્રેષ્ઠ રીતે અમલમાં મૂકતાં, જેનાં જીવંત ઉદાહરણ આજે પણ જોવાં મળે તેમ છે. શિક્ષણ અને સંસ્કારનો સુભગ સમન્વય તેમને ગળથૂથીમાં જ મળેલો. તેમના પિતા શ્રી હરભાઈ ત્રિવેદી ગુજરાતનાં શિક્ષણજગતમાં ધ્રુવતારક સમા. વળી, ભાવનગર જેવી સંસ્કારનગરીમાં ઉછેર અને રઘુભાઈ જેવા પ્રખર શિક્ષણવિદ અને બૌદ્ધિક સાથે પરિણય એટલે જાણે સોનામાં સુગંધ ભળી.

કવિ શ્રી રાજેન્દ્ર શાહની આ પંક્તિઓ જાણે જશીબહેન માટે જ લખાઈ છે.

*સહુને મુજ અંતરે ધરું,*
*સહુને અંતર હું ય વિસ્તરું*

આજે જ્યારે જશીબહેન તેમનાં શતાબ્દી વર્ષમાં પ્રવેશી રહ્યાં છે ત્યારે આપણે સહુએ, જે તેમની પાસેથી સફળ અને ઉન્નત જીવનના પાઠ શીખ્યાં છીએ, આટલું તો કરવું જ રહ્યું,

- તેમણે લખેલાં પુસ્તકો અને લેખો વાંચીએ, તે પર મનન કરીએ, આપણાં પોતાનાં જીવનમાં તે સિદ્ધાંતોનો નિષ્ઠાપૂર્વક અમલ કરીએ,
- તેમનાં લખેલાં પુસ્તકોનો બહોળો પ્રચાર અને વિક્રય થાય તેવા પ્રયત્નો કરીએ,
- તેમણે સ્થાપેલા સંસ્થાઓમાં આપણાથી બનતું યોગદાન આપીએ,
- 'ઘરશાળા' માસિકનો ફેલાવો થાય તે માટે સઘન પ્રયત્નો કરીએ,
- તેમણે સ્થાપેલા સંસ્થાઓ સાથે સંકળાયેલ સહુ એક એવું સંગઠન સ્થાપીએ જે દ્વારા સમાજને લાભકર્તા પ્રવૃતિઓ નિયમિત રીતે યોજાય.

# LOVE BA

**Prashant Nayak**

*Liverpool, London (UK)*

There is nothing more difficult to put in words, than the feelings of a loving son towards his own mother. And that too, for a an iconic mother who is entering her 100th year!!

Innumerable feelings and wonderful memories jostle for attention. Because an occassion like this comes along very rarely in any son's life when he has to express his love and admiration for his mum on her embarking upon her Hundredeth year!

So I wrestled with a great many thoughts that I would like to express on this amazing occasion; and there were two that were clearly the foremost in my heart and mind!

The first one was that my sister Ira and I are the richest people anywhere.

We feel wealthier than Bill Gates or the Ambanis; more prosperous than all the world's billionaires put together!

This is simply because my mother, and our parents have given us thr most precious and valuable legacy/viraasat that any children can have.

It is a most precious and indestructible legacy of strength and fortitude in facing the vicissitudes of Life. They have us the confidence and strength of facing life's ups and downs with confidence, determination and spirit and face problems with a smile on the face and a song in the heart.

My mother taught us to treat fellow human beings with sincerity, respect and affection; to develop a generosity of spirit in mind and heart that sees in our fellow human beings kindred spirits to be understood, loved and supported rather than judged, criticised and condemned.

And she did not do this by admonishing and lecturing us; she did it through actions.

As we grew up, we saw in her a kind. caring, generous and nonjudgemental mother who helped support many many people, just like her own mother, Santokben, our lovely grandmother!

So she taught us to be good citizens of this strife torn world, and be really useful to the society that we were living in, and "live in a way that made a difference to others and made the world a very slightly better place through our lives.

Now I believe that her love and her upbringing have made is stronger and sensitive in our lives and capable enough to face the challenges of Life with patience and confidence. And there is no greater gift and legacy that we could have received. It is a wealth that is huge and ever present and grows in us every living day.

This makes me the richest son in world!!

I think the secret of her long life is her love for education and children and the fantastic partnership she shared with my remarkable father. Together they created new opportunities for countless youngsters for decades upon decades. They inspired generations of young people to grow up successfully.

My mother has been a true friend for me always. With her, I have shared so much of my life. We have laughed together, enjoyed life together, faced the ups and downs of life together; we have talked, argued, discussed about all sorts of things. She has seen my children grow into adults and has welcomed her two lovely great grand daughters in life. We breakfast together, share and listen wonderful music together and share our political beliefs together each day. At 74, I am so fortunate to be able be a part of the celebrations of my dear mother's 100th birthday!!

What more can a son hope for? What greater gift can the Almighty give us? Love you Ba!!

# MY UNIQUE "BA"

**Ira Nayak Ghosh**

**13, Maitri Society, Ambawadi, Ahmedabad-380015.**

Would you believe me if I said that my Ba (mother in Gujarati), has never scolded me or got angry with me? Her patience is unparralleled. My brother Prashant and I knew that she was always there to LOVE us, GUIDE us and CARE for us in any situation and in all phases of our lives. She has a gentle nature and always made us understand what she wanted us to do or not do, without shouting or being angry. That taught us to be gentle human beings and value the love and care she gave us as children. Even now, as adults, we feel her boundless love and eagerness to take care of us no matter where we are in our own lives. She still teaches us by her own example and we are in awe of her even today because she just is the most caring and sincere human being in our lives. She does not criticise or make us feel that we are doing something wrong. She brings our attention to how things should be done, specially when it comes to children. This has made us good parents and be gentle and loving to our children. That character helped us in our Professional life and jobs and we became serious about our profession as sincere workers as teacher and doctor. She is a TRUE MOTHER and a teacher in its utmost deepest meaning.

I am talking about Shree Jashiben Nayak, whose 99th Birthday we are celebrating on November 18th this year. She is entering her Century YEAR!! And along with my father, the late Shree Raghubhai Nayak, they made my brother Prashant and me feel as if what we did was important and expected us to know what is right and what is wrong. We knew that our behavior and our actions were being observed and that we need to be careful we did not hurt anybody, that we were being truthful and not do anyone any injustice. We were aware that we were expected to make a difference in this world by our work and actions and helped someone or something!! For example, we would often take a walk in the Garden of the school in New Delhi (Sardar Patel Vidyalaya) when we lived on the school's campus. Both Ba and Papu (that's what we called our father, mix of Bapu and Pappa) were joint Principals there.

There were beautiful flowers and trees. The Garden often got the First Prize in Delhi as the best one in schools and colleges. So when we walked around, we were allowed to pick the flowers and arrange cases for the house and the offices of the school. But we were asked to be careful as not to waste any flower or cut branches that were not needed and throw away flowers etc. We knew the environment was to be respected and not abuse it by just plucking or cutting without a thought to what we were doing with it. So I really learned to appreciate gardens

and nature for its beauty and enjoy it and not destroy it. I am proud to say that my own daughters have learned that by example of my mother, father and us, the parents.

Our cultural programs had music, dance and drama that had a message of love for nature, of character building like the story of Eklavya, of the Nationalistic spirit and love of the country and motherland like the freedom fight and Unity in Diversity or about leaders of our nation like Mahatma Gandhi, Sardar Patel and so on.

Once we were having a DIWALI celebration in the school. Jashiben and Raghubhai went around to each class room and asked the students to come up with our ideas. Then we wrote them down and our Student union and it's committee made up the program and the rules for a disciplined and safe day of fun. We had great food, music and a short fire cracker program.

We have learned from Ba that our profession makes an important contribution to the society where we grew up and the world at large. She had her own father, Shree Harbhai Trivedi, the well kniwn and dedicated Edicstiinust, as her example and mentor. Her sincere and genuine dedication to the Teaching Profession and Education for children of all ages and class, taught us and our own children that what we do in our lives and how we are as good human being , is what makes this world a better place.

Thank you dear Ba, for being the most unique mother, a genuine person that's true to the human spirit and a LIVING MOTHER AND GRAND MOTHER that is so rare to find.

---

# "MY GRANDMOTHER"

**Sujata Ghosh Reinhardt**

My grandmother's blood runs through my veins and I feel it every day in so many ways. I feel a strength and confidence as a woman in this difficult world that holds my shoulders back and head high even when something seems impossible. I feel power when I see a challenge, not fear. I feel creativity and concentration when I have an obstacle in front of me and work hard until I find a way to overcome it. I feel inspiration to change if I see injustice and inequality in the world. I feel a beautiful refreshing need to give, share and help others. These invisible forces accompany me every moment, surrounding me and lifting me every step I take. I know I am lucky to have my grandmother in me.

# માતા પિતાની છત્રછાયા

**માધુભાઈ પ્રજાપતિ**

અમદાવાદ.

મુ. શ્રી રઘુદાદાજી અને શ્રી જશીબહેન મારા માતા-પિતા સમાન છે. રઘુદાદાજી મારા પિતાશ્રી જેવા તેઓએ મને ખૂબ પ્યાર આપ્યો. તેઓની છત્રછાયામાં હું રહ્યો છું. અને સારું જીવન જીવું છું. શ્રી રઘુદાદા અને જશીબહેનને ત્યાં હું પહેલાં નોકરી પર આવ્યો તેમને હું નામથી ઓળખતો હતો. પણ તેઓ દિલ્હી રહેતાં હતાં. મારે તેમની સાથે થોડા વખતમાં જ રૂબરૂમાં પરિચય થયો. શ્રી હિંમતભાઈ (કાકા) એ મારો પરિચય શ્રી જશીબહેન સાથે કરાવ્યો. મને પણ કહ્યું કે તું સેન્ટ ઝેવિયર્સ હૉસ્ટેલમાં રહે છે તેનાં કરતાં અમારી સાથે રહેવા આવી જા. હિંમતકાકાએ મને બહેન શ્રી સાથે રહેવા માટે રૂમ બનાવી આપી. તે દિવસે હું જશીબહેનની સૂચના પ્રમાણે મારી પાસેનો સામાન (નાની પેટી હતી) લઈ કપડાં ભરીને બહેન શ્રી સાથે રહેવા ગયો. તેના થોડા દિવસોમાં મારા ઘરેથી અને મારા બાળકો મારા ગામથી મારી સાથે રહેવા આવી ગયા. મારી દીકરીઓના અભ્યાસ માટે શાળામાં એડમિશન લીધું. આમ, મારા બાળકો શાળાએ જવા લાગ્યા. મારો પરિવાર મારી સાથે રહેવા લાગ્યો. મને ખૂબ આનંદ થયો. હું મુ. શ્રી જશીબહેન સ્વભાવ કોઈ ઘરમાં ભૂખ્યું ન રહી જાય આ તેમનો નિયમ હતો. વર્ષોથી તેમની પાસે રહ્યો છું. તેઓ જમતા પહેલાં બધાંનો વિચાર કરતાં. તેઓ શાંત સ્વભાવના હતા. એક દિવસ જશીબહેને મને કહ્યું, શ્રી રઘુભાઈ સાહેબ આપણી વિદ્યામંડળની ઑફિસમાં રાતે રોકાવાના છે. તું અમારી સાથે રાત રોકાજે અને જમવાનું આપણા ઘરે કરવાનું છે. તો તું ઘરે જઈને જમવાનું બનાવ. આમ તો ઘરના બધા છે પણ સાહેબને તારી રસોઈ બનાવેલી જમાડી અને તારો પરિચય કરાવીએ. ત્યારે મેં કહ્યું. સારું બહેન શ્રી. હું રાતે રોકાઈશ અને હિંમતકાકાના ઘરે જઈને રસોઈની તૈયારી કરીશ. રાત્રે જશીબહેન અને રઘુદાદા સાથે જમ્યા અને જશીબહેને દાદા સાથે મારો પરિચય કરાવ્યો. ત્યારે દાદાએ કહ્યું તમે તો ખૂબ સારી રસોઈ બનાવો છો. ત્યારથી તેઓ મારા બા-બાપુજી સમાન બન્યા. તેનો મને ખૂબ આનંદ થયો. દાદા અને જશીબહેન અવારનવાર દિલ્હીથી આવે એટલે તેમના માટેનો ચા-નાસ્તો, જમવાનું હું સંભાળતો હતો. તેઓ વિદ્યામંડળમાં મહેમાનો માટેનો રૂમ હતો તેમાં રાત્રે તે રોકાય. સવારે ચા પાણી ન્હાવાનું પણ ત્યાં હતું. જમવાનું ઘણીવાર શ્રી વિઠ્ઠલભાઈ સાહેબના ત્યાં કરવાનું થાય. થોડા સમય પછી મકાન બનતા હું ત્યાં રહેવા ગયો. પછી તો થોડા વર્ષો પછી જશીબહેન અને રઘુદાદા પણ દિલ્હીથી મૈત્રી સોસાયટીમાં રહેવા આવ્યા. ત્યારપછી જશીબહેન મારા છોકરાઓ અને અમારા બધાનો મોટીબહેન વધારે ખ્યાલ રાખવા લાગ્યા અને જરૂર પડે મુશ્કેલીમાંથી નીકળવાનો ઉપાય પણ જણાવી આપતા. એકવાર હું ઈરાબહેન અને જશીબા ભાવનગર અને વડોદરા ગયા હતા. રસ્તામાં આવતી વખતે ટાઈમપસાર કરવા અમોએ અંતાક્ષરી રમવાનું રાખ્યું અમો ખૂબ સારી રીતે અંતાક્ષરી રમ્યા અને ખૂબ હસ્યા. તેટલામાં તો મૈત્રી સોસાયટી આવી ગઈ. ઈરાબહેન મારા ખૂબ વખાણ કર્યા. તેમણે કહ્યું કે

માધુભાઈ તમે તો ખૂબ સારા ગીતો ગાવ છો. અમને રસ્તામાં મજા પડી. આપણી સંગીત બિરાદરીનાં પણ જૂના ગીતો યાદ કરીને ગાયા. તે આજે પણ યાદ કરીએ છીએ. શ્રી ઈરાબહેને ઈન્દ્રજીતભાઈને જઈને આ વાત કરી. તેમણે પણ મારા ખૂબ વખાણ કર્યા. શ્રી ઈન્દ્રજીતભાઈ આજે પણ યાદ આવે છે. તેમનો હસમુખો ચહેરો, શાંત સ્વભાવ, પ્રેમપૂર્વક બોલવું વગેરે યાદ આવે છે.

એક વાર રઘુદાદાજી અને જસીબા હિંચકા પર બેઠા હતા ત્યારે દાદાજીએ મને બૂમ પાડી તેમની પાસે આવવા જણાવ્યું ત્યારે હું તેમની પાસે ગયો. ત્યારે દાદાએ મને જસીબહેન અને પોતાની વચ્ચે બેસાડ્યો. તેનાથી મને ખૂબ ડર લાગ્યો. છતાં જશીબહેનના લીધે મને થોડી હિંમત મળી. તેમણે મારા અને છોકરાઓને ભણવામાં કોઈ તકલીફ તો નથી. તેના સમાચાર લીધા. પછી તો તમારે કેટલી ઉંમર થઇ તેની વાતો કરવા લાગ્યા. ત્યારે શ્રી રઘુદાદાજીએ કહ્યું, આપણે તો સો વર્ષ પૂરા કરવાના છે. ત્યારે શ્રી જશીબહેને કહ્યું તમે હોય તો મારે પણ સો વર્ષ પૂરા કરવા જ પડે ત્યારે જશીબહેને કહ્યું કે, ‘માધુભાઈ તમારે પણ સો વર્ષ પૂરા કરવાના છે. મેં કહ્યું કે શ્રી સીતામાતા અને શ્રી પ્રભુરામશ્રી હોય ત્યાં માધુભાઈ હનુમાનજી તો હોય જ ને. આજે ખૂબ આનંદ છે કારણ કે તા. ૧૮-૧૧-૨૦૧૭ના રોજ શ્રી જસીબા સો વર્ષમાં પ્રવેશ્યા. ખૂબ આનંદની વાત છે તેમણે રઘુદાદાજીને આપેલું વચન પાળ્યું. તેઓનું આયુષ્ય ઘણું સુખદાયક અને તંદુરસ્ત રહે. જશીબહેન મારાથી મોટા હોવાથી હું તેમને કેટલીક વાર જશીબહેન કહેતો, કેટલીક વાર મોટી બહેન કહેતો, જશીબાની ઉંમર ૧૮-૧૧-૨૦૧૭ માં ૯૯ વર્ષની થઇ. તેમની સાથે મારી પણ ઉંમર ૧૯-૧૧-૨૦૧૭ માં ૭૬ વર્ષની થઇ. માટે જશીબા ગમે ત્યાં હોય ત્યાં જશીબાને હું ખૂબ યાદ કરું છું અને તેમના આશીર્વાદ લઉં છું. જો જશીબા પ્રશાંતભાઈની પાસે હોય તો તે પણ આશીર્વાદ મોકલે. જશીબા કહેતાં કે મારા આશીર્વાદ તો કાયમ તારા ઉપર હોય જ છે. મારી અને જશીબાની જન્મતારીખ દિવસનો એક જ દિવસનો ફરક છે. મને તો જશીબાને બે વાર પગે પડવાનો લહાવો મળતો રહે છે. શ્રી જશીબહેનને એમની ઉંમરના સો વર્ષ પૂરા થવાનાં છે છતાં પણ હજુ શરીરે અને બોલવામાં, સાંભળવામાં અને ચાલવામાં, યાદ રાખવામાં બરાબર છે. ઘરમાં પણ કોઈ તકલીફ નથી. અને આપણી બધી શાળામાં કોઈ કાર્યક્રમ હોય તો ટાઈમસર આવવાનું ભૂલતા નથી. તેમ અગાઉથી તેમની તૈયારી હોય છે. મિટિંગ હોય કે શાળાનો કાર્યક્રમ હોય તેમાં ટાઈમસર પહોંચવાનું ભૂલતા નથી. આટલી ઉંમરે પણ તેમને ટાઈમસર જમવાનું, ટાઈમસર સૂઈ જવાનું, સવારે ટાઈમસર ઊઠવાનું સવારે ચા-નાસ્તો પણ ટાઈમસર કરવાનો. હું તેઓ અમોને કહે કે તમે જમી લીધું હોય તો તમે આરામ કરો હવે મારે કંઈ કામ નથી. બપોરે ૪.૦૦ વાગ્યા સુધી ચા બનાવી આપશો. પછી કોઈ મહેમાન મળવા આવે તેમને માટે પણ ચા-નાસ્તાની વ્યવસ્થા કરજો. જો કોઈ મહેમાન આવે જેમ કે શ્રી જ્યોતિન્દ્રભાઈ સાહેબ, શ્રી સજુભાઈ સાહેબ, કોઈ મહેમાન શ્રી, તો ટાઈમ ક્યાં વીતી જતો તેની પણ ખબર ન રહે ? આવી રીતે દરેકની સાથે શાંતિથી અમે બધાં પ્રેમથી રહીએ છીએ.

શ્રી જશીબહેન એક શિક્ષક છે. પોતે શિક્ષિકા હોવાથી શિક્ષણમાં ખૂબ રચ્યા-પચ્યા રહેતાં. ઘણીવાર હું ત્યાં હોવ તો ત્યાં કોઈ તેમની પાસે શિક્ષણની કોઈ વાત કરવા આવે તો તેમને સારી રીતે સમજાવતાં અને નિરાકરણ કરી આપતા. શ્રી જશીબહેન કહેતાં કે સરસ્વતી માતા દરેક શિક્ષકની જીભ ઉપર વસેલી છે. ત્યારે તો આપણે શિક્ષકભાઈને જન્મ આપેલો છે. જેમ બાળકને તેની બા તેને બોલતું કરે છે તેમ આપણે બાળકને શિક્ષણ આપવું જોઈએ. જેથી તે શિક્ષણ મેળવી દેશની સેવા કરી શકે.

આવા જશીબહેનને મારા કોટિ કોટિ વંદન.

# ક્રાન્તદૃષ્ટા

**સ્વાતિ એન. પંડ્યા (જીવવિજ્ઞાન)**

જે. એન. બાલિકા વિદ્યાલય, સરસપુર. મો.: ૯૪૨૬૩૯૫૩૪૯

गुरुरादिरनादिश्च गुरुः परमदैवतम्।
गुरोः परतरंनास्ति तस्मै श्री गुरवे नमः ॥

શતાબ્દી વર્ષમાં પ્રવેશતા પ. પૂ. શ્રી જશીબહેનને જન્મદિવસના મારા પ્રણામ. ભગવદ્‌ગીતામાં કહ્યું છે કે - જે વ્યક્તિ પોતાની ફરજો કોઈપણ પ્રકારના લગાવ વગર, નિઃસ્વાર્થ ભાવે કરે અને તેનું ફળ ઈશ્વર પર છોડી દે એ વ્યક્તિને ક્યારેય કોઈ પાપ અડતું નથી. હરહંમેશ એનાથી દૂર જ રહે છે. મુ. શ્રી જશીબહેન ખરા અર્થમાં આવા એક કર્મયોગી છે.

મારી સાથેના અનુભવોને આધારે હું ચોક્કસ કહી શકું કે, મુ. શ્રી જશીબહેન એમના વિચારો થકી એક આગવી ઉચ્ચકોટિની જિંદગી જીવી રહ્યા છે. એમના મગજમાં રોપાયેલ વિચારરૂપી બીજ, આજે "ડૉ. રઘુભાઈ નાયક શિક્ષણ સંકુલ" નામનું અડીખમ વટવૃક્ષ બની આપણી નજર સમક્ષ પાંગરેલું જોવા મળી રહ્યું છે.

સંસ્થામાં કાર્ય કરનાર સૌ કોઈને સાથે લઈને કાર્ય કરવું, દરેકની ક્ષમતાને મુલવવી એ તેમની આગવી વિશેષતા છે. સૌ સાથેનો એમનો વ્યવહાર, નાની નાની વાતોનું ધ્યાન, સમજણશક્તિ આ બધુ જશીબહેન જેવી કોઈ વિરલ વ્યક્તિ જ કરી શકે. આ કોઈ નાની-સૂની વાત નથી. બહુ ગૂઢ વાત છે. નાનામાં નાની વ્યક્તિના માન,સન્માનનો પણ ખ્યાલ રાખે. ૯૯ વર્ષની વયે પણ યાદશક્તિ અદ્‌ભુત. દૃષ્ટિને બાદ કરતા તમામ જ્ઞાનેન્દ્રિયો સતેજ, સંગીત તો એમના જીવનનું એક અભિન્ન અંગ. કોઈપણ કાર્યક્રમમાં સંગીત તો પીરસાય જ. આતિથ્ય ભાવ તો ક્યારેય ન ભૂલે.

મુ. શ્રી જશીબહેન જ્યારે પણ અમદાવાદમાં સ્થિત હોય ત્યારે, મારે ઘરશાળાના લેખ લખવા બાબતે અવારનવાર એમને મળવાનું થાય. બહેનની વિનમ્રતાતો જૂઓ, જ્યારે પણ બહેનને લેખ લખવાનો હોય ત્યારે, તેઓશ્રી મને એમ પૂછે કે — "સ્વાતિબહેન, આપને અનુકૂળતા હોય તો આજે આપ આવશો ? તો આજે આપણે બેસીને જરા લેખ લખીએ." ક્યારેય અધિકારની રૂએ વાત કરી નથી. મને ક્યારેય પણ એવું લાગ્યું નથી કે હું મારી સંસ્થાના આદ્યસ્થાપકશ્રીના ઘેર આવી છું. ખૂબ આત્મીયતાનો અનુભવ મેં એમની સાથે કરેલો છે. લેખ લખાવે તો તદ્દન વાસ્તવિક જીવનની જ વાતો અને કથા તેમાં વણેલી હોય. જીવનના વિકાસની ગતિમાં યોગદાન આપનાર નાનામાં નાના વ્યક્તિને પણ મૂલવીને એમણે લેખ લખેલ છે. લેખનું લખાણ પણ બિલકુલ અનુસંધાનમાં જ લખાય. લેખ લખવાનું શરૂ કરીએ એટલે સવાથી દોઢેક કલાક જેટલો સમય સળંગ કાર્યરત રહે. કદાચ આપણા જીવનની તમામ વાતો આપણને પણ યાદ નહી હોય કે યાદ ના રાખી શકીએ. પરંતુ, બહેનને તો તેમના બાળપણની વાતો આજે પણ યાદ છે. મુ. શ્રી જશીબહેન તંત્રીસ્થાનેથી લેખ લખાવે ત્યારે તે ખૂબ જ સરળ ભાષામાં, જેથી કરીને નાનામાં નાનો વિદ્યાર્થી કે ઓછી સમજણશક્તિ ધરાવતા વાલીપણ એ લેખ વિશે સમજી શકે તેવી સરળ ભાષામાં લખાવે, સાથે એ વાત એવ પણ હોય કે તે જીવનમાં કાંઈક સંદેશ આપી જતી હોય.

(અનુસંધાન પૃષ્ઠ ૩૦ ઉપર)

# મોટી માસી - સંસ્મરણો

**પૂર્વી શુક્લા**

શ્રી જશીબહેન રઘુભાઈ નાયક એટલે મારા સૌથી મોટા માસી. શ્રી હરભાઈ ત્રિવેદીના કુટુંબના સૌથી વડીલ સભ્ય. અમે તેમને મોટામાસી કહીને બોલાવીએ.

હું જન્મી તે સમયનો એક પ્રસંગ યાદ આવે છે. જે મારી બાએ (શ્રી ઉષાબેન પટેલ) મને કહેલો. હું આઠથી દસ દિવસની હોઈશ અને મોટામાસી ભાવનગર આવેલા. તેમણે મને ખોળામાં લીધી પણ હું ખૂબ રડવા લાગી ત્યારે તેઓ જે ચા પીતા હતા તેમાંથી ચા-વાળી આંગળી કરી મને ચટાડી. હું રડતી રડતી શાંત થઈ ગઈ. બસ ત્યારથી આજદિન સુધી મને ચાનો ખૂબ ચસ્કો રહ્યો છે.

મોટામાસી પણ ચા-ના ખૂબ જ શોખીન. અમે જ્યારે તેમના ઘેર જઈએ અને થોડીવાર થાય કે તરત જ તેઓ બોલી ઉઠે કે ચાલો, હવે ચા પીશું ને ?

અમે પ્રાયમરી સ્કૂલમાં હતા ત્યારે ઉનાળાના વેકેશનમાં દિલ્હી જતા. મારા માસા-માસી અમારા માટે ઘણાં આયોજનો કરી રાખે. સવારે ઉઠીને કંઈક ઉત્પાદક કાર્ય કરવું એવો માસાનો સદાય આગ્રહ રહેતો. જેમાં શ્રમ, રમતો, વાંચન, અન્ય પ્રવૃત્તિનો સમાવેશ થતો. બપોરના ભોજન પછી બહાર ફરવા જવાનું અથવા મનમાં આવે તે કરવાનું. રાત્રિ ભોજન નીચે લોનમાં બેસીને જ લેવાનું. માસા-માસીને ગમે. જમ્યા પછી પોતે જમેલા વાસણો જાતે જ ધોવાનું કહેતા અને એ રીતે તેઓ અમને સ્વાવલંબનનો પાઠ શીખવતા. સિત્તેરના દાયકામાં એ સમયે પણ માસી એમ્બેસેડર કાર ચલાવતા.

તા. ૨૬ જાન્યુઆરી ૨૦૦૧ નો દિવસ તે કેમ ભૂલાય ? ગુજરાતમાં ધરતીકંપે તબાહી મચાવી. અમે તે સમયે નવરંગપુરાના ફ્લેટમાં રહેતા હતા. બંને બાળકો નાના હતા અને ધરતીકંપના સમયે ઘરમાં હતા. હું મારી શાળામાં ધ્વજવંદન કરવા ગયેલી. હું ઘેર ગઈ ત્યારે બંને બાળકો ખૂબ જ ડરી ગયેલા. ફ્લેટની દરેક વ્યક્તિ બહાર રસ્તા ઉપર હતી. મેં મોટામાસીને તરત જ ફોન કર્યો. માસીએ ફોન ઉપર તરત જ કહ્યું કે તમે સમય બગાડ્યા વિના અહીં આંબાવાડી અમારા મકાનમાં આવી જાવ. અમે તરત જ ત્યાં પહોંચી ગયા. તે ખૂબ કપરો કાળ હતો. માસા-માસી આ બંને બાળકોને શોકમાંથી બહાર લાવવા પ્રયત્ન કરતા હતા. અમે મોટા માસીના ઘેર લગભગ ૨૦થી ૨૩ દિવસ રહ્યા. ત્યાં બીજા પણ ઘણાં લોકો રહ્યા હતા. માસીએ મને ઘરનું સુકાન આપી દીધું. કહ્યું કે તું જ ઘરને સંભાળ. ઘરમાં કેટલાં દૂધ, શાકભાજી કે અન્ય વસ્તુ લાવવા તે તું જ નક્કી કર. બંને બાળકોને જે ભાવતાં હોય તે જમવાનું બનાવડાવ. તે સમયે અમે અનુભવ્યું કે વડીલ કોને કહેવાય. વડીલ કેવા હોવા જોઈએ. એક આદર્શ વડીલ તરીકે તેમણે તેમનો રોલ ભજવ્યો અને અમને ખૂબ સંભાળ્યા.

આજે ૧૮ મી નવેમ્બર ૨૦૧૭ના દિવસે માસી જ્યારે તેમના ૧૦૦ માં વર્ષમાં પ્રવેશ કરે છે ત્યારે તેમને અમારા ચારેય વતી શત્ શત્ વંદન. તેમનું માર્ગદર્શન આવતા વર્ષોમાં પણ અમને મળતું રહે તેવી પ્રભુ પ્રાર્થના.

મોટામાસી અભિનંદન અભિનંદન.<br>
જન્મદિનના અભિનંદન.<br>
તમે ખુશ રહો, આબાદ રહો,<br>
તમારી તબિયત સારી રહો.<br>
ફરી એક વખત વંદન સાથે અટકું.

# સંવેદનાની સરવાણી : શ્રી જશીબહેન

વનિતાબહેન જી. વાછાણી

જે. એન. બાલિકા વિદ્યાલય, સરસપુર, અમદાવાદ.

આજે રેતી-સિમેન્ટથી નિર્માણ પામેલી શાળાઓ જોઉં છું ત્યારે હું મારી જાતને ભાગ્યશાળી માનું છું કારણ કે હું એ શાળામાં કામ કરું છું જ્યાં ફક્ત સિમેન્ટના જંગલમાં ચાલતું શિક્ષણ નથી, પરંતુ સંવેદના અને માનવીય સંબંધોની પ્રાણ-પ્રતિષ્ઠા કરવામાં આવી છે, જેનો પાયો શ્રી રઘુભાઈ નાયકે અને શ્રી જશીબહેને નાખેલો છે. આજે પણ શિક્ષણને હૃદયની કેળવણીથી આપવું જોઈએ, તેમ માનતા અમારા જશીબહેનને હંમેશાં સરસ્વતીના બાળકોની ચિંતા કરતા જોયા છે. જ્યારે જ્યારે જશીબહેનને મળવાનું થાય છે ત્યારે-ત્યારે તે બાળકોની ચિંતા કરતા હોય તેવું આપણને લાગે. તેમની વાતોમાં તેમના જીવનના અનેક અનુભવો અને પ્રંસગો દ્વારા અમને કહે કે બાળક અંતે બાળક છે. આપણે તેને દરેક બાજુથી સમજવાનો પ્રયત્ન કરવો જોઈએ. વળી, બાળકો સાથે બાળકો જેવડા બનીને શીખવો. આમ કરશો તો તમે પણ તમારી જિંદગીને માણી શકશો.

તેમની દરેક વાતોમાં લાગણી, નમ્રતા અને સંવેદનશીલતા છલકાતી હોય, ભાષામાં એટલી ભીનાશ હોય કે સાંભળનારને પલળવું ગમે, ક્યારેય ઓર્ડર ના હોય, "આપણે આવું ના કરી શકીએ ?" આવું કરીએ તો કેવું સારું... એવું કહેતા જ સાંભળવા મળે.

તેઓ હંમેશાં કહે કે આપણી આસપાસ રમતાં, ગમતાં, હસતાં, ખેલતાં બધાં જ બાળકો તેજસ્વી તારલા જેવા છે, બાળકોના વિવિધ રસ, ગમા-અણગમા જાણીને તેને મનગમતી બાબતમાં (પ્રવૃત્તિ) આગળ વધવા માટેની પ્રેરણા અને પ્રોત્સાહન આપવાની આપણા સૌની ફરજ છે. આપણી પાસે આવતા બાળકોમાં કોઈ ભાવિ વડાપ્રધાન છે. તો કોઈ ભાવિ અભિનેતા છે. કોઈ ક્રિકેટર છે તો કોઈ સમાજ સેવક છે. કોઈ સુંદર નૃત્યકાર છે. તો કોઈ ગાયક અને વાદક છે. અનેક ક્ષેત્રોમાં બાળકમાં રહેલી વિશિષ્ટ શક્તિને બહાર લાવવાનું કામ આપણે સૌએ ભેગા મળીને કરવું જોઈએ. બાળકમાં રહેલી, છુપાયેલી શક્તિને શિક્ષક કઈ રીતે ઓળખી શકે ? જુદી જુદી પ્રવૃત્તિ દ્વારા બાળકની શક્તિને કેવી રીતે બહાર લાવી શકાય ? શ્રી જશીબહેન હંમેશાં માર્ગદર્શક અને પ્રોત્સાહક બની રહે છે.

"તોતો ચાંદ" પુસ્તક જયારે મેં વાંચ્યુ ત્યારે મનોમન જશીબહેનની સરખામણી આચાર્યા કુરોશીમા સાથે કરી બેઠી. કારણ કે જશીબહેને પણ દરેક બાળકની અંદર પડેલ સારપણને જોયું અને તેને માવજતની બહાર લાવવાનો પ્રયત્ન કર્યો છે.

તેમણે લખેલ દરેક પુસ્તક આખા શિક્ષણ જગત માટે પ્રેરણાદાયક છે. તે પુસ્તક "કાળી વાદળી ઊજળી કોર", "સ્મૃતિના અસવાર", "સ્મૃતિના ઝરણાં" હોય કે "સ્મરણયાત્રા" હોય...

એક સારા અને સાચા નાગરિક તરીકેનું ઘડતર ત્યારે જ થાય જો માણસનું હૃદય કેળવાયેલું હોય, સંવેદનશીલ હોય.


આવી સંવેદના જશીબહેનની આંખોમાં, વાણીમાં, અને વર્તનમાં હંમેશાં જોવા મળે છે. જેમ પાણીમાં ભીનાશ સમાયેલી છે, ચંદ્રમાં ચાંદની સમાયેલી છે તેમ જશીબહેનના જીવનમાં સંવેદનશીલતા વણાયેલી છે. એ સરવાણી સરસ્વતી વિદ્યામંડળ પરિવારના સૌ પર હંમેશા ઉતરતી રહે એવી પ્રભુને પ્રાર્થના.

શાળા અમારી એવી
જ્યાં સદા સંવેદનાની સરવાણી,
જેના ગણતરમાં ભરી છે.
નરી નમ્રતા, પ્રેમ, હૂંફની રાહબરી
ઝંઝાવાતો આવે અનેક એના રાહમાં,
છતાં શિક્ષણની દીવાદાંડી બની રાખે
સૌને શાનમાં...

# પુસ્તક પરિચય

## કાળી વાદળી ઉજળી કોર

ઠક્કર દૃષ્ટિ
૧૧ - ક, જે.એન. બાલિકા વિદ્યાલય




એક વાત્સલ્ય અધ્યાપિકાની અનુભવકથાને વર્ણવતી પુસ્તિકાનું વાંચન મેં કર્યું. જેનું નામ છે 'કાળી વાદળી ઉજળી કોર'. નામમાં જ તેમના પુસ્તકનાં શબ્દોની સૌંદર્યતા ઝળહળી ઉઠે છે. તેના લેખક છે જશીબહેન નાયક. શિક્ષણપ્રેમીઓને આ પુસ્તક વાંચવુ જ જોઈએ.

તેમા રહેલ વાર્તા કલ્પિત નથી. પરંતુ વિદ્યાર્થીને તેના વ્યવહાર, વર્તન, અભ્યાસ અને વિકાસ માટે રસ ધરાવતાં શિક્ષકનાં વિદ્યાર્થી સાથેનાં અભિગમની વાત છે. અરીસામાં આપણું પ્રતિબિંબ દેખાય તેમ વાર્તાઓ પરિવારોનું પ્રતિબિંબ ઉભું કરે છે. બાળકના જીવનને સમજવાનો એક નમ્ર પ્રયત્ન છે. વાર્તાઓમાં માનવીના અનાદિકાળથી રહેલી ઝંખના કે પોતાનું જીવન, જૂથ-જીવન, ઉત્તરોતર વધુ ઉન્નત, વધુ આનંદમય, વધુ અર્થપૂર્ણ બને. ઉભા થતા જટિલ પ્રશ્નો અને સુખદ ઉકેલ શોધવાના પ્રયત્નો અન્ય માટે દીવાદાંડી જેવા પથદર્શક પુરવાર થયા છે.

તેમા રહેલ સાત વાર્તાઓ જીવનના સપ્ત પગથિયાં દ્વારા સપ્તગુણનું સિંચન કરી ઉન્નતિના દ્વાર સુધી મોકલે છે. તેની પહેલી વાર્તા 'તર્પણ' દ્વારા જે જરૂરિયાતમંદ છે, જેને કોઈ મદદની જરૂર છે અને તે યોગ્ય લાયકાત કેળવે છે તો તેને માત્ર એક હાથનો સહારો આપવાથી પણ તે ઉંચે ગગન સુધી પહોંચી શકે, પ્રગતિની ટોચને સર કરી શકે.

બીજી વાર્તા છે 'મિલન - એક આચાર્યનું' જેમાં જગતમાં આપણે મોટાં થઈ ગયા તેથી અન્યને નીચા સમજી તેની સાથે અસભ્ય વર્તન કરીએ તો આપણે જ સૌથી નીચા છીએ. અને કોઈએ કંઈ દુષ્કૃત્ય કર્યું હોય તો તેણે તે ખરાબ કર્યું છે તેના બદલે તેણે તે શા માટે કર્યું હશે ? તે પ્રશ્નને વિચારી અને તેને પોતાની જાતની


ઓળખ આપવા માટેનો એક મોકો આપવો જોઈએ નહીં કે તેની બધી જ તકો છીનવી લેવી.

ત્રીજી વાર્તા છે એક શન્ટી નામના બાળકની. જે શીખવી જાય છે દરેક વ્યક્તિને જોવાના બે પાસાં છે. સારાં અને ખરાબ. જો તેને સારી રીતે પારખીએ અને તેની શક્તિને ઓળખી તેને તે દિશામાં વાળવા પ્રેમપૂર્વક કોશિશ કરીએ તો જરૂર તેમાં સફળતા મળે જ છે.

ચોથી અને પાંચમી વાર્તા છે 'એ તો અમારી અંજલિ ' અને 'કાળા વાદળની રૂપેરી કિનાર '. જેના દ્વારા એ બાબત જણાઇ કે કોઈની કમજોરીને મહામુસીબત ગણીને તેની તક ન છીનવી લેવી પણ તેનામાં કામ કરવા ઉત્સાહ કેળવાય તેવો આત્મવિશ્વાસ કેળવવો કે જેથી તે કમજોરીને જ તેની તાકાત બનાવી આગળ વધવા પ્રયત્ન કરે.

દરેક મા-બાપ માટે સીમાચિન્હ રૂપ અને નવી પ્રેરણા પૂરી પાડતી વાત 'મંથન હાર-જીતનું'. મા-બાપ ક્યારેય બાળકને તેની રસ-રુચિ વિરુદ્ધ કાર્ય કરવા દબાણ ન કરવું જોઈએ તેનાથી બાળક ઉંડી હતાશામાં સરી પડે છે. તેના જીવનમાંથી જ જાણે ઉત્સાહ ઉડી જાય છે.

સાતમી વાર્તા રંગભેદની નીતિને દૂર કરવાનું પ્રોત્સાહન પૂરું પાડે છે. માતા-પિતાએ કે અન્ય કોઈએ પણ બાળકોમાં કાળાં-ધોળાંનો ભેદ ન ઘુસાડવો. ખરેખર, આ સાતેય વાર્તાઓ શિક્ષણક્ષેત્રમાં એક મૂલ્યવાન ઉમેરો કરે છે. એમ અતિશયોક્તિ વિના કહી શકાય. આ વાર્તાસંગ્રહમાં રહેલાં માર્મિક પ્રસંગો માનવીય સંઘર્ષોમાંથી પરિણમતા મધુર માનવપ્રેમનો પરિચય કરાવી નવા વ્યવહારું માર્ગો ચીંધે છે.




## સ્મૃતિનાં અસવાર

**ડબગર સાક્ષી એન.**

**ધો - ૧૧ (ખ)** જે.એન. બાલિકા વિદ્યાલય

---

"સ્મૃતિનાં અસવાર" જશીબહેન નાયક લિખિત વાર્તા સંગ્રહમાંની તમે એક વાર્તા વાંચો તો તમને બીજી વાર્તાઓ પણ વાંચવાનું મન થાય. ખરેખર આ વાર્તાઓ નથી, પણ સમાજને લગતી કેટલીક વાતો છે.

આવી વાર્તાઓમાં ઘણીવાર એક વાત ખૂટતી હોય છે અને એ છે જીવનરસ. અહીં વાર્તાઓ અને તેના પાત્રો સત્યઘટના છે. આ પાત્રો આપણી આસપાસનાં વ્યક્તિઓ હોઈ શકે, આપણાં મિત્રો હોઈ શકે અથવા તો આપણાં સગા-સંબંધીઓ હોઈ શકે. ભાષામાં પાનેતરની પવિત્રતા અને ખાદીની સાદગી હોય છે.

આપણી જીવાતી જિંદગીમાં રોજબરોજ બનતી ઘટનાઓમાં ક્યારેક એવું આકર્ષણ હોય છે જે આપણા મનને તે તરફ ખેંચતી હોય છે કે જેના કારણે આપણને એ ઘટનાનું સત્ય ગમી જાય છે.

શ્રી જશીબહેને પોતાની કલમનો ઉપયોગ સાધન

તરીકે કર્યો છે. તેમણે મેળવેલા બહુમૂલ્ય રત્નોને આપણી સમક્ષ રજૂ કરવાનો આ પુસ્તક દ્વારા પ્રયત્ન કર્યો છે.

'મારા ખેતરની માટી' વાર્તામાં ધનિક લોકો જો દાન કરે તો તે કોઈ મોટી વાત નથી, કારણ કે તેમની પાસે બધું જ છે. જ્યારે કોઈ ગરીબ વ્યક્તિ કે જે પોતે જરૂરિયાતમંદ છે તે પોતાના ખેતરની માટી વેચીને પણ કોઈ સંસ્થાને દાન કરવા માંગે છે તે વાત મહત્વની છે.

'ઈંદરસિંગ' વાતમાં કેટલાક લોકો એવા પણ હોય છે જે પોતાનો જીવ જોખમમાં મૂકીને પણ બીજાની મદદ કરે છે. અહીં, આ વાત સરસ રીતે રજૂ કરવામાં આવી છે.


'માલી આયા ફૂલ લાયા' વાર્તામાં આપણે આપણું કામ પ્રામાણિકતાથી કરવું જોઈએ. આપણે આપણો સ્વભાવ પ્રેમાળ લાગણીશીલ બનાવવો જોઈએ. જે હૃદયસ્પર્શી વાત છે.

'કેથીની જીવનધારા' વાતમાં જ્યારે પોતાનાં જ પારકાં બની જાય છે ત્યારે કેટલું દુઃખ થાય છે તે રજૂ કર્યું છે. 'પ્રેમને માણતાં પણ શીખવો જોઈએ અને છોડતા પણ શીખવો જોઈએ.' - આ વાત કેથીનાં પાત્ર દ્વારા સરસ રીતે દર્શાવવામાં આવી છે.

'ચોથું સંતાન' વાર્તામાં પરિવારનાં સભ્યો વચ્ચે કેટલી લાગણીઓ છે તે દર્શાવ્યું છે. આ પરિવાર સમાજનાં લોકોને માર્ગદર્શન પૂરું પાડે છે.

"દીકરો કોણ ?" અને "વિજય ! રામ ન બની શક્યો" આ બંને વાતોમાં ' છોરૂ કછોરૂ થાય પણ માવતર કમાવતર ન થાય' એ કહેવતનો ચિતાર આ બંને વાતોમાં જોવા મળે છે. આ બંને વાતોમાં જેમને સહન કરવુ પડ્યું છે તે વડીલો તેમનાં સંતાનો માટે ક્યારેય કડવા વચનો બોલ્યાં નથી તે દર્શાવાયું છે.

અમારાં દાદીમા આજે જ્યારે ૧૦૦માં મંગલ વર્ષમાં પ્રવેશી રહ્યાં છે, ત્યારે અમે વિદ્યાર્થિનીઓ તેમણે આપેલ સંસ્કારોનાં વારસાને આગળ ધપાવતા રહીએ તેવા આશીર્વાદ તેમના તરફથી મળે તેવી અપેક્ષા રાખીને તેમને વંદન કરીએ છીએ.




## સ્મરણ પુષ્પ


**વાઘેલા ખુશાલી એસ**

ધો - ૧૨ (ખ) જે.એન. બાલિકા વિદ્યાલય


"સ્મરણ પુષ્પ" વાંચતા મને ઘણો આનંદ થયો. આ પુસ્તિકા આદરણીય શ્રી જશીબહેને લખી છે. તેમના ૧૦૦માં વર્ષમાં મંગલ પ્રવેશના નિમિત્તે મેં આ પુસ્તક વાંચી તેમાંથી થોડું લખવાનો પ્રયત્ન કર્યો છે. આ પુસ્તિકામાં જશીબહેને તેમનાં વિદ્યાર્થી જીવનનાં અનુભવો લખ્યાં છે.

તેમણે લખેલ ઘણી વાર્તાઓમાંથી મને "રેતીની રમત" વાર્તા વધારે ગમી. તેમાં શાળાના બાળકો વહેલા

શાળામાં જઈ ત્યાં પડેલા રેતીના ઢગલામાં કૂદાકૂદ કરતા મને આ જોઈ શ્રી જશીબહેનના પિતા તેમજ શાળાના આચાર્યશ્રી હરભાઈ પણ બાળકો સાથે બાળક બની તેઓ પણ રેતીના ઢગલામાં કૂદકા મારી બાળકોને ખુશ ખુશાલ કરી દીધા. પછી તો પૂછવું જ શું ? બાળકોને ભાવનગરનાં તળાજા પાસે આવેલ એક સ્થળ જ્યાં આવા જ ડુંગરા અને રેતીના ઢગ છે, ત્યાં લઈ જવા વિજ્ઞાન શિક્ષક મહેન્દ્રભાઈને કહ્યું અને તે પછીના રવિવારનાં દિવસે સવારે છ વાગ્યે સૌ વિદ્યાર્થીઓ નીકળી ત્યાં તે સ્થળે પહોંચી ગયા અને રસ્તામાં એક ઝૂંપડીમાં રહેતા માડી સાથેની વાતચીત તેમનો સ્વભાવ જોઈ સૌને આનંદ થયો. ત્યાં માડીને ઘેર ચ્હા-પાણી પીધા પછી ડુંગરે પહોંચ્યા અને આમ, રમતાં રમતાં સાંજ પડી અને સૌ ઘેર પાછાં ફર્યાં. આમ, શિક્ષક અને બાળકો વચ્ચે મિત્રતા ભર્યા પ્રેમ, હૂંફની લાગણી વણાયેલી જોવા મળે છે.

"નાથાભાઈની વાડી"માં જમરૂખની વાત કરી છે. હરભાઈએ તેમના મિત્ર નાથાભાઈની વાડીમાં બાળકોને લઈ જવાનું નક્કી કર્યું અને સૌ ત્યાં ગયા પછી પેટ ભરીને જમરૂખ ખાધા. તેમની વાડી જોઈ બાળકો ખૂબ ખુશ થઈ ગયાં. વાર્તામાં હરભાઈનો બાળકો પ્રત્યેનો પ્રેમ દર્શાવેલો છે. તેઓ હંમેશા કહેતા કે," આ ઉગતા યુવાનોને આપણે જેટલો પ્રેમ આપી શકીએ એનાથી વધારે પ્રેમ આપણને મળે છે." વિદ્યાર્થીના મિત્ર બનો, વિદ્યાર્થી પણ તમારા મિત્ર બની રહેશે. એટલે પ્રેમ એ જ એક શિક્ષક માટે સત્ય છે.

"ઘોઘાનો દરિયાકિનારો" વાતમાં દરિયાની મજા માણવાની કેવી મજા પડી તેના વિશે વર્ણન કર્યું છે. ભાવનગરની નજીક ઘોઘા નામનું એક ગામ છે. જ્યાં સરસ દરિયાકાંઠો, ત્યાં બાળકો તેમના વિજ્ઞાન શિક્ષક સાથે ગયા હતા. ત્યાં ભરતી અને ઓટનું દશ્ય જોઈ તેઓ હસતાં હસતાં ભાવનગર પાછા આવ્યાં હતા. આજે પણ જ્યારે જશીબહેન તે રસ્તેથી નીકળે છે કે કોઈ બીજા દરિયાકાંઠે જાય છે ત્યારે એ બધાંની આગળ પેલાં જ્યાં છીપલાં વીણવાની મજા પડી તે ઘોઘાનો દરિયાકાંઠો અને તેની સુંદરતા સ્મરણમાં આવીને ઊભા રહે છે.

"બોર તળાવ" વાર્તામાં વિજ્ઞાન શિક્ષક ભાવનગરનાં સ્થાનિક સ્થળોની મુલાકાત લઈ જવાનો શોખ ધરાવતા એ સ્થળ જોતા જ ખૂબ આનંદ આવી ગયો. તે વિશાળ સ્થળ જાણે અમારા વિજ્ઞાનનો વર્ગ હોય. એવી જગ્યાએ વારંવાર જવાનું મન થાય. ત્યાં પાળી ઉપર બેઠાં બેઠાં તળાવનાં પાણીનો ધોધ પડતો હતો, તે જોવાની ખૂબ મજા પડતી. ઉપરથી પડતું સફેદ પાણી નીચે પડી અને પછી એનો રંગ બદલાઈ જાય અને બાંધેલા માર્ગથી એ આગળ જવા માંડે તે આખું ઘર દશ્ય જોઈ ચિતકારે સુંદર ચિત્ર જોયું હોય તેવું લાગતું.

"વિકટોરિયા પાર્કની" વાર્તામાં બાળપણમાં મિત્રો સાથે ફરવા જવાની મજા આવતી હતી. વિકટોરિયા પાર્કની સુંદરતા તો અદ્‌ભુત છે. પાર્કમાં જોયેલી વનસ્પતિ, હરણાં, સસલાને યાદ કરતા ઘેર પહોંચેલા. તે દિવસે ઘર પર અમે સૌ એ વિકટોરિયા પાર્કની વાતો જ કર્યા કરી.

આ પુસ્તિકાના અંતમાં તેમણે રચિત કાવ્ય જે મને ખૂબ ગમી તે છે,

વાંચી રહી'તી પંક્તિઓ
એક કવિની કવિતાની
" હું માનવી માનવ બનું તો ઘણું "
પંક્તિઓ પૂરી થતા થતા તો,
બની એક છબી દશ્યમાન
શ્વેત વસ્ત્રે પહાડ સરખા ગુરુ ઊભાં.

# સ્મૃતિ ઝરણાં

**આસોડિયા સ્મિતી**
ધો.૧૧-ખ, જે.એન. બાલિકા વિદ્યાલય


અહીં મને લખતા આનંદ થાય છે કે મુ.શ્રી જશીબહેને લખેલ પુસ્તક "સ્મૃતિ ઝરણાં"એ શિક્ષણ જગતના સૌ કોઈને માટે રસપ્રદ વાંચન સામગ્રી છે. તેમાં સામાજિક જવાબદારી, માતાનો બાળક પ્રત્યેનો પ્રેમ, જીવનના મૂલ્યો વગેરે બાબતને વણી લેવામાં આવે છે.

આ વાર્તાઓમાં કેટલીક વાર્તાઓ મુ.શ્રી જશીબહેનના જીવન સાથે સંકળાયેલ પ્રસંગની વાતો છે. આ સત્યકથાઓમાં સૌ કોઈને કૌટુંબિક વ્યવહાર, આચાર-વિચાર અંગે જાણવા તથા તેને સમજવા મળે છે.

પ્રારંભિક વાર્તાઓમાં માતૃપ્રેમ, માની બાળકો પ્રત્યેની લાગણી તથા અનુકંપા, માતા-પિતાએ દિનરાત એક કરીને પોતાના દીકરાને વિદેશ ભણવા મોકલ્યો, લગ્ન કર્યા પછી દીકરો માને પત્ર પણ ન લખે તેમ છતાં મા તેના પરદેશથી આવેલા મિત્રને તેની ખબર અંતર પૂછે છે કારણ કે એ મા છે.

'નિર્મળા દાદી બની' વાર્તામાં એક સ્ત્રી કઈ રીતે સમાજને મદદ કરી શકે છે અને સ્ત્રી તરીકેની ભૂમિકા કેવી હોવી જોઈએ એ બતાવ્યું છે.

"આખરે રવિએ દીકરાને ઓળખ્યો" વાર્તામાં ભરતને પર્વતારોહણની પ્રવૃત્તિમાં ભાગ લેવા માટે તેના પિતા રોકે છે અને જ્યારે પિતા નથી જવા દેતા, ત્યારે ભરત ઘર છોડીને પર્વતારોહણ પ્રવૃતિમાં જોડાઈ જાય છે જ્યારે ભરતની માતાને ભરત વગર ચાલતું નથી ત્યારે તેના પિતાને પોતાની ભૂલ સમજાય છે અને તે પોતાના પુત્રને ઘેર પાછો લાવવા માંગે છે અને અંતમાં ભરત મળે છે અને તે પોતાના ઘરે પાછો જાય છે આ વાર્તામાંથી બાળ-સ્વાતંત્ર્ય અને બાળક સાથે વડીલોનું કેવું વર્તન હોવું જોઈએ તે દર્શાવ્યું છે.




'પથિક તારે વિસામાના દૂર દૂર આરા' આ વાર્તામાં દીકરી અને પિતા વચ્ચેનો સંબંધ આપેલો છે. જ્યારે પિતા મૃત્યુ પામે છે ત્યારે દીકરીને માટે બધું જ જગત શૂન્ય થઈ ગયેલું લાગે છે અને થોડા સમય બાદ તેની મા ફરીથી લગ્ન કરે છે અને તેની મા તેની દીકરીના લગ્ન કરાવી દે છે. પણ દીકરીને પોતાના પિતા યાદ આવ્યા કરે છે અને જ્યારે તેના પિતા મરી જાય છે અને સાવકા પિતા તે દીકરીને સાચવે છે ત્યારે દીકરીને એમ થાય છે કે, ભગવાને મને મારા પિતા પાછા આપ્યા છે. આ વાર્તામાં પિતા અને દીકરી વચ્ચેનો પ્રેમભાવ, એકબીજા પ્રત્યેની લાગણી આબેહૂબ વ્યક્ત થાય છે.

'માની મમતા', 'અવિસ્મરણીય સ્મરણો', 'મીઠીમાં' આ વાર્તામાં મા.મુ.શ્રી જશીબહેન એ પોતાના જીવનમાં જોયેલા પ્રસંગો તથા ઘટનાઓ પર આધારિત છે. તેમા મા પોતાના દીકરાને પોતાના જીવથી પણ વધારે સાચવે છે તે પોતે પેટે પાટા બાંધીને પોતાના છોકરાઓને ભણાવે છે અને દીકરો મૃત્યુ પામ્યો હોવા છતાં માને એમ જ લાગે છે કે મારો દીકરો હજુ પણ આ દુનિયામાં છે આમ, આ ત્રણેય વાર્તામાં 'મા' ને કેન્દ્રમાં રાખીને તેમના જીવનને દર્શાવ્યું છે અને 'મા' ની મહાનતાના દર્શન કરાવે છે.

**એક નયા ઈતિહાસ રચે હમ...**

(તા. ૧૮ નવેમ્બર ૨૦૧૭) જન્મદીન નિમિત્તે મારા ઉરનો આનંદ ઉછાળા મારે છે. તેમની સાથે કામ કરવાનું સાંનિધ્ય તો મળ્યું છે. હું સદનસીબ છું. મારું ઘડતર થયું છે. કળિયુગમાં પવિત્રતાથી કામ કરનારા જૂજ સંખ્યાઓમાંથી આ એક છે. તેમણે પ્રજ્વલિત કરેલી શૈક્ષણિક મશાલ ઝગમગતી રહે. બહેનની તંદુરસ્તી શુભેચ્છા સહ મારી હૃદય વંદના છે. "કૃપતિ સદાય મંગલમ્".

સરસપુર મારી જન્મભૂમિ છે. મારું વતન છે. મારું હાલનું નિવાસસ્થાન છે. અમદાવાદ પૂર્વને સમૃદ્ધ અને સંસ્કારિત કરવામાં રઘુભાઈ, જશીબહેન નાયક નો સિંહફાળો છે. તેમના પરિવારના પ્રશાંતભાઈ, ગીતાબહેન, ઈરાબહેન, મૃદુલાબહેન, આકાશ અને ઉષાબહેને આપેલ આ જીવનયાત્રામાં સહકાર સૌજન્યને અભિનંદન. સ્મૃતિપટ પર સચવાયેલ સ્મૃતિને યાદ કરી ફળક્ષતા વ્યક્ત કરું છું. તેમણે મૂકેલી તરોતાજાં સંસ્થાઓ સમાજમાં મોજૂદ છે. નિષ્ઠાવંત વ્યક્તિ આક્રોશ જીવંત છે. "આવી વ્યક્તિઓ યુગાંતરમાં પરિવર્તન સર્જે છે, પુનરાવર્તન નહિ.

**મુ. શ્રી જશીબહેન નાયકને ૧૦૦ સલામ સાથે**

રાખીએ.

અમારા બન્નેના આશ્ચર્ય વચ્ચે મુ. શ્રી. જશીબહેન બોલ્યા કે, ના, ના, અશોકભાઈ. તમને મેં આજે બોલાવ્યા છે એટલે હું મારી ફરજથી દૂર નહિ ભાગું કે કામ પણ અધૂરું નહિ રાખું. કામ શરૂ કરીશું એટલે આપોઆપ મને સારું લાગવા માંડશે.

આપણે ક્યારેય ફરજથી દૂર ભાગવું નહિ કે ફરજના આપણા કામના કલાકમાં કાપકૂપ કરવો નહિ. સરસ રીતે અને સમયસર ફરજ આપણે બજાવવી જ જોઈએ.

મારી સાથે આવેલા ભાઈ બહેનની આ વાત સાંભળી દંગ રહી ગયા. તેમણે બહેનને પ્રણામ કર્યા. તમને આટલો બધો તાવ હોવા છતાં તમે કામને પ્રિય ગણો છો અને અમે ? કામચોરીમાં રચ્યા પચ્યા રહીએ છીએ. ગુણવત્તાવાળું કામ થાય તેની ચિંતા જ કરતા નથી.

"મુ. શ્રી જશીબહેન આજથી હું નિયમ લઉં છું કે હું સમયસર ઑફિસમાં જઈશ અને મારી ફરજ નિષ્ઠાપૂર્વક બજાવીશ એટલું જ નહિ મારા આખા વિભાગને તેમ કરવા હું પ્રેરીશ. "પગાર લઈ કામ ન કરવું તે બહુ મોટો ગુનો છે."

આજે આ ભાઈ ખૂબ જ સુખદ પળો સાથે એના કાર્યાલયમાં કામને આનંદ માને છે અને પોતાની સેવા બજાવે છે અને તેનો વિભાગ પણ તેના આવા વર્તનથી પ્રભાવિત થઈ પૂરેપૂરા કામને સમર્પિત થઈ નોકરી કરે છે.

અમારા બંનેની આંખમાં આંસુ હતા. એ ભાઈએ પૂરી પ્રસન્નતાથી અને જીવનમાં કંઈક મેળવ્યાના આનંદ સાથે ત્યાંથી વિદાય લીધી.

તેમના ગયા પછી અમે અમારું લેખ લખવાનું કામ સંપૂર્ણ કર્યું.

**'આપનો અતૂટ વિશ્વાસ બની અમારી તાકાત '**

વાસ્તવિકતાઓ એમાં જ સમાયેલી છે.

એમાં વિકાસનું વરદાન છે, કર્મનું તાદાત્મ્ય છે અને સિદ્ધિનો વૈભવ છે.

ભૂત સપનું છે અને ભવિષ્ય કલ્પના. આજના સુખદ વર્તમાનથી આવવાવાળી કાલ આશામય બનાવી જાય છે.

આથી આજનું સ્વાગત કરો, આપના હવેના રહેલા જીવનને પ્રકાશમય બનાવી દેશે.

અંતમાં

મારે એટલું જ કહેવાનું છે,

"આપે ઉત્તમ જીવી જાણ્યું છે.

આપે હજારોને પ્રેરણા આપી છે.

આપના હવેના તંદુરસ્તીભર્યા જીવન માટે પરમાત્માને મારી પ્રાર્થના છે."

# આપણે બે એકલા શું કરી શકીએ ?



દરેક બાળકમાં, દરેક યુવાનમાં અનેક અદ્‌ભુત શક્તિઓ છૂપાયેલી હોય છે. એ શક્તિઓને બહાર લાવીને, યોગ્ય રીતે વાળવાનું અને વિકસાવવાનું કામ શિક્ષકોનું છે અને એ જ મહત્ત્વનું. બાળકોના સર્વાંગી વિકાસ તરફ જ વધારે ધ્યાન આપવું એવો દૃઢ નિશ્ચય કરીને અમલમાં મૂકવાનું કાર્ય શિક્ષક જ કરે. બાળ-વિકાસ માટે અનુકૂળ સંયોગો ઊભા કરવામાં જલદી કાર્યરત બનવું એ જ સાચો શિક્ષક ધર્મ છે.

જીવનની સાથે સંકળાયેલી બધીયે બાજુઓનો સામનો તેઓ કરી શકે એ શિખવવાનું કામ આપણું છે. બગીચામાંના નાના છોડને જેવી કાળજીથી આપણે ઉછેરીએ છીએ એવી જ કાળજી, મન અને હૃદયવાળા બાળકો માટે રાખવાનું કામ એ ફરજ આપણા શિક્ષકોની છે.

ભાવિ જીવનમાં ઊભા થતાં દરેક પ્રશ્નો વિશે થોડી તૈયારી કરાવવી, થોડી સમજણ ઊભી કરવી, અને જીવનનું ભાથું બંધાવવું એ પાઠો પરીક્ષા કરતાંયે વધારે અગત્યના છે.

જશીબેન નાયક

Registered under RNI No. GUJ GUJ / 1976 / 33936. Permitted to post at Ahmedabad PSO on the 2nd of every month under Postal Registration No. GAMC - 1550/2016-2018 Valid upto 31st December 2018
ઘરશાળા ● નવેમ્બર-ડિસેમ્બર ૨૦૧૭ PUBLICATION : 2ND DATE OF MONTH છૂટક કિંમત : રૂ. ૨૦/-● વાર્ષિક લવાજમઃ રૂ. ૧૫૦/-

# વ્હાલી બા...

૧૦૦માં વર્ષમાં મંગલ પ્રવેશની શુભેચ્છા...



તને શું મોકલુ, બા ?
તને ગમે એવું શું શોધું ?
કોઈ સંગીત ગમે તેવું ?
કોઈ ચોપડી ગમે તેવી ?
કોઈ ચિત્ર ગમે તેવું ?
કોઈ મીઠાઈ ભાવે તેવી ?
કે ચોકટેલ ગમે એવી ?
ટ્હા માટે એક કપ નવો ?
કે ગાઉન ગમે નવો તેવો ?
હા, મોકલું કપડું તો કેવું ?
અથવા તો નવું સ્વેટર એક ?

ખૂબ વિચાર કર્યા.....
કંઈ સૂજ જ ન પડી....
દિવસો વિચાર કર્યા પછી...
એમ થયું...
મારી વ્હાલી બા ને તો...
ખૂબ વ્હાલ જ મોકલું !
સાથે મારા ઘણા પ્રણામ !
જલદી મળીશું તેવી આશા
સાથે બેસી જમીશું તેવી અભિલાષા !
ભેગા રહી કરીશું વાતોના ઢગલા
વાંચીશુ, ચર્ચીશુ, હસીશું !
ખાઈશું, પીશું, હિંચકો માણશું
સ્કૂલમાં જઈશું, ત્યાં પણ વાતો કરીશું !
કાર્યક્રમો સર્જિશું, પછી જોવા જઈશું
હજી તો કેટલુંય સાથે કરવું છે.
સમય આવતા બધુંય માણશું !

તારી દિકરી ઈરા

માલિક : સરસ્વતી વિદ્યામંડળ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. ફોન : ૨૨૯૨૦૫૩૭
મુદ્રક, પ્રકાશક અને તંત્રી : જ્યોતીન્દ્રભાઈ દવે એ શ્રી ભગવતી પ્રિન્ટર્સ,
૭૯૭, કડિયાવાડ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. ફોન : ૯૮૨૫૭૫૨૪૩૭માં પ્રકાશિત કર્યું.